# સને ૨૦૧૫–૧૬
# જુલાઈ થી સપ્ટેંબર

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૫<br>તા.૨૦/૦૫/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોસા જીગીશભાઈ રણછોડભાઈ ની તા.૦૮/૦૪/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજીથી લંબે હનુમાન યુનિટ વી.બી.ડી.સી વિભાગમાં ફરજ બજાવતાં કોન્ટ્રાકટ બેઈઝમાં સોસા જીગીશભાઈ રણછોડભાઈ જાન્યુ–૨૦૧૪ થી માર્ચ–૨૦૧૫ આમ લગભગ એક વર્ષ ઉપરથી ફરજ બજાવતાં હતા તે એક વર્ષ સમયગાળાની હાજરી પત્રકની નકલ તથા ચુકવેલ પગારની પત્રકની નકલની અંગે માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૧<br>તા.૧૬/૦૭/૨૦૧૫ |
| ૬<br>તા.૩૦/૦૬/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫/૦૫/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી.નં.૧૨૪) થી શ્રીમતી અરૂણાબેન પટેલ અનુભવી એક્ષ્પર્ટ RCHO નો ચાર્જ પરત લઈ ડો.પ્રકાશ પટેલ જેમનું RCHO માં અનુભવ ઓછો હોવા છતાં ડો.પ્રકાશને ચાર્જ સોંપવા વિગેરે બાબતેની માહિતી  આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૦<br>તા.૨૧/૦૮/૨૦૧૫ |
| ૭<br>તા.૦૭/૦૭/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલાની આરટીઆઈની તા.૨૧/૦૫/૧૫ (આઈ.ડી.નં.૪૧૪)ની અરજીથી મ્યુ.કર્મચારીઓ, પેન્શનરો, કોર્પોરેટરશ્રીઓ, માજી. કોર્પોરેટરશ્રી ઓ વિગેરેના મેડીકલ રીઈમ્બર્સમેન્ટ ચુકવવા માટેના નિયમો, શરતોની વિગત અને તે ચુકવવાની સત્તા કોને કોને અને કેટકેટલા રકમની છે વિગેરે બાબતની કુલ–૦૩ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૨<br>તા.૨૪/૦૭/૨૦૧૫ |
| ૮<br>તા.૦૯/૦૭/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલાની તા.૨૧/૦૫/૧૫ (આઈ.ડી.નં. ૪૧૩) ની અરજીથી રખડતા કુતરાઓના ત્રાસ માંથી મુકત કરવાની જવાબદારી કયા વિભાગની છે તથા બર્થ કટ્રોલ એકટ–૨૦૦૧ કામગીરી થાય છે તે કાયદાની કઈ સત્તા મુજબ એસ.એમ.સી. કામ કરે છે  વિગેરેની મુદ્દાઓની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૬<br>તા.૩૦/૦૭/૨૦૧૫ |
| ૯<br>તા.૦૯/૦૭/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલાની તા.૨૦/૦૫/૧૫ (આઈ.ડી.નં. ૪૦૬)ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા બાયોમેડીકલ વેસ્ટના નિકાલ અર્થે નકકી કરેલ ઈજારદારનું નામ તથા સરનામા વિગેરે બાબતે કુલ–૧૦ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૩<br>તા.૨૮/૦૭/૨૦૧૫ |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
| --- | --- | --- |
| ૧૦<br>તા.૨૯/૦૭/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીત જી ગાંધીની તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૭૨૦) ની અરજી ની અરજીથી અરજીથી સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૬૯/૨૦૧૩ અને ઠરાવ નં.૪૨૮/૨૦૧૩ ના વિરૂઘ્ધમાં હાઈકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીસન નં.૧૫૮/૨૦૧૩ ના જવાબમાં હાઈકોર્ટની ડીવીઝન બેંચ–અ તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ આપેલ ચુકાદા વિગેરેની સંપુર્ણ માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૦<br>તા.૧૧/૦૯/૨૦૧૫ |
| ૧૧<br>તા.૨૯/૦૭/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીત જી ગાંધીની તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૭૨૧) ની અરજીથી સુરત મહાનગરપાલિકાની બોર્ડ સભામાં આપશ્રીએ " ત્રણ વર્ષમાં ૧૦,૦૦૦ કુતરાઓનું ખસીકરણ " નો રીપોર્ટ આપ્યો છે. આ સંદર્ભમાં આ રીપોર્ટ જે આધાર ઉપર રજુ કર્યો છે તેની આધારભુત રેકર્ડની નકલો વિગેરે બાબતની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૧<br>તા.૧૧/૦૯/૨૦૧૫ |
| ૧૨<br>તા.૦૭/૦૮/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ સંજય આર મિશ્રાની આરટીઆઈની તા.૩૦/૦૬/૧૫ (આઈ.ડી.નં. ૧૫૩) ની અરજીથી એકતા બેકરી નામની સંસ્થાને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ– ૨૦૦૬ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોય તો તેની નકલ આપવા,જો મુદ્દા નં.૧ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોય તો એ મેળવવા માટે જે અરજી મળેલ હતી તેની નકલ વિગેરે બાબતની | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૧<br>તા૨૧/૦૮/૨૦૧૫ |
| ૧૩<br>તા.૨૦/૦૮/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીત જી ગાંધીની તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૭૩૨) ની અરજી થી માસ વાર, જાતિ પ્રમાણે પશુ કતલની સંખ્યા આપવી., માસ વાર, જાતિ વાર પશુ કતલ માટે મેળવાયેલી ફી ની રકમના આંકડા આપવા , ગુજરાત રાજય પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ ધ્વારા મેળવાયેલી પરવાનગીની નકલ વિગેરે બાબતની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૩<br>તા.૧૧/૦૯/૨૦૧૫ |
| ૧૪<br>તા.૨૦/૦૮/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીત જી ગાંધીની તા.૨૯/૦૬/૧૫(આઈ.ડી.નં.૭૨૮)સદર અરજી થી નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫,૨૦૧૫–૧૬ દરમ્યાન એ.બી.સી. ડોગ્સ રૂલ્સ ૨૦૦૧ અંતર્ગત નિમાયેલી મોનેટરીંગ સમિતિનું ઓફિસિયલ મેમોરેન્ડમની નકલ વિગેરે બાબતની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૨<br>તા.૧૧/૦૯/૨૦૧૫ |
| ૧૫<br>તા.૨૦/૦૮/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીત જી ગાંધીની તા.૨૦/૦૭/૧૫(આઈ.ડી.નં.૯૪૩) ની અરજીથી સદર અરજીથી વર્ષ ૨૦૧૩–૧૪ , ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ દરમ્યાન સુરત મ.ન.પા.ના કતલખાના ખસેડવા માટે મળેલ અરજીઓ અને થયેલ પ્રવૃત્તિઓ તેમજ લેવાયેલા નિર્ણયોની નકલ વિગેરે બાબતની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૪<br>તા.૧૧/૦૯/૨૦૧૫ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/07/2015. Dt.20/05/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :— શ્રી સોસા જીગીશભાઈ રણછોડભાઈ.

સામાવાળા :— જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી) વિભાગ,
સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૮/૦૪/૧૫ ની આરટીઆઈ એકટ—૨૦૦૫ હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી (વરાછા ઝોન) ના પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ/૭૩ તા.૧૬/૦૪/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી) વિભાગને અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી લંબે હનુમાન યુનિટ વી.બી.ડી.સી વિભાગમાં ફરજ બજાવતાં કોન્ટ્રાકટ બેઈઝમાં સોસા જીગીશભાઈ રણછોડભાઈ જાન્યુ—૨૦૧૪ થી માર્ચ—૨૦૧૫ આમ લગભગ એક વર્ષ ઉપરથી ફરજ બજાવતાં હતા તે એક વર્ષ સમયગાળાની હાજરી પત્રકની નકલ તથા ચુકવેલ પગારની પત્રકની નકલની માંગણી કરેલ હતી.ઉકત અરજીનાં મુદ્દાઓ બાબતની માહિતી ત્રીસ દિવસ પુર્ણ થયા હોવા છતા મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ ડો.જયસુખભાઈ વાગડીયા, આસી.જંતુનાશક અધિકારીશ્રી, વી.બી.ડી.સી. વિભાગ, ઈસ્ટ ઝોન, લંબેહનુમાન યુનીટ, સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને તા.૧૧/૦૫/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અરજી ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી)વિભાગ તરફથી અત્રેના વિભાગને તા.૨૦/૦૫/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે અરજદારને તેઓની આરટીઆઈ અરજી પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન—૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/ અપીલ/૧૧ તા.૨૦/૦૫/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.) વિભાગને જણાવવામાં આવેલ હતું, અપીલ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.) વિભાગ તરફથી પત્ર જાવક નં.પીએચડી/આઈઓ/૨૯૯ તા.૧૮/૦૫/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે. અરજદારશ્રીની ઉકત અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૧૯૬ તા.૦૫/૦૫/૧૫ થી અરજદારે લંબે હનુમાન યુનિટ વી.બી.ડી.સી વિભાગમાં જાન્યુ—૨૦૧૪ થી માર્ચ—૨૦૧૫ સુધી કોન્ટ્રાકટ બેઈઝમાં બજાવેલ ફરજની માહિતી કુલ—૧૪ પાનામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા કરારીય ધોરણે રોકવામાં આવેલ સર્વેલન્સ વર્કરોને વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કોઈપણ પ્રકારના પગારની સીધી ચુકવણી કરવામાં આવતી ન હોવાની પુર્તતા કરવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૫ તા.૦૧/૦૬/૧૫ થી તા.૧૧/૦૬/૧૫ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૨૧ તા.૨૦/૦૬/૧૫ થી તા.૨૬/૦૬/૧૫ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે ઈ.ચા.આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા રહેવા જણાવવામાં આવેલ હતું. પરંતુ ઉકત બન્ને દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી તેઓને પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૨૨ તા.૦૧/૦૭/૧૫ થી તા.૧૦/૦૭/૧૫ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ઉકત સ્થળે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા વી.બી.ડી.સી વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી વતી સીની.કલાર્ક હાજર રહેલ હતાં. અરજદારે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.) વિભાગ તરફથી તેઓની આરટીઆઈની અરજી પરત્વેની લાગત મુદ્દાઓ પરત્વેની તમામ માહિતી અમોને મળેલ હોય વધુ કોઈ વિશેષ માહિતીની જરૂર રહેતી ન હોવાનું જણાવેલ છે.

## —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી (વી.બી.ડી.સી.) વિભાગ વતી સીની.કલાર્ક ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮/૦૪/૧૫ની અરજીનાં મુદ્દા બાબતે આરોગ્ય ખાતા હસ્તકના વી.બી.ડી.સી. વિભાગના જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી તરફથી દફતરી હકીકતલક્ષી ઉપલબ્ધ તમામ માહિતી અરજદારને મળેલ હોવાનું જણાય છે તથા અરજદાર ધ્વારા મળેલ માહિતીથી સંતોષ વ્યકત કરેલ હોય તેમજ તેઓની અપીલ અરજી અંગેની વધારાની કોઈ માહિતીની જરૂર ન હોવાનું જણાવેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૭/૨૦૧૫

ડે.કમિશનર (હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/12/2015. Dt.30/06/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧) શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૫/૦૫/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી.નં.૧૨૪) થી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પિટલ) ના પત્ર નં.સ્મીમેર/હો./આ.નં./૧૧૨૪ તા.૦૩/૦૬/૧૫ થી અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી શ્રીમતી અરૂણાબેન પટેલ અનુભવી એક્ષ્પર્ટ RCHO નો ચાર્જ પરત લઈ ડો.પ્રકાશ પટેલ જેમનું RCHO માં અનુભવ ઓછો હોવા છતાં ડો.પ્રકાશને ચાર્જ સોંપવા વિગેરે બાબતેની માહિતીની માંગણી કરેલ હતી. ઉકત અરજીનાં મુદ્દાઓ બાબતે આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નમૂનો 'ક' ના પ્રતિભાવમાં બોગસ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાવી નારાજ થઈ મે.કમિશનરશ્રી, ડે.કમિશનર (હેલ્થ) તથા ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ સુરત મહાનગર પાલિકાને ઉદ્દેશીને તા.૨૦/૦૫/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેના વિભાગને તા.૩૦/૦૬/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારે તેમની આરટીઆઈની મૂળ અરજીથી શ્રીમતી ડો.અરૂણાબેન પટેલ અનુભવી એક્ષપર્ટ RCHO નો ચાર્જ પરત લઈ ડો.પ્રકાશ પટેલ જેમનું RCHO માં અનુભવ ઓછો હોવા છતાં ડો.પ્રકાશને ચાર્જ સોંપવા અંગેની માહિતી ફેમીલી પ્લાનીંગ બ્યુરો ખાતે તબીબી અધિકારી વર્ગ–૧ ની જગ્યા સરકારશ્રી ધ્વારા જ ભરવામાં આવે છે. તેમ છતાં શ્રીમતી ડો.અરૂણાબેન પટેલની શૈક્ષણિક લાયકાત અને અનુભવ RCH/NRCHM નો ચાર્જ વધારે હોવા છતાં ડો.અશોકની શૈક્ષણિક લાયકાત અને અનુભવ તેમના સ્થળ લાયક ન હોવા છતાં સદર બ્યુરોનો ચાર્જ સોંપવા અંગેની માહિતી ફેમીલી પ્લાનીગ બ્યુરોની વિવિધ મેડીસીન અને સાધન લાખો રૂપીયાની ખરીદીની હોવા છતાં સ્થાયી કે સામાન્ય સભા ઠરાવ–ટેન્ડર બહાર પાડયા વગર લાખો રૂપિયાની ખરીદી બારોબાર એસ.એમ.સી.ના મહેરબાન કમિશનરશ્રી અને સક્ષમ સત્તાધિકારીશ્રીની પણ મંજુરી લીધા વગર, અવગણીને ડો.અશોક પટેલ અને ડો.શ્રોફ જરાપણ દવા મેડીસીન કે અન્ય સાધનની જરૂરીયાત હોય કે ન હોય કોઈપણ પ્રકારનું ટેન્ડર બહાર પાડવામાં આવતું નથી. ટેન્ડર બહાર ન પાડવા અને દવા મેડીસીનની ખરીદી કરવાની મંજુરી આ બે ડોકટરોને કોણે આપેલ છે. સરકારી કચેરીમાં ટેન્ડર વગર જોઈતી દવા કે અન્ય વસ્તુ લઈ શકાય નહિ, ટેન્ડર પાડવું જરૂરી છે તેના વગર અગત્યની કાર્યવાહી કરવી મુશ્કેલ છે,તથા ગાંધીબાગની ઓફિસના આસીસ્ટન્ટ ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ પરેશ રાંદેરીયાની સેવાપોથીની નકલ વિગેરે ઉકત બાબતની માહિતી માંગેલ હતી.

ઉપરોકત માંગેલ માહિતીના મુદ્દાઓનો અભ્યાસ કરતાં આંશીક મુદ્દાઓ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોને લાગત ન જણાતા તે મુદ્દા પુરતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ જાહેર બાગબગીચા ખાતાને પત્ર નં.એફપીબી/ એસએમસી/ ૧૫–૧૬/નં.૭૫ તા.૧૮/૦૬/૧૫ થી અરજદારને જાણ હેઠળ આરટીઆઈ એકટ નિયમ–૪(૨) અન્વયે "નમુના–ઘ" માં આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ અરજીના અન્ય મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા પત્ર નં.એફપીબી/એસએમસી/૧૫–૧૬/નં.૭૦ તા.૧૫/૦૬/૧૫ થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મળેલ પ્રત્યુત્તરથી અરજદારે નારાજ થયેલ હોવાનું જણાવેલ હોય,તેઓને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૩–૨૪ તા.૦૨/૦૭/૧૫ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ તરફથી તા.૦૭/૦૭/૧૫ ના રોજ લેખીત પુર્તતા રજુ કરેલ છે.

અરજદારે અપીલ અરજી તબકકે જણાવેલ છે કે, સુરત મહાનગરપાલિકાના તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ શહેર કુટુંબ કલ્યાણ બ્યુરો અને જાહેર માહિતી અધિકારીએ તા.૧૫/૦૬/૧૫ ના પત્ર નં.એફ.પી.બી./એસ.એમ.સી./૧૫/૦૧/૧૬ નં.૧૦ થી મુદ્દા નં.૧ થી ૫ માં હુકમની નકલ બિડાણ કરેલ નથી. મુદ્દા નં.માં ખરેખર તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ ને સક્ષમ આર.સી.એચ.ઓ.ના ચાર્જમાંથી હટાવી દીધેલ છે અને શૈક્ષણિક લાયકાત અને અનુભવ ડૉ. પ્રકાશભાઈનો ઓછો હોવા છતાં ચાર્જ જે હુકમથી સોંપવામાં આવેલ છે તેની માહિતીમાં પત્રનું બિડાણ કરેલ નથી. મુદ્દાં નં.૩ ફેમીલી પ્લાનીંગ બ્યુરો તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ ની જગ્યા સરકારશ્રી ધ્વારા ભરાતી હોવા છતાં અન્યની નિમણુંકની અને ફેમીલી પ્લાનીંગના લાખો રૂપીયા સાધનો ડો.અરૂણાબેન પટેલ જ ખરીદી શકે તેમજ જણાવો છો કે ફેમીલી પ્લાનીંગ બ્યુરોનો ચાર્જ પણ આર.સી.એચ./એન.આર.એચ.એમ.ના સાધનો પણ ડૉ.અરૂણાબેન જ ખરીદી શકે.મુદ્દા નં.૩ માં આપશ્રી "ના' નો જવાબ જણાવેલ છે. મુદ્દા નં.૪ ડૉ.પ્રકાશ પટેલ અને ડૉ.શ્રૌફ ટેન્ડર વગર ખરીદતા નથી અને અમારી જાણકારી મુજબ લાખોની દવા– મેડીસીન કોઈપણ ટેન્ડર– ઠરાવ વગર ડૉ.અરૂણાબેન પટેલને સાઈડ કરીને ખરીદે છે અને આપશ્રી જણાવો છો કે લાગુ પડતુ નથી. પ્રતિવાદી પ્રત્યક્ષ પોતાનો બચાવ કરી રહયા છે. ડૉ.અરૂણા પટેલનો હક છે આર.સી.એચ.ઓ.નો અને આર.સી.એચ./ એન.આર.એસ.એમ.ચાર્જ ડૉ. પ્રકાશ દેસાઈને કોના હુકમથી સોંપેલ છે. તે હુકમનું બિડાણ કરેલ નથી. ટેન્ડર, ઠરાવ વગર દવા મેડીસીન કે અન્ય જોઈતી વસ્તુ પણ લઈ શકાય નહિ પછી આપશ્રી બંને ડોકટરો ખરીદી કરો છો અને અહી પોતે જ બચાવ કરો છો.તે મુજબની રજુઆત કરેલ છે જયારે **મુદ્દા.નં.૧ થી ૩ તથા ૫** પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો ધ્વારા અરજદારને પુરી પાડવામાં આવેલ હોય,જે ઉચિત જણાય છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૯ તા.૧૧/૦૮/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ડે.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તરફથી જાહેર માહિતી અધિકારી વતી મેઈલ ફીલ્ડ વર્કરશ્રી એ.એચ.ચેવલી હાજર રહેલ હતાં. અરજદારે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧) શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તરફથી તેઓની આરટીઆઈની અરજી પરત્વેના મુદ્દા.નં.૪ પરત્વેની માહિતી તેઓને મળેલ ન હોય જે પુરી પાડવા હુકમ કરવા જણાવેલ છે.

## **—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧), શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો વિભાગ વતી મેઈલ ફીલ્ડ વર્કર ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૦૫/૧૫ (આઈ.ડી.નં.૧૨૪) ની અરજીથી માંગવામા આવેલ ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો તરફથી **મુદ્દા નં.૪** બાબતની માહિતી "લાગુ પડતુ નથી તેમ જણાવેલ છે" જે ઉચિત જણાતુ નથી.જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી (વર્ગ–૧),શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો જે આર.સી.એચ.ઓ.ના પણ જાહેર માહિતી અધિકારી હોય,આ બાબતે આર.ટી.આઈ.એકટ હેઠળ દફતરી હકીકતલક્ષી માહિતી વિનામુલ્યે દિન–૭ માં અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૮/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/14/2015. Dt.07/07/2015.**

આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલા.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલાની આરટીઆઈની તા.૨૧/૦૫/૧૫ (આઈ.ડી. નં.૪૧૪) ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૮૦૯ તા.૨૨/૦૫/૧૫ થી સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, જે તા.૨૬/૦૫/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ હતી. જે અરજીના કોઈ પણ મુદ્દાઓ આરોગ્ય મહેકમ વિભાગને લાગત ન જણાતા તે અરજી અરજદારની જાણ હેઠળ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૩૯ તા.૨૯/૦૫/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) તથા જાહેર માહિતી અધિકારી અને ઓ.એસ.ડી. સ્મીમેર મેડીકલ કોલેજ પ્રતિ સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ઓ.એસ.ડી. સ્મીમેર મેડીકલ કોલેજ ધ્વારા અરજીથી માંગેલ તમામ માહિતી આરોગ્ય વિભાગને લાગત હોવાનું જણાવી પત્ર નં.સ્મીમેર હોસ્પિ/આ.નં./૧૧ તા.૦૫/૦૬/૧૫ થી અત્રેની કચેરીને ફેરતબદીલ કરવામાં આવેલ હતી, જે અરજી આરોગ્ય વિભાગમાંથી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી આરોગ્ય વિભાગને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૪૯ તા.૦૬/૦૬/૧૫ થી અરજદારની જાણ હેઠળ સંપુર્ણ ફેરતબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી મ્યુ.કર્મચારીઓ, પેન્શનરો, કોર્પોરેટરશ્રીઓ, માજી. કોર્પોરેટરશ્રીઓ વિગેરેના મેડીકલ રીઈમ્બર્સમેન્ટ ચુકવવા માટેના નિયમો, શરતોની વિગત અને તે ચુકવવાની સત્તા કોને કોને અને કેટકેટલા રકમની છે વિગેરે બાબતની કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગ તરફથી રૂા.૬૦/– ભરી માહિતી મેળવી લેવા સમયમર્યાદા બાદ અરજદારને જણાવેલ હોવાનું જણાય છે.

જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૨૯/૦૬/૧૫ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અપીલ અધિકારીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૦૭/૦૭/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગ તરફથી અરજદાર મજકુરને નમુનો–ક (નિયમ–૫(૧)(ક)) રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી તેમજ નિયત સમયમર્યાદામાં માહિતી મળેલ નથી તેમ જણાવેલ છે.

ઉપરોકત વિગતે અરજદારની આરટીઆઈની અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/આરટીઆઈ/૦૫ તા.૩૦/૦૬/૧૫ થી અરજદારની આરટીઆઈની મુળ અરજી પરત્વે સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર આપવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની મુળ અરજી, અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગ, તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની તા.૨૧/૦૫/૧૫ ની અરજી (આઈ.ડી.નં.૪૧૪) થી માંગવામાં આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગ તરફથી અરજદારને સમયમર્યાદા બાદ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા અત્રે પ્રસ્તાવ આપેલ હોય, આરટીઆઈની કલમ–(૭)૬ અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને માહિતી વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) વિભાગને હુકમ કરવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી (આરોગ્ય) ને ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૭/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/15/2015. Dt.09/07/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલા.

સામાવાળા :– ૧) જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

૨) જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલાની આરટીઆઈની તા.૨૧/૦૫/૧૫ (આઈ.ડી.નં.૪૧૩) ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૮૧૦ તા.૨૨/૦૫/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી તથા જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી./આરટીઆઈ/૧૫૦ તા.૨૯/૦૫/૧૫–૦૮/૦૬/૧૫ થી નાયબ આરોગ્ય અધિકારી (આરોગ્ય) (સેન્ટ્રલ ઝોન) ને મુદ્દા નં.૫ બાબતે તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) તરફથી તેઓના વિભાગને અરજીના મુદ્દાઓ લાગત ન જણાતા પત્ર નં.સી.ઝેડ/ ના.આ.અ./આઉટ/૮૩ તા.૧૮/૦૬/૧૫ થી કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હતી. જયારે કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી તેઓના ખાતાને અરજીના મુદ્દાઓ લાગત ન જણાતા પત્ર નં.પીએચડી/ સો.વે.મે./ આ.નં./ આરટીઆઈ/૩૯ તા.૨૯/૦૬/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી મુદ્દા નં.૧,૨,૩ અને ૬ અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ માર્કેટ/૨૨૭ તા.૨૯/૦૫/૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, તથા અરજીના મુદ્દા નં.૪ પરત્વે જાહેર માહિતી અધિકારી અને પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સલાબતપુરા પોલીસ સ્ટેશન પ્રતિ તથા અરજીના મુદ્દા નં.૫ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેક્રેટરીશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ કચેરી) ને પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૨૨૧ તા.૨૭/૦૫/૧૫ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૨૬/૦૬/૧૫ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અપીલ અધિકારીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૦૯/૦૭/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી મુદ્દા નં.૧ પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતીમાં રખડતા કુતરાઓના ત્રાસમાંથી મુકત કરવાની જવાબદારી કયા વિભાગની છે તથા બર્થ કટ્રોલ એકટ–૨૦૦૧ કામગીરી થાય છે તે કાયદાની કઈ સત્તા મુજબ એસ.એમ.સી. કામ કરે છે તે જણાવેલ નથી, તેમજ અરજીના મુદ્દા નં.૨ પરત્વેની કામગીરીની પધ્ધતિની માહિતી તથા ઈજારાની શરતોની માહિતી આપવામાં આવેલ નથી, અને માહિતી છુપાવી અધુરી આપેલ છે, તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે જવાબ/માહિતી આપેલ નથી તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવેલ છે. અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં./આરટીઆઈ/અપીલ/ ૪૩૫ તા.૧૫/૦૭/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

અરજદારની મુળ અરજી અપીલ અરજી સંદર્ભે ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ધ્યાને લઈ માર્કેટ વિભાગને લાગત મુદ્દાઓ બાબતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **—:: હુકમ ::—**

અરજદારની અરજીના મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી અરજીનાં કોઈપણ મુદ્દા લાગત ન હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ કરવામાં આવેલ હોય સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ પુરતી અપીલ સંદર્ભે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતું નથી. જયારે માર્કેટ વિભાગ બાબત અરજદાર ધ્વારા આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજીથી **મુદ્દા નં.૧** અન્વયે સુરત શહેરમાં નાગરીકોને રખડતા કુતરાઓના ત્રાસમાંથી મુકત કરવાની ફરજ સુ.મ.ન.પા. ની છે કે કેમ? જો "હા" હોય તો આ ફરજ કયા વિભાગની છે તે મુજબની માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા "ના" માં પ્રત્યુત્તર આપેલ હોય, અન્ય કોઈ વધારાની માહિતી આપવાની રહેતી હોવાનું જણાતું નથી. જયારે એનીમલ બર્થ કંટ્રોલ એકટ—૨૦૦૧ ની કામગીરી કાયદાની કઈ સત્તા મુજબ એસ.એમ.સી. માં કામ કરે છે તે અંગે અરજદારે અપીલ તબકકે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય મજકુર અરજદાર અલાયદી અરજી કરી તે અંગે માહિતી મેળવવા સ્વતંત્ર છે. **મુદ્દા નં.૨** પરત્વેની માહિતી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે, પરંતુ શરતો અને બોલીઓની વિગતો પુરી પાડેલ હોવાનું જણાતું ન હોય સ્થાયી સમિતિના ઠરાવ નં.૭૫૪/૨૦૧૩ તા.૨૨/૦૩/૧૩ ની નકલ આરટીઆઈ એકટની કલમ—૭(૬) હેઠળ દિન—૭ માં વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને હુકમ કરવામાં આવે છે. જયારે સુરત મહાનગરપાલિકા ધ્વારા કુતરાના ત્રાસને અંકુશમાં લેવા સબબની કામગીરીની પધ્ધતિ બાબતે "સુરત શહેર હદ વિસ્તારમાંથી માદા કુતરીઓને પકડી પાડી ખસીકરણ અને રસીકરણ કરી મૂળ વિસ્તારમાં પરત છોડવામાં આવે છે" તે મુજબનો જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે, આરટીઆઈ એકટની કલમ—૨(જે), ૨(એફ) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ આ અંગે કોઈ રેકર્ડ આધારીત માહિતી જાહેર માહિતી અધિકારી પાસે ઉપલબ્ધ હોય તો તે દિન—૭ માં અરજદારને વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૭/૨૦૧૫

ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/16/2015. Dt.09/07/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલા.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી મહેશચંદ્ર જે. નવસારીવાલાની આરટીઆઈની તા.૨૦/૦૫/૧૫ (આઈ.ડી.નં.૪૦૬) ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૦૬ તા.૨૨/૦૫/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા બાયોમેડીકલ વેસ્ટના નિકાલ અર્થે નકકી કરેલ ઈજારદારનું નામ તથા સરનામા વિગેરે બાબતે કુલ–૧૦ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આઉટ વર્ડ નં./આરટીઆઈ/૩૦ તા.૨૩/૦૬/૧૫ થી અરજદારને સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જયારે અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી નમુનો–ક (નિયમ–૫(૧)(ક)) રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી તેમજ અરજી સંદર્ભે કોઈ જવાબ મળેલ નથી તેમ જણાવી નારાજ થઈ અરજદારે તા.૨૬/૦૬/૧૫ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અપીલ અધિકારીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૦૯/૦૭/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૨૮ તા.૧૦/૦૭/૧૫ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારીશ્રી સો.વે.મે. વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી તા.૧૬/૦૭/૧૫ ના પત્રથી પુર્તતા રજુ કરી જણાવેલ છે કે તેઓની આરટીઆઈની અરજી પરત્વેની માહિતી સમયમર્યાદા દિન–૩૦ માં કોઈ જવાબ મળેલ ન હોય વિનામૂલ્યે માહિતી પુરી પાડવા જણાવેલ છે.તથા અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં./આરટીઆઈ/ અપીલ/૪૧ તા.૨૦/૦૭/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૨૧/૦૫/૧૫ ની અરજી (આઈ.ડી.નં.૪૦૬) થી માંગવામાં આવેલ માહિતી અન્વયે આરટીઆઈની કલમ–(૭)૬ અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને માહિતી વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી(સો.વે.મે.)વિભાગને હુકમ કરવામાં આવે છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી(સો.વે.મે.)વિભાગને ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.    /૦૭/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/25/2015. Dt.29/07/2015.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી આશીત જી ગાંધી.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી આશીત જી ગાંધીની આરટીઆઈની તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૭૨૦) ની અરજી જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્ક (કાયદા વિભાગ) ના પત્ર કાયદા વિભાગ/આરટીઆઈ સેલ/ આ.નં./૨૮૭ તા.૦૨/૦૭/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી સ્થાયી સમિતિ ઠરાવ નં.૯૬૯/૨૦૧૩ અને ઠરાવ નં.૪૨૮/૨૦૧૩ ના વિરૂધ્ધમાં હાઈકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીસન નં.૧૫૮/૨૦૧૩ ના જવાબમાં હાઈકોર્ટની ડીવીઝન બેંચ–અ તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ આપેલ ચુકાદાની સંપુર્ણ માહિતી માંગેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૪૪૪ તા.૧૬/૦૭/૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૨૭/૦૭/૧૫ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી ડૉ.એચ.એચ.દેસાઈ, ડે. કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પી.)ને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૨૯/૦૭/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ચુકાદાની નકલ આપવાના બદલે હાઈકોર્ટની સાઈડ ઉપર જઈ ચુકાદો મેળવી લેવો તથા જાહેર માહિતી અધિકારીશ્રી પાસે, ચુકાદાની નકલ ન હોય તો જયાં અધિકારીના ક્ષેત્રમાં આ જવાબ લાગુ પડે છે ત્યાં અરજીની તબદીલી કરવી જોઈએ,પણ તેવુ ન કરતા અરજદારને હાઈકોર્ટની વેબસાઈડ જોવા લખવું તે આરટીઆઈના કાનુનોની અવહેલના છે તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં  કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૫ તા.૩૦/૦૭/૨૦૧૫ થી મજકુર અરજદારને જણાવવામાં આવેલ,તે અન્વયે અપીલ અરજી સંદર્ભે તા.૧૭/૦૮/૧૫ થી લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે હાઈકોર્ટના ચુકાદાની નકલ આપવા વિનંતી છે. જો આપની પાસે ન હોય તો મારી અરજી ગુજરાત હાઈકોર્ટને તબદીલ કરશો તે મુજબની રજુઆત કરેલ છે. તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૩૪ તા.૩૦/૦૭/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/ ૫૨૮ તા.૦૧/૦૮/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે જેમાં આપેલ ચુકાદાની માહિતી બાબતે ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ ઉપરથી માહિતી મેળવી શકાશે તેમ જણાવવામાં આવેલ હોવાનું જણાય છે.અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૫ તા.૨૭/૦૮/૧૫ થી તા.૦૪/૦૯/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ)અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ પરંતુ ઉકત  દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૨૯/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓ માંગવામા આવેલ માહિતી પરત્વે ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ www.gujarathighcourt.nic.in પરથી અરજદારને માહિતી મેળવી લેવાનો આપેલ પ્રસ્તાવ રજુ કરેલ છે. તદઉપરાંત અરજદારે રૂબરૂ સુનાવણી સમયે મુદ્દાની સ્પષ્ટતા થયેલ હોય વધારાની માહિતીની જરૂરીયાત રહેતી નથી. એમ જણાવી માહિતી સબબ સંતોષ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.    /૦૯/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/26/2015. Dt.29/07/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી આશીત જી ગાંધી.

સામાવાળા :– ૧) જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ,
સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી આશીત જી ગાંધીની આરટીઆઈની તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૭૨૧) ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર સે.ઝોન/આરટીઆઈ /જા.નં./૧૨૬૩ તા.૩૦/૦૬/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી તા.૩૦/૦૫/૧૫ના વર્તમાન પત્રો ધ્વારા જાણવા મળે છે કે, સુરત મહાનગરપાલિકાની બોર્ડ સભામાં આપશ્રીએ " ત્રણ વર્ષમાં ૧૦,૦૦૦ કુતરાઓનું ખસીકરણ " નો રીપોર્ટ આપ્યો છે. આ સંદર્ભમાં આ રીપોર્ટ જે આધાર ઉપર રજુ કર્યો છે તેની આધારભુત રેકર્ડની નકલોની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૪૬૧ તા.૨૦/૦૭/૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૨૭/૦૭/૧૫ ના રોજ અપીલ સત્તાધિકારી ડૉ. એચ.એચ.દેસાઈ, ડે. કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પી)ને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૨૯/૦૭/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે **(૧) મ્યુનિસીપલ કમિશનરશ્રીએ મહાનગરપાલિકાની બોર્ડમાં સભામાં આપેલા જવાબ/રજુ કરેલી હકીકતના આધારો કે જે રજુઆત વખતે તેમને સાથે રાખ્યા હશે /રજુઆત કરતા પહેલા ચકાસ્યા હશે , જેને આધારે તેઓશ્રીએ " ત્રણ વર્ષમાં ૧૦,૦૦૦ કુતરાઓનું ખસીકરણ " નો રીપોર્ટ આપ્યો છે, તે આધાર રીપોર્ટની નકલ માંગી છે અમારે એ.સી.બી.સેન્ટરના રજીસ્ટર સાથે કોઈ નિસ્બત નથી. અમારો પ્રશ્ન મ્યુનીસીપલ કમિશનરશ્રીએ ના સીધા માધ્યમથી મળવો જોઈએ. અમારો પત્ર (આરટીઆઈ) સીધી તેમને ઉદેશીને જ હતી." આપશ્રી"શબ્દનો અર્થ જ મ્યુનિ.કમિશ્નરશ્રી છે."એડી. માર્કેટ સુપ્રી.શ્રી"એ મ્યુ.કમિશ્નરશ્રી"નથી.આ આર.ટી.આઈ.ને સેન્ટ્રલ ઝોનના આર.ટી.આઈ.ના અધિકારીશ્રીએ ખોટી ઓફિસમાં તબદીલ કરી છે. અને જેઓ " મ્યુ.કમિશ્નર નથી " તેઓ અમને દફતર ચકાસવા બોલાવે છે અને જવાબ આપે છે આ અમારી નારાજગી છે. (૨) અમોને મ્યુ.કમિશ્નરશ્રીએ કુતરાઓના ખસીકરણ કર્યાનો રીપોર્ટ રજુ કર્યો તેની આધારભુત નકલ જોઈએ.** તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવેલ છે.જે બાબતે સ્પસ્ટતા કરવાની રહે છે કે આરટીઆઈ એકટની કલમ ૫(૧) અન્વયે દરેક જાહેર સત્તા મંડળે આ અધિનિયમ હેઠળ માહિતી માટે વિનંતી કરતી વ્યકિતઓને માહિતી પુરી પાડવા માટે તેની હેઠળના તમામ વહીવટી એકમો અથવા કચેરીઓમાં જાહેર માહિતી અધિકારીઓ તરીકે જરૂરી હોય તેટલા અધિકારીઓને મુકરર કરવા જોઈશે એ મુજબની જોગવાઈ છે જે અંતર્ગત માર્કેટ વિભાગ ખાતે જાહેર માહિતી અધિકારી તરીકે એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની નિમણુંક થયેલ હોય, તેઓએ માહિતી પુરી પાડવાની રહે છે જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તેઓના પ્રશ્ન મ્યુનિ.કમિશ્નરશ્રીના સીધા માધ્યમથી મળવો જોઈએ તેવી રજુઆત વ્યવહારુ જણાતી નથી.

અરજી અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની અપીલ અરજી સંદર્ભેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૫ તા.૩૦/૦૭/૧૫ થી મજકુર અરજદારને તેઓની અપીલ અરજી સંદર્ભેની આધાર/પુરાવા હોય તો તે રજુ કરવા જણાવવામાં આવેલ હતું,તે અન્વયે અપીલ અરજી સંદર્ભે તા.૧૭/૦૮/૧૫ થી લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે અમોને મ્યુનિ.કમિશનરશ્રીને જે રીપોર્ટ રજુ કર્યો તેની નકલ આપશો તે મુજબની રજુઆત કરેલ છે.તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૩૪ તા.૩૦/૦૭/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ અપીલ અરજી પરત્વે પુર્તતા કરવા જણાવવામાં આવેલ હતું, તે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/ ૫૨૮ તા.૦૧/૦૮/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં એકટીવીટી સીટ એ.બી.સી.સેન્ટર, ભેસ્તાન ખાતે દરરોજના ધોરણે નિભાવવામાં આવતા હોય, સદરહુ માહિતી ખુબ જ વિસ્તૃત હોય રેકર્ડ તપાસણી કરવા અંગેનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે.અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૫ તા.૨૭/૦૮/૧૫ થી તા.૦૪/૦૯/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે

ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ)અને એપેલેટ ઓફિસરશ્રી, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ પરંતુ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં. અરજદારે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી તેઓની આરટીઆઈની અરજી પરત્વેની માંગેલ મુદ્દાની માહિતી સંદર્ભે કમિશનરશ્રીને આ બાબતે આપેલ જવાબ / રીપોર્ટની નકલ પુરી પાડવા જણાવેલ હતું.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અનેએડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૨૯/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓની પુરી પાડવામાં આવેલ માહિતી સબબ મ્યુનિ.કમિશનરશ્રીને આપેલ જવાબ / રીપોર્ટની નકલની માંગણી કરેલ હોય જે નકલ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ વિભાગ)ને આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન—૭ માં અરજદારને વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/29/2015. Dt.07/08/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી સંજય આર મિશ્રા.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ) વિભાગ,
સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર મિશ્રાની આરટીઆઈની તા.૩૦/૦૬/૧૫ (આઈ.ડી.નં.૧૫૩)ની અરજી ચીફ ફુડ સેફટી આફિસરશ્રી દિલ્હી ગેટ, સુરતને ઉદ્દેશીને કરેલ અરજી (લિંબાયત ઝોન) ખાતે આપવામાં આવેલ હતી, જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(લિંબાયત ઝોન) ના પત્ર નં./૩૩૮ તા.૩૦/૦૬/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ) ને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. ઉકત અરજીથી ૧) એકતા બેકરી નામની સંસ્થાને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ– ૨૦૦૬ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોય તો તેની નકલ આપવા (૨) જો મુદ્દા નં.૧ મુજબનું લાયસન્સ આપવામાં આવેલ હોય તો એ મેળવવા માટે જે અરજી મળેલ હતી તેની નકલ આપવા (૩) ઉપર જણાવેલ સંસ્થામાંથી ગત બે વર્ષ દરમ્યાન ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ– ૨૦૦૬ મુજબ નમુના લેવામાં આવ્યા હોય તો તે અંગેની માહિતી આપવા વિગેરે બાબતની કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. અરજદાર ધ્વારા અપીલ અધિકારીશ્રી સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ને ઉદ્દેશીને તા.૩૦/૦૭/૧૫ થી નમુનો 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ મળ્યો નથી,તથા આજદિન સુધી કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેમ જણાવી અપીલ અરજી કરેલ છે. જે અરજી ના.આરોગ્ય અધિકારીશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી લીબાયત ઝોન ધ્વારા અપીલ સત્તાધિકારી અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આઉટ/૩૨૨ તા.૦૫/૦૮/૧૫ થી તબદીલ કરવામાં આવેલ છે. જે અરજી અત્રે તા.૦૭/૦૮/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અપીલ અરજી સંદર્ભેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૩૮ તા.૦૭/૦૮/૧૫ થી મજકુર અરજદારને તેઓની અપીલ અરજી સંદર્ભેની આધાર/પુરાવા હોય તો તે રજુ કરવા જણાવવામાં આવેલ હતું, તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ) વિભાગ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી અપીલ અરજી સંદર્ભેની આધાર/પુરાવા રજુ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી, જયારે ફુડ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૧૨૬૮ તા.૦૭/૦૮/૧૫ થી પુર્તતા રજુ કરેલ છે, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૧૮૧ તા.૨૮/૦૭/૧૫ થી અરજદારને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની મુળ અરજી, અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ,તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦/૦૬/૨૦૧૫ ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ તરફથી અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ જણાતું હોય, તેમજ મુદ્દા.નં.૧ તથા ૨ ની માહિતી બાબતે નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પ્રસ્તાવ રજુ કરેલ હોય,અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ નથી.આથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર જો ઈચ્છુક હોય તો માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના નિયમ ૫(ખ) (૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ પ્રસ્તાવ સ્વિકારી નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૮/૨૦૧૫

ઈ.ચા.આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/31/2015. Dt.20/08/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી આશીત જી ગાંધી.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી આશીત જી ગાંધીની આરટીઆઈની તા.૨૯/૦૬/૧૫(આઈ.ડી.નં.૭૩૨)ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર સે.ઝોન/આરટીઆઈ /જા.નં./૧૨૬૪ તા.૩૦/૦૬/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી (૧) માસ વાર, જાતિ પ્રમાણે પશુ કતલની સંખ્યા આપવી.(૨) માસ વાર, જાતિ વાર પશુ કતલ માટે મેળવાયેલી ફી ની રકમના આંકડા આપવા (૩) ગુજરાત રાજ્ય પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ ઘ્વારા મેળવાયેલી પરવાનગીની નકલ આપવી. (૪) વાર્ષિક માંસના ઉત્પાદનનો આંક જાતિ પ્રમાણે આપવો. (૫) ગુજરાત રાજયના એનિમલ હસબન્ડરી વિભાગ અને પશુપાલન વિભાગને આ બાબતે થયેલા વાર્ષિક રીપોર્ટની નકલ આપવી. (૬) મુસ્લિમ ધર્મના વિવિધ તહેવારો દરમ્યાન ભેસ અને પાડાની અઠવાડિક કતલના કવોટા કરતા વધુ કતલનો કવોટા મંજુર કરતો સુરત મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો મંજુરી પત્રક, સુરત મ્યુનિસીપલની સ્થાયી સમિતિનો ઠરાવ પત્ર, એનિમલ હસબન્ડરી વિભાગ અને પશુપાલન વિભાગનો આ બાબતનો મંજુરી પત્રની નકલો વિગેરે બાબતોની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૪૪૯ તા.૧૭/૦૭/૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૧૭/૦૮/૧૫ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી ડૉ. એચ.એચ.દેસાઈ, ડે. કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પી)ને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૨૦/૦૮/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૬ બાબતે જણાવેલ છે કે, મ્યુનિ.કોર્પોરેશન સુરતનો સ્થાયી સમિતિનો ઠરાવ, મ્યુનિ.કમિશ્નરશ્રીનો મંજુરી પત્રની નકલો આપવામાં આવેલ નથી તે તમામ આપવી તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની અપીલ અરજી સંદર્ભેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૨ તા.૨૪/૦૮/૧૫ થી મજકુર અરજદારને તેઓની અપીલ અરજી સંદર્ભેની આધાર/પુરાવા હોય તો તે રજુ કરવા જણાવવામાં આવેલ હતું,તે અન્વયે અરજદારે અપીલ અરજી સંદર્ભે તા.૧૭/૦૮/૧૫ થી લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે પ્રશ્ન નં–૬ નાં સંદર્ભેમાં મ્યુનિ.કમિશ્નરનો મંજુરી પત્ર સુ.મ.ન.પા.ના સ્થાયી સમિતિનો મંજુરીનો પત્ર અને ઉપસચિવ(પશુ પાલન) ગુજરાત રાજયનો મંજુરી પત્રની નકલ પુરી પાડવામાં આવેલ તે મુજબની રજુઆત કરેલ છે તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૪૨ તા.૨૪/૦૮/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ અપીલ અરજી પરત્વે પુર્તતા કરવા જણાવવામાં આવેલ હતું, તે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/૬૫૮ તા.૨૮/૦૮/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે, જેમા અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ઘ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૪૪૯ તા.૧૭/૦૭/૧૫ થી ઉકત મુદ્દાઓ પરત્વેની માહિતીની પુરી પાડવામાં આવેલ હોવાનું તથા મુદ્દા નં.૩ તથા ૬ બાબતે નકલ ફી ભરપાઈ કરવાનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે. તેમજ મુદ્દા નં.૩ તથા ૬ પરત્વેની માહિતીની નકલો પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૦૪ તા.૨૯/૦૭/૧૫ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૫ તા.૨૭/૦૮/૧૫ થી તા.૦૪/૦૯/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ)અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ પરંતુ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૨૯/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ મુદ્દા નં. ૬ ની માહિતી બાબતે નિયમોનુસાર ફી ભરપાઈ કરવા જણાવવામાં આવેલ હોય તે મુજબની માહિતી સબબ અરજદારશ્રી ધ્વારા નિયત ફી ભરપાઈ કરવામાં આવેલ હોય અરજદાર મજકુરને પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૦૪ તા.૨૯/૦૭/૧૫ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ હોય,તેમજ રૂબરૂ સુનાવણી સમયે અરજદારશ્રીએ માહિતીથી સંતોષ વ્યકત કરી " મુદ્દા નં.૬ " પરત્વેની માહિતીની જરૂર હવે રહેતી નથી. એમ જણાવેલ હોય, અરજદારની અપીલ અરજી પરત્વે બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/32/2015. Dt.20/08/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :— શ્રી આશીત જી ગાંધી.
સામાવાળા:— જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી આશીત જી ગાંધીની આરટીઆઈની તા.૨૯/૦૬/૧૫ (આઈ.ડી.નં.૭૨૮)ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ સેલ/ જાવક/૧૨૬૪ તા.૩૦/૦૬/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી નાણાકીય વર્ષ ૨૦૧૨—૧૩, ૨૦૧૩—૧૪, ૨૦૧૪—૧૫, ૨૦૧૫—૧૬ દરમ્યાન એ.બી.સી.ડોગ્સ રૂલ્સ ૨૦૦૧ અંતર્ગત નિમાયેલી મોનેટરીંગ સમિતિનું ઓફિસિયલ મેમોરેન્ડમની નકલની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ માર્કેટ/૪૧૪ તા.૧૪/૦૭/૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૧૭/૦૮/૧૫ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી ર્ડા.એચ.એચ.દેસાઈ, ડે. કમિશનર(હેલ્થ અને હોસ્પી.)ને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે.જે અત્રે તા.૨૦/૦૮/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી વર્ષ ૨૦૧૩—૧૪, ૨૦૧૪—૧૫,૨૦૧૫—૧૬ દરમ્યાન એ.બ.સી.ડોગ્સ રૂલ્સ ૨૦૦૧ અંતર્ગત નિમાયેલી મોનેટરીંગ સમિતિનું ઓફિસિયલ મેમોરેન્ડમની નકલ આપશો તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન—૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૨ તા.૨૪/૦૮/૨૦૧૫ થી મજકુર અરજદારને જણાવવામાં આવેલ,તે અન્વયે અપીલ અરજી સંદર્ભે તા.૧૭/૦૮/૧૫ થી લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે (માર્કેટ) વિભાગ તરફથી વર્ષ ૨૦૧૩—૧૪, ૨૦૧૪—૧૫, ૨૦૧૫—૧૬ દરમ્યાન એ.બ.સી.ડોગ્સ રૂલ્સ ૨૦૦૧ અંતર્ગત નિમાયેલી મોનેટરીંગ સમિતિનું ઓફિસિયલ મેમોરેન્ડમની નકલ આપવા અંગેની રજુઆત કરેલ છે તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૪૨ તા.૨૪/૦૮/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/૬૫૯ તા.૨૮/૦૮/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે જેમાં અરજદાર મજકુરને પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૧૦ તા.૩૧/૦૭/૧૫ થી માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૫ તા.૨૭/૦૮/૧૫ થી તા.૦૪/૦૯/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ)અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ પરંતુ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૨૯/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓ પરત્વેની માંગવામા આવેલ માહિતી પરત્વે પત્ર નં.પીએચડી/માર્કેટ/૫૧૦ તા.૩૧/૦૭/૧૫ થી માહિતીની નકલ પુરી પાડવમાં આવેલ હોવાનું જણાય છે. તદઉપરાંત અરજદારે રૂબરૂ સુનાવણી સમયે આ અંગે સ્પષ્ટતા કરતા રીન્યુઅલ મેમોરેન્ડમની નકલ તેઓને હાથોહાથ પુરી પાડવામાં આવેલ હોય અન્ય કોઈ વધારાની માહિતીની જરૂરીયાત રહેતી ન હોય,આમ અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૯/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/33/2015. Dt.20/08/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી આશીત જી ગાંધી.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ,
સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી આશીત જી ગાંધીની આરટીઆઈની તા.૨૦/૦૭/૧૫(આઈ.ડી.નં.૯૪૩)ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર સે.ઝોન/આરટીઆઈ / જા.નં./૧૪૯૧ તા.૨૨/૦૭/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી. સદર અરજીથી વર્ષ ૨૦૧૩–૧૪ , ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ દરમ્યાન સુરત મ.ન.પા.ના કતલખાના ખસેડવા માટે મળેલ અરજીઓ અને થયેલ પ્રવૃત્તિઓ તેમજ લેવાયેલા નિર્ણયોની નકલ અને વિગતોની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ માર્કેટ/૫૧૭ તા.૩૧/૦૭/૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે તા.૧૭/૦૮/૧૫ ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી ડૉ. એચ.એચ.દેસાઈ, ડે. કમિશનર(હેલ્થ અને હોસ્પી)ને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રે તા.૨૦/૦૮/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે જણાવેલ છે કે, અમોને માહિતી લેખિતમાં જોઈએ છે રેકર્ડ ચેક કરવાનો નથી તેમ જણાવી નારાજ થયેલ હોવાનું જણાવેલ છે.તથા અપીલ અરજીમાં તેઓએ આરટીઆઈની અરજી પરત્વેની માંગેલ મુદ્દાની માહિતી એનેક્ષરી(ઈન્ડેક્ષ) પ્રમાણે બનાવીને આપવા રજુઆત કરેલ હતી, પરંતુ સદર રજુઆત આર.ટી.આઈ. એકટની કલમ ૭ (૯) ની જોગવાઈને સુસંગત નથી તેમજ સદર અધિનિયમ મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી ક્રિએટ કરીને કે નવુ રૂપ આપીને માહિતી આપવાની રહેતી નથી.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની અપીલ અરજી સંદર્ભેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૨ તા.૨૪/૦૮/૧૫ થી મજકુર અરજદારને તેઓની અપીલ અરજી સંદર્ભેની આધાર/પુરાવા હોય તો તે રજુ કરવા જણાવવામાં આવેલ હતું,તે અન્વયે અપીલ અરજી સંદર્ભે તા.૧૭/૦૮/૧૫ થી લેખીત પુર્તતા કરી જણાવેલ છે કે અમોને માહિતી લેખિતમાં જોઈએ છે રેકર્ડ ચેક કરવાનો નથી, જો માહિતી વિસ્તૃત છે એ સંજોગોમાં એનેક્ષરી(ઈન્ડેક્ષ) પ્રમાણે બનાવીને આપશો તો પણ સ્વીકાર્ય છે તે મુજબની રજુઆત કરેલ છે. તેમજ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૪૨ તા.૨૪/૦૮/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ અપીલ અરજી પરત્વે પુર્તતા કરવા જણાવવામાં આવેલ હતું,તે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/૬૬૦ તા.૨૮/૦૮/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

જેમાં વર્ષ ૨૦૧૩–૧૪,૨૦૧૪–૧૫,૨૦૧૫–૧૬ દરમ્યાન સુરત મ.ન.પા.ના કતલખાના ખસેડવા માટે મળેલ અરજીઓ અને થયેલ પ્રવૃત્તિઓ તેમજ લેવાયેલા નિર્ણયોની નકલ અને વિગતો બાબતે સદરહુ માહિતી ખુબ જ વિસ્તૃત હોય ઓફિસ કામકાજના સમય દરમ્યાન રેકર્ડ તપાસણી કરવા અંગેનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે.અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/ પીઓ / આરટીઆઈ/અપીલ/૪૫ તા.૨૭/૦૮/૧૫ થી તા.૦૪/૦૯/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ)અને એપેલેટ ઓફિસરશ્રી,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ પરંતુ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૨૦/૦૭/૧૫ ની આરટીઆઈની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ તપાસણી કરવા અંગે પ્રસ્તાવ આપેલ હોય અરજદાર જો ઈચ્છુક હોય તો માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના નિયમ—૫(ખ) (૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ પ્રસ્તાવ સ્વિકારી નિયમોનુસાર ફી ભરપાઈ કરી જરૂરીયાત મુજબની માહિતી મેળવવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૯/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

## સને ૨૦૧૫–૧૬
## ઓકટોબર થી ડીસેમ્બર

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૧<br>તા.૨૫/૦૮/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણભાઈ મથુરભાઈ પટેલની તા.૦૧/૦૮/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી.નં.૪૩૫) થી દોરાબદારૂ એન્ડ સન્સ, હાર્દિક પાર્ક, હનીપાર્ક રોડ, સુરત ફુડ એન્ડ સેફટીનું લાયસન્સની મુદત કઈ તારીખે પુરી થઈ લાયસન્સની નકલ વિગેરે બાબતે માંગેલ કુલ–૪ મુદ્દાઓની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૯<br>તા.૨૦/૧૦/૨૦૧૫ |
| ૨૨<br>તા.૦૧/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રણઘીશ બી સિંહની તા.૧૬/૦૬/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૨૭/૬૦૦/૫૪૭૮ થી નાગસેન નગરના પ્લોટ.નં.૯૮ પાંડેસરા ગામમા કે.જી.એન.ચીકન સેન્ટરને આપની કચેરી તરફથી પરવાના આપવામાં આપેલ છે વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૯<br>તા.૧૩/૧૦/૨૦૧૫ |
| ૨૩<br>તા.૦૧/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રણઘીશ બી સિંહની તા.૧૬/૦૬/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૨૭/૬૦૦/૫૪૭૮ થી નાગસેન નગરના પ્લોટ.નં.૯૮ પાંડેસરા ગામમા કે.જી.એન.ચીકન સેન્ટરને આપની કચેરી તરફથી પરવાના આપવામાં આપેલ છે વિગેરે બાબતે કુલ–૩ મુદ્દાઓની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૬<br>તા.૦૯/૧૦/૨૦૧૫ |
| ૨૪<br>તા.૦૯/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રીસંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૧૧/૦૫/૨૦૧૫ ની(આઈ.ડી. નં.૩૩૨) થી ચાઈનીઝની લારીઓ ઉપર વપરાતા હાજીનો મોટોના વપરાશ સામે છેલ્લા છ માસ દરમ્યાન ફુડ વિભાગ ધ્વારા કરવામાં આવેલ ઈન્સ્પેકશન તથા તે સામે કરેલ કાર્યવાહી વિગેરે બાબતે કુલ–૭ મુદ્દાઓની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૪<br>તા.૦૪/૧૧/૨૦૧૫ |
| ૨૫<br>તા.૧૦/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આરટીઆઈની તા.૧૭/૦૬/૧૫ (આઈ.ડી. નં.૧૯૪)થી પુર્વ ઝોન (વરાછા)ના સુરત મહાનગર સેવા સદનના કુલ કેટલા કોન્ટ્રાકટર ઈજારદારની સંખ્યા, ટ્રેકટરો ચાલે છે જે કોન્ટ્રાકટરોનું નામ, સરનામુ અને મોબાઈલ નંબર, પાનકાર્ડ સહિતની વિગેરે બાબતની કુલ –૧૩ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૬<br>તા.૧૯/૧૦/૨૦૧૫ |

# સને ૨૦૧૫–૧૬
# ઓકટોબર થી ડીસેમ્બર

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૨૬<br>તા.૧૧/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી શ્રી સંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૧૭/૦૪/૨૦૧૫ની (આઈ.ડી. નં.૧૩૯)થી અરજી ડે.ઈજનેર અને જાહેર આરોગ્ય વિભાગ હસ્તક ફુડ વિભાગને આંશીક લાગત મુદ્દા નં.૯ થી સુરત મહાનગરપાલિકામાં ફુડ વિભાગની સેવા દરેક ઝોનમાં છે તે અંગેની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૩<br>તા.૦૪/૧૧/૨૦૧૫ |
| ૨૭<br>તા.૧૧/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગદીશભાઈ રામુભાઈ પટેલની તા.૧૦/૦૬/૧૫ આરટીઆઈ (આઈ.ડી. નં.૨૮૨)થી રેસ્ટોરન્ટના માલિક ધ્વારા નોન વેજ રેસ્ટોરન્ટ ચલાવવા માટેની પરમીશન લીધેલ છે., નોન વેજ રેસ્ટોરન્ટ માટે મહાનગરપાલિકા પાસે પુર્વ મંજુરી લીધી છે. વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૦<br>તા.૧૩/૧૦/૨૦૧૫ |
| ૨૮<br>તા.૩૦/૦૯/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ/શ્રી મુકેશભાઈ સી પટેલની આરટીઆઈની તા.૦૪/૦૯/૧૫ ની (આઈ.ડી.નં.૧૨૨૧)થી કેન્દ્ર સરકારના સ્વચ્છતા અભિયાન મિશનમાં સુરત શહેર અને સુરત જિલ્લામાં કેટલા રૂપિયાની ગ્રાંટ ફાળવવામાં આવી વિગેર કુલ–૦૪ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૯<br>તા.૧૬/૧૧/૨૦૧૫ |
| ૨૯<br>તા.૧૨/૧૦/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૨૫/૦૮/૨૦૧૫ ની(આઈ.ડી. નં.૧૩૨૨) થી તા.૦૬/૦૮/૧૫ના રોજ સંદેશ દૈનિકમાં છપાયેલ અહેવાલ " શહેરીજનો પાણીપુરીનો ચટાકો લેતા પહેલા ચેતજો, પાણીપુરીમાં સડેલા બટાકાનો ઉપયોગ " ના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની આધારો સાથેની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૫<br>તા.૦૭/૧૧/૨૦૧૫ |
| ૩૦<br>તા.૦૮/૧૦/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ આર. તરસરીયા ધ્વારા તેઓની તા.૦૧/૦૯/૨૦૧૫ ની (આઈ.ડી.નં.૧૩૯૭) થી આરોગ્ય કેન્દ્ર (સુરત મહાનગરપાલિકા)ના ડોકટર તેમજ આસીસ્ટન્ટનો કામનો સમય કેટલો ફાળવવામાં આવેલ છે વિગેરે બાબતે કુલ–૭ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૭<br>તા.૦૯/૧૧/૨૦૧૫ |

# સને ૨૦૧૫–૧૬
# ઓકટોબર થી ડીસેમ્બર

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૧<br>તા.૨૯/૧૦/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈય્યદ ફરીદ ગુલામ મોહમ્મદ ધ્વારા તેઓની તા.૦૧/૦૯/૨૦૧૫ ની(આઈ.ડી.નં.૧૩૮૨) થી ડો.અરૂણાબેન એમ પટેલ કર્મ.નં.૧૦૪૪૮ ની એસએમસી માં નિમણુંક પામી દાખલ તારીખ તથા ફરજ પર હાજર તારીખની નકલ વિગેરે બાબતે કુલ–૭ મુદૃાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૬<br>તા.૦૯/૧૧/૨૦૧૫ |
| ૩૨<br>તા.૧૭/૧૧/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર. મિશ્રાની તા.૩૧/૦૮/૧૫ ની (આઈ.ડી.નં.૧૩૭૫) થી પે એન્ડ યુઝડ (ટોયલેટ) ના સંચાલનના ટેન્ડરો જે વ્યકિત અથવા સંસ્થાને મળેલ હોય તેઓના નામ સરનામાં ઈત્યાદી વિગેરે બાબતે કુલ–૦૫ મુદૃાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૪<br>તા.૦૭/૧૨/૨૦૧૫ |
| ૩૩<br>તા.૧૦/૧૧/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૦૭/૦૯/૨૦૧૫ની(આઈ.ડી.નં.૧૪૫૩) ની અરજીથી ખજોદ ખાતેના કચરાના નિકાલના પ્રોજેકટ તથા અન્ય ઉત્પાદન કરવાના પ્રોજેકટો વિગેરે મુદૃાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૭<br>તા.૦૫/૦૧/૨૦૧૬ |
| ૩૪<br>તા.૦૫/૧૨/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી વૈશાલી ડી. મહેતાની તા.૩૦/૦૯/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૧૬૧૯) થી એન.એચ.એમ./ આર.સી.એચ.–૨ પ્રોગ્રામ અંતર્ગત ઓપન ઈન્ટરવ્યુંથી ફિમેલ હેલ્થ વર્કરની જાહેરાતના અનુસંધાને એન.એચ.એમ.ની ગાઈડ લાઈન મુજબ ફીમેઈલ હેલ્થ વર્કરની ભરતી માટે ઈન્ડિયન નર્સીગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન ફરજીયાત હોય છે ? જો હા તો તે સંબંધિત પુરાવાઓ ઉપલબ્ધ કરાવવા વિનંતી. જો ના તો આપના વિભાગ ધ્વારા આપવામાં જાહેરાતમાં ઈન્ડિયન નર્સીગ કાઉન્સીલની માન્યતાને ફરજીયાત શા માટે દર્શાવવામાં આવેલ છે વિગેરે બાબતની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૯<br>તા.૦૬/૦૧/૨૦૧૪ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/36/2015. Dt.25/08/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી પ્રવિણભાઈ મથુરભાઈ પટેલ
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૧/૦૮/૧૫ ની આરટીઆઈ એકટ–ર૦૦પ હેઠળની અરજી (આઈ.ડી.નં.૪૩પ) થી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં.સી/આરટીઆઈ/ ૮૭૧ તા.૧૩/૦૩/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને સીની.ચીફ સેનેટરી ઈન્સ્પેકટર(વેસ્ટ ઝોન), ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર , ફુડ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી(૧) દોરાબદારૂ એન્ડ સન્સ, હાર્દિક પાર્ક, હનીપાર્ક રોડ, સુરત ફુડ એન્ડ સેફટીનું લાયસન્સની મુદત કઈ તારીખે પુરી થઈ લાયસન્સની નકલ આપવા બાબત. (ર) ફુડ એન્ડ સેફટીનું લાયસન્સ રીન્યુ કરવા કયા કયા દસ્તાવેજો આપેલા છે તેની નકલ આપવા બાબત. (૩) દુકાન વગર લાયસન્સે ચાલતી હોય તો આરોગ્ય શાખા તરફથી શું પગલા લેવામાં આવ્યા તે બાબત. (૪) ફુડ એન્ડ સેફટીનું લાયસન્સ રીન્યુ કરેલ હોય તો તેની ઝેરોક્ષ નકલ આપવા બાબતની મુદ્દાઓની માંગણી કરેલ હતી. ઉકત અરજીનાં મુદ્દાઓ બાબતે આરટીઆઈ એકટ–ર૦૦પ ના નમૂનો 'ક' માં અરજી સાદર કર્યા પછી અમો અરજદારની અરજી પ્રમાણે માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી અને અધુરી માહિતીઓ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ અપીલ સત્તાધિકારી અને મે.આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.ર૪/૦૮/૧૫ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.રપ/૦૮/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજીના અનુસંધાને અરજદારને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ),ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧ર૬૦ તા.૦૭/૦૮/૧૫ થી મુદ્દા નં.૧ પરત્વેની માહિતીની નકલ મેળવવા રૂા.૪/– દસ્તાવેજી ચાર્જ ભરપાઈ કરી નકલ મેળવવા જણાવવામાં આવેલ હોવાનું જણાય છે. મુદ્દા નં.ર પરત્વેની ફુડ અને સેફટી લાયસન્સ રીન્યુ કરવા આપેલા દસ્તાવેજોની માહિતી પુરી પાડેલ છે પરંતુ નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૩ પરત્વેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા મુદ્દા નં.૪ પરત્વેની ફુડ અને સેફટી લાયસન્સ રીન્યુઅલની કાર્યવાહી ચાલુ છે તેમ જણાવેલ છે. પરંતુ જો તે કાર્યવાહી પુર્ણ થયેલ હોય તો તેની નકલ અરજદારને પુરી પાડવાની રહે છે. જે અનુસંધાને અરજદારે તેઓની અરજી પ્રમાણે માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી અને અધુરી માહિતીઓ આપેલ હોવાનું જણાવેલ હોય,અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–પ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/અપીલ/૪૪ તા.ર૬/૦૮/૧૫ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારીશ્રી ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસરશ્રી વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ ફુડ/૧૭પર તા.૧૯/૦૯/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વેનારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ ન હોય અરજદારની અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૬ર તા.૧૯/૦૯/૧૫ થી તા.ર૮/૦૯/૧૫ ના રોજ બપોરે ૧: ૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ સદર દિને અરજદાર અન્ય કામમાં રોકાયેલ હોવાનું જણાવી રૂબરૂ સુનાવણી અંગે ફરી બીજી તારીખ ફાળવી આપવા જણાવેલ હોય પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬પ તા.૦૧/૧૦/૧૫ થી તા.૦૮/૧૦/૧૫ના રોજ બપોરે ૧ર:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે મુજબ ઉકત દિને અરજદારના પ્રતિનિધિ શ્રી તારાબેન પી.પટેલ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ),વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી તથા અરજદારના પ્રતિનિધિ ધ્વારા કરેલ રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૧/૦૮/૧૫ ની અરજી (આઈ.ડી.નં.૪૩પ) થી માંગવામા આવેલ મુદ્દાઓની માહિતી પૈકી મુદ્દા નં.ર પરત્વેની લાયસન્સ કઢાવવા માટે રજુ કરેલ દસ્તાવેજોની નકલો તથા મુદ્દા નં.૪ પરત્વે ફુડ એન્ડ સેફટીનું લાયસન્સ રીન્યુ કરવાની કામગીરી જો પુર્ણ થયેલ હોય તો તે માહિતીની નકલ પણ અરજદારને આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) વિભાગને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/ર૦૧પ

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/40/2015. Dt.01/09/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી રણધીશ બી સિંહ.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી રણધીશ બી સિંહની તા.૧૬/૦૬/૧૫ આરટીઆઈ(આઈ.ડી.નં.૨૨૭/૬૦૦/૫૪૭૮)થી જાહેર માહિતી અધિકારીશ્રી, સાઉથ ઝોન (ઉધના) સુરતને સંબોધીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સાઉથ ઝોન) ના પત્ર સા.ઝોન/આરટીઆઈ/આરોગ્ય/૧૯ તા.૨૬/૦૬/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગને તબદીલ કરવામાં આવેલ અરજીથી કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જેમાં મુદ્દા.નં. ૧) સદર અરજીથી નાગસેન નગરના પ્લોટ.નં.૯૮ પાંડેસરા ગામમા કે.જી.એન.ચીકન સેન્ટરને આપની કચેરી તરફથી પરવાના આપવામાં આપેલ છે,જેની ઝેરોક્ષ નકલો મુદ્દા.નં. ૨) જો એમને પરવાના આપવામાં આવેલ હોય તો આજ સુધી આપના ઓફિસ તરફથી કરેલ કાર્યવાહીની ઝેરોક્ષ કે નોટીસની નકલો આપવી. મુદ્દા.નં. ૩) આ ચિકન ખાવાથી લોકો બીમાર થાય છે, આ ખબર મને આપવામાં આવેલ છે અને તપાસ કરતા પણ જાણવા મળેલ છે કે ત્યાં ગંદકીનો સામ્રાજય છે અને દુર્ગંધ પણ આવે છે મચ્છરોનો પણ ગંદકી હોવાથી ત્રાસ છે આના વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની નકલો અને ચિકનનો આપેલ લેબોરેટરીનો રીપોર્ટની નકલોની માહિતી માંગેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ફુડ/૧૫૮૯ તા.૧૦/૦૯/૧૫ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હતી, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે અપીલ સત્તાધિકારી સાઉથ ઝોન(ઉધના), સુરતને ઉદ્દેશીને તા.૨૧/૦૭/૧૫ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી,સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૦૪ તા.૨૧/૦૮/૧૫ થી અપીલ અધિકારી અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રીને તબદીલ કરેલ છે. જે અત્રે તા.૦૧/૦૯/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોય,તેમ છતાં નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૧/૦૭/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૬ તા.૦૧/૦૯/૨૦૧૫ થી મજકુર અરજદારને જણાવવામાં આવેલ,પરંતુ અરજદાર તરફથી અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી.તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૪૭ તા.૦૧/૦૯/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ પ્રતિ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે બાબતે જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૧૫૯૦ તા.૧૦/૦૯/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં **મુદ્દા નં.૧** પરત્વે નાગસેન નગરના પ્લોટ.નં.૯૮ પાંડેસરા ગામમા આવેલ કે.જી. એન. ચીકન સેન્ટર નામની સંસ્થાને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અને તેના નિયમો હેઠળનું લાયસન્સ કે રજીસ્ટ્રેશન આપવામાં આવેલ નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. **મુદ્દા નં. ૨** થી પ્રસ્તુત મુદ્દા પરત્વે ફુડ વિભાગમાંથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. **મુદ્દા નં.૩** થી માંગેલ માહિતી ફુડ વિભાગને લાગત ન હોવાનું જણાય છે.તેમ છતાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/૫૯ તા.૧૯/૦૯/૧૫ થી તા.૨૮/૦૯/૧૫ ના રોજ સાંજે ૧૧:૪૫ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૧૬/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા.નં.૧ તથા ૨ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તથા રૂબરૂ સુનાવણી સમયે અરજદાર ધ્વારા અરજીના મુદ્દા.નં.૩ પરત્વે નિકાલ થયેલ ન હોવાનું જણાવેલ છે, જયારે અરજીના મુદ્દા નં.૩ ની માહિતી ફુડ વિભાગને લાગત ન હોવાનું સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીએ રૂબરૂ સુનાવણીમાં જણાવેલ છે જે ઉચિત જણાય છે. આ બાબતે રૂબરૂ સુનાવણી સમયે અરજદારની સાથે જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે તથા મુદ્દા નં.૩ ની માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રી, ઉધના ઝોનને રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારની હાજરીમાં ફરીયાદનો નિકાલ કરવા બાબતે જણાવેલ છે.જે બાબતે અરજદારે સંતોષ પણ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વધારાની કરવાની રહેતી ન હોય,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૫

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/41/2015. Dt.01/09/2015.**

આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી રણધીશ બી સિંહ.

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી રણધીશ બી સિંહની તા.૧૬/૦૬/૧૫ આરટીઆઈ(આઈ.ડી.નં.૨૨૭/૬૦૦/૫૪૭૮)થી જાહેર માહિતી અધિકારીશ્રી, સાઉથ ઝોન (ઉધના) સુરતને સંબોધીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સાઉથ ઝોન) ના પત્ર સા.ઝોન/આરટીઆઈ/આરોગ્ય/૧૯ તા.૨૬/૦૬/૧૫ થી એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગને તબદીલ કરવામાં આવેલ અરજીથી કુલ–૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જેમાં મુદ્દા.નં. ૧) સદર અરજીથી નાગસેન નગરના પ્લોટ.નં.૯૮ પાંડેસરા ગામમા કે.જી.એન.ચીકન સેન્ટરને આપની કચેરી તરફથી પરવાના આપવામાં આપેલ છે,જેની ઝેરોક્ષ નકલો મુદ્દા.નં. ૨) જો એમને પરવાના આપવામાં આવેલ હોય તો આજ સુધી આપના ઓફિસ તરફથી કરેલ કાર્યવાહીની ઝેરોક્ષ કે નોટીસની નકલો આપવી. મુદ્દા.નં. ૩) આ ચિકન ખાવાથી લોકો બીમાર થાય છે, આ ખબર મને આપવામાં આવેલ છે અને તપાસ કરતા પણ જણવા મળેલ છે કે ત્યાં ગંદકીનો સામ્રાજય છે અને દુર્ગંધ પણ આવે છે મચ્છરોનો પણ ગંદકી હોવાથી ત્રાસ છે આના વિરૂઘ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની નકલો અને ચિકનનો આપેલ લેબોરેટરીનો રીપોર્ટની નકલોની માહિતી માંગેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ માર્કેટ/૫૨૯ તા.૦૧/૦૮/૧૫ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હતી, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે અપીલ સત્તાધિકારી સાઉથ ઝોન(ઉધના), સુરતને ઉદ્દેશીને તા.૨૧/૦૭/૧૫ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અરજી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી, સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૦૩ તા.૨૧/૦૮/૧૫ થી અપીલ અધિકારી અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રીને તબદીલ કરેલ છે. જે અત્રે તા.૦૧/૦૯/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોય તેમ છતાં નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૧/૦૭/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૪૬ તા.૦૧/૦૯/૨૦૧૫ થી મજકુર અરજદારને જણાવવામાં આવેલ,પરંતુ અરજદાર તરફથી અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી.તથા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૪૮ તા.૦૧/૦૯/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ પ્રતિ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે બાબતે જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ માર્કેટ/૭૦૦ તા.૦૭/૦૯/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં **મુદ્દા નં.૧** પરત્વે નાગસેન નગરના પ્લોટ.નં.૯૮ પાંડેસરા ગામમા કે.જી. એન. ચીકન સેન્ટરને માર્કેટ વિભાગમાંથી પરવાનો આપેલ ન હોય, તેની ઝેરોક્ષ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. **મુદ્દા નં. ૨** થી પ્રસ્તુત મુદ્દા પરત્વે માર્કેટ વિભાગના સુપરવાઈઝરી સ્ટાફે કે.જી.એન. ચિકન સેન્ટરની મુલાકાત લઈ દાખવામા આવતી ક્ષતિઓ બદલ રૂા.૧૦૦૦/–વહીવટી ચાર્જ વસુલ કરેલ છે તથા સંબંધિત વોર્ડના આરોગ્ય નિરીક્ષકની કાયદાકીય પગલા લેવા સુચન આપેલ હોવાનું જણાય છે. **મુદ્દા નં.૩** થી માંગેલ માહિતી માર્કેટ વિભાગને લાગત ન હોવાનું જણાય છે.તેમ છતાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ઘ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/૫૮ તા.૧૮/૦૯/૧૫ થી તા.૨૮/૦૯/૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૧૬/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (માર્કેટ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા.નં.૧ તથા ૨ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તથા રૂબરૂ સુનાવણી સમયે અરજદાર ધ્વારા અરજીના મુદ્દા.નં.૩ પરત્વે નિકાલ થયેલ ન હોવાનું જણાવેલ છે, જયારે અરજીના મુદ્દા નં.૩ ની માહિતી માર્કેટ વિભાગને લાગત ન હોવાનું સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીએ રૂબરૂ સુનાવણીમાં જણાવેલ છે જે ઉચિત જણાય છે. આ બાબતે રૂબરૂ સુનાવણી સમયે અરજદારની સાથે જરૂરી સ્પષ્ટતા કરવામાં આવેલ છે તથા મુદ્દા નં.૩ ની માંગેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારીશ્રી, ઉધના ઝોનને રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારની હાજરીમાં ફરીયાદનો નિકાલ કરવા બાબતે જણાવેલ છે.જે બાબતે અરજદારે સંતોષ પણ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વધારાની કરવાની રહેતી ન હોય,અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૧૦/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. SMC/PHD/FAP/44/2015. Dt.09/09/2015.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::— શ્રી સંજય આર.પાઠક

સામાવાળા ::— જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૧૧/૦૫/૨૦૧૫ની(આઈ.ડી.નં.૩૩૨) ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક /૬૧૦ તા.૧૨/૦૫/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીથી ચાઈનીઝની લારીઓ ઉપર વપરાતા હાજીનો મોટોના વપરાશ સામે છેલ્લા છ માસ દરમ્યાન ફુડ વિભાગ ધ્વારા કરવામાં આવેલ ઈન્સ્પેકશન તથા તે સામે કરેલ કાર્યવાહી વિગેરે બાબતે કુલ—૭ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ)ને લાગત મુદ્દા નં.૩ થી ૭ પરત્વેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે , અરજદારે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ ગેરમાર્ગે દોરતી માહિતી પુરી પાડવામાં આવેલ છે એમ જણાવી વિનામુલ્યે માહિતી પુરી પાડવાનું જણાવી તા.૨૫/૦૮/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન)ને ઉદેશીને અપીલ અરજી કરેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ )તરફથી પત્ર.નં.પીએચડી/ ફુડ/૮૮૭ તા.૦૪/૦૭/૨૦૧૫ થી અરજદારને સમય મર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થયેલ હોવાનું જણાવી અરજદારે તા.૨૫/૦૮/૧૫ ના રોજ અપીલ કરેલ છે, જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન—૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી ફુડ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ)તરફથી પત્ર.નં.પીએચડી/ફુડ/૧૫૬૫ તા.૧૧/૦૯/૨૦૧૫ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જે અનુસંધાને અરજદારની તા.૧૧/૦૫/૨૦૧૫ ની (આઈ.ડી.નં.૩૩૨) થી માંગેલ **મુદ્દા.નં.૩** થી ચાઈનીઝની લારીઓ ઉપર વપરાતા હાજીનો મોટોના વપરાશ સામે છેલ્લા છ માસ દરમ્યાન ફુડ વિભાગ ધ્વારા કરવામાં આવેલ ઈન્સ્પેકશન તથા તે સામે કરેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ હતી, જે કાર્યવાહીની માહિતી પુરી પાડવાના બદલે તપાસ દરમ્યાન આરોગ્યલક્ષી ખામીઓ જણાતા જરૂરી સુચના આપવામાં આવેલ છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. **મુદ્દા નં.૪** થી ફુડ વિભાગ ધ્વારા જાહેરમાં ચાલતા લારીઓમાં વેચતા બિન આરોગ્યપ્રદ નાસ્તા અને ભોજનોની કરેલ ચેકીંગ તથા તેના આધારે કરેલ કાર્યવાહીઓની (છેલ્લા એક વર્ષની) માહિતી પુરી પાડવાના બદલે તપાસ દરમ્યાન આરોગ્યલક્ષી ખામીઓ જણાતા જરૂરી સુચના આપવામાં આવેલ છેતે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. **મુદ્દા નં.૫** થી લાયસન્સ વગર ચાલતી દુકાનો, બેકરીઓ સામે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઓની માહિતી પુરી પાડશો. (છેલ્લા એક વર્ષની) જે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે ધ્યાને લેતા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાતુ હોય કોઈ હુકમ કરવાનો રહેતો નથી. **મુદ્દા નં.૬** થી ફુડ વિભાગને લગતા તમામ કાર્યોની માહિતી બાબતે સેફટી ઓફિસરો ધ્વારા કરવામાં આવતી કામગીરીની નકલ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે યોગ્ય જણાય છે જયારે **મુદ્દા નં.૭** થી ફુડ વિભાગ ધ્વારા મીઠાઈની દુકાનો, ડેરીઓ તથા હોટલની કરેલ ચેકીંગ તથા તેઓ સામે કરેલ કાર્યવાહીની આધાર પુરાવા સહિત (છેલ્લા એક વર્ષ) ની માહિતી માંગેલ હતી. જેના બદલે લીધેલ નમુનાઓ મીસ બ્રાન્ડેડ / સબ સ્ટાન્ડર્ડ કે અનસેફ જાહેર થાય તેવા જવાબદાર ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવે છે તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

વધુમાં અરજદારએ આરટીઆઈ એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ અરજીનાં અનુસંધાને બન્ને પક્ષોને રૂબરૂ સાંભળવાના હેતુસર રૂબરૂ સુનાવણી આરોગ્ય અધિકારી અને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાની આરોગ્ય ખાતાની મુખ્ય કચેરી મુગલીસરા સુરત ખાતે અનુક્રમે તા.૨૮/૦૯/૨૦૧૫ના રોજ બપોરે ૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૬૧ તા.૧૯/૦૯/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી તા.૦૮/૧૦/૨૦૧૫ના રોજ બપોરે ૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૬૪ તા.૦૧/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું , પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ઉકત સ્થળે હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૭૪ તા.૧૪/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું તેમજ સદર દિને આ બાબતે તેઓ સાથે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતે તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૪૫ કલાકે ટેલીફોનીક પૃચ્છા કરવામાં આવતા તેઓએ સુનાવણીમાં હાજર રહી શકાશે નહિ પરંતુ અપીલમાં જણાવ્યા મુજબ અમારા પક્ષમાં નિર્ણય લઈ બાકી રહેલ પુરી પાડવાજોગ રેકર્ડ આધારીત માહિતી અમોને વિનામુલ્યે પુરી પાડવામાં આવે તેમ જણાવવામાં આવેલ હતું.

આમ અરજદારની મુળ અરજી, અપીલ તબકકે કરેલ ટેલીફોનીક રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ,તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧/૦૫/૨૦૧૫ ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડવિભાગ) તરફથી સમયમર્યાદા બાદ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં જાહેર માહિતી અધિકારી ઘ્વારા પુરી પાડવામાં આવેલ ફુડ વિભાગને લાગત માહિતીના વિવિધ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૩, ૪ અને ૭ પરત્વે અરજદારે અરજીમાં દર્શાવેલ માહિતી વિવરણમાં જણાવેલ વિગતનો અભ્યાસ કરતાં ઉપરોકત વિગતે અરજદાર ઘ્વારા માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું નથી, આથી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ) ને દિન—૭ મા અરજદારને રેકર્ડ ચકાસણીનો પ્રસ્તાવ આપવા તથા રેકર્ડ તપાસણી દરમ્યાન અરજદાર ઈચ્છે તેટલી જરૂરયાત મુજબની નકલો અરજદારને આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ)ને આદેશ કરવામાં આવે છે. જયારે મુદ્દા નં.૫ તથા ૬ અંગેની માહિતી અરજદારને ઉકત વિગતે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ હોય તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી નથી તેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ)ને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૧/૨૦૧૫

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/45/2015. Dt.10/09/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આરટીઆઈની તા.૧૭/૦૬/૧૫(આઈ.ડી.નં.૧૯૪)ની અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./આરટીઆઈ /૧૯૪ તા.૧૮/૦૬/૧૫ થી સીની.ચીફ ઈન્સ્પેકટર , પુર્વ ઝોન (વરાછા)ને તબદીલ કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક , વરાછા ઝોન ધ્વારા પત્ર નં./આરટીઆઈ સેલ/આઉટ/૬૫૭ તા.૦૩/૦૭/૧૫ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં આંશિક તબદીલ કરવામાં આવેલ હતી. જે અરજી સો.વે.મે. વિભાગમાં તા.૦૩/૦૭/૧૫ના રોજ પ્રાપ્ત થયેલ હતી.

જે અરજીથી પુર્વ ઝોન (વરાછા)ના સુરત મહાનગર સેવા સદનના કુલ કેટલા કોન્ટ્રાકટર ઈજારદારની સંખ્યા, ટ્રેકટરો ચાલે છે જે કોન્ટ્રાકટરોનું નામ, સરનામુ અને મોબાઈલ નંબર, પાનકાર્ડ સહિતની માહિતી આપશો. પાનકાર્ડ વગરની માહિતી અપુરતી અધુરી ગણવામાં આવશે પુર્વ ઝોન વરાછાની વોર્ડ ઓફિસ કયાં અને કેટલી આવેલી છે. જે વોર્ડ ઓફિસના સરનામા, નામ, એ.એસ.આઈ.નું નામ, કર્મચારી નંબર સહિત સેવાપોથી વિગેરે બાબતની કુલ –૧૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી

જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આઉટ વર્ડ નં./આરટીઆઈ/૪૪ તા.૨૧/૦૭/૧૫ થી અરજદારને સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જયારે અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરથી નારાજ થયેલ હોવાનું અપીલ અરજીમાં જણાતુ નથી, પરંતુ સુરત મહાનગર સેવા સદનના શહેરી વિકાસ અને આરોગ્ય વિભાગ, પુર્વ ઝોન (વરાછા) મારફતે અધુરી અપુરતી / પુરેપુરી માહિતી જણાવેલ નથી. તેમ જણાવી નારાજ થઈ અરજદારે તા.૧૧/૦૮/૧૫ ના રોજ અપીલ અધિકારી અને એડી.સીટી ઈજનેરશ્રી, વરાછા ઝોનને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અરજી એપેલેટ ઓફિસર અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, વરાછા ઝોન ધ્વારા પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ/૯૪૪ તા.૨૪/૦૭/૧૫ થી અપીલ અધિકારીશ્રી અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ હતી. જે સો.વે.મે. વિભાગમાં તા.૨૫/૦૮/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ હતી.સદર અપીલ અરજી પરત્વેની જરૂરી કાર્યવાહી થવા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી પર્સોનેલ ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ વિભાગને મોકલવામાં આવેલ જે તા.૧૦/૦૯/૧૫થી આરોગ્ય મહેકમ વિભાગને પ્રાપ્ત થયેલ હતી.

ઉકત અપીલ અરજીના અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી સુરત મહાનગર સેવા સદનના શહેરી વિકાસ અને આરોગ્ય વિભાગ, પુર્વ ઝોન (વરાછા) મારફતે અધુરી અપુરતી માહિતી પુરી પાડવામાં આવેલ છે તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદાર મજકુરને(સો.વે.મે.) વિભાગને લાગત આંશિક મુદ્દા નં.૧, ૩, ૪ તથા ૬ ની માહિતી. પત્ર નં.પીએચડી/સો.વે.મે./આઉટ વર્ડ નં./આરટીઆઈ/૪૪ તા.૨૧/૦૭/૧૫ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાયેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૬૩ તા.૨૮/૦૯/૧૫ થી તા.૦૯/૧૦/૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પી.) અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી જુની. ઈજનેરશ્રી જે.ડી.ટોપીવાલા જાહેર માહિતી અધિકારી તરીકે હાજર રહેલ હતાં.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે.) વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૧૭/૦૬/૧૫ ની અરજી (આઈ.ડી.નં.૧૯૪)થી માંગવામાં આવેલ માહિતી અન્વયે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત મુદ્દા નં.૧, ૩, ૪ તથા ૬ પરત્વેની પુરી પાડવાની રહેતી બાકી માહિતી આરટીઆઈની કલમ–(૭)૬ અન્વયે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૭ માં વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી(સો.વે.મે.) વિભાગને હુકમ કરવામાં આવે છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી(સો.વે.મે.)વિભાગને ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/47/2015. Dt.11/09/2015.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી સંજય આર.પાઠક

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૧૭/૦૪/૨૦૧૫ની(આઈ.ડી.નં.૧૩૯)ની અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફ્ટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીથી કુલ–૯ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જેમાં આરોગ્ય વિભાગ હસ્તક ફુડ વિભાગને આંશીક લાગત મુદ્દા નં.૯ થી સુરત મહાનગરપાલિકામાં ફુડ વિભાગની સેવા દરેક ઝોનમાં છે તે અંગેની માહિતીની માંગણી કરેલ હતી. જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગને લાગત મુદ્દા નં. ૯ પરત્વેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે , અરજદાર ધ્વારા તેઓને માહિતી આજદિન સુધી મળેલ નથી. જેથી વિનામુલ્યે માહિતી પુરી પાડવાનું જણાવી નારાજ થઈ તા.૧૦/૦૮/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછા ઝોનને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અરજી ફુડ વિભાગ તરફથી આરોગ્ય મહેકમ વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે તા.૧૧/૦૯/૨૦૧૫ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ )તરફથી પત્ર.નં.પીએચડી/ ફુડ/૩૭૪ તા.૧૬/૦૫/૨૦૧૫ થી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને આરટીઆઈની અરજી પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી અંગેની નારાજગી સંદર્ભે અરજદાર મજકુરને તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૫૭ તા.૧૫/૦૯/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું, હતું તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,પરંતુ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ)તરફથી પત્ર.નં.પીએચડી/ફુડ/૧૭૫૦ તા.૧૯/૦૯/૨૦૧૫ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે.

વધુમાં અરજદાર તરફથી અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેમ છતાં અરજદારને તેઓની અપીલ અરજી પરત્વે તેઓને રૂબરુ સુનાવણી અર્થે અત્રેથી અનુક્રમે તા.૨૮/૦૯/૨૦૧૫ના રોજ બપોરે ૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/ પીઓ/ આર.ટી.આઈ/ અપીલ/૬૧ તા.૧૯/૦૯/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી તા.૦૮/૧૦/૨૦૧૫ના રોજ બપોરે ૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/ અપીલ/૬૪ તા.૦૧/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું , પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ઉકત સ્થળે હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૭૪ તા.૧૪/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું તેમજ સદર દિને આ બાબતે તેઓ સાથે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતે તા.૨૧/૧૦/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૪૫ કલાકે ટેલીફોનીક પૃચ્છા કરવામાં આવતાં તેઓએ સુનાવણીમાં હાજર રહી શકાશે નહિ પરંતુ અપીલમાં જણાવ્યા મુજબ અમારા પક્ષમાં નિર્ણય લઈ બાકી રહેલ પુરી પાડવાજોગ રેકર્ડ આધારીત માહિતી અમોને વિનામુલ્યે પુરી પાડવામાં આવે તેમ જણાવવામાં આવેલ હતું.

આમ અરજદારની મુળ અરજી, અપીલ તબકકે કરેલ ટેલીફોનીક રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ,તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

અરજદારની આરટીઆઈ એકટ હેઠળની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે અન્વયે અરજદારને પુરી પાડવા જોગ બાકી રહેતી માહિતીની નકલ આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન—૭ માં અરજદારને વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૧/૨૦૧૫

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/48/2015. Dt.01/09/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી જગદીશભાઈ રામુભાઈ પટેલ.
સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી જગદીશભાઈ રામુભાઈ પટેલની તા.૧૦/૦૬/૧૫ આરટીઆઈ(આઈ.ડી.નં.૨૮૨)થી જાહેર માહિતી અધિકારીશ્રી, રાંદેર ઝોનને સંબોધીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી(વેસ્ટ ઝોન) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર (ફુડ) વિભાગને તબદીલ કરવામાં આવેલ અરજીથી કુલ–૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જેમાં મુદ્દા.નં. ૧ રેસ્ટોરન્ટના માલિક ધ્વારા નોન વેજ રેસ્ટોરન્ટ ચલાવવા માટેની પરમીશન લીધેલ છે. મુદ્દા નં.૨ નોન વેજ રેસ્ટોરન્ટ માટે મહાનગરપાલિકા પાસે પુર્વ મંજુરી લીધી છે. મુદ્દા નં.૩ નોન વેજ રેસ્ટોરન્ટ માટે આરોગ્ય ખાતા તરફથી જરૂરી લાયસન્સ મેળવેલ છે. મુદ્દા નં.૪ લાવન્યા રેસ્ટોરન્ટ ના માલિક ધ્વારા પાલિકા પાસેથી જરૂરી ગુમાસ્તાધારાનું લાયસન્સ મેળવેલ છે.વિગેરે બાબતની માહિતી માંગેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી ઉકત અરજી અન્વયેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ફુડ/૭૩૯ તા.૨૨/૦૬/૧૫ થી અરજદાર મજકુરને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હતી, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે એપેલેટ ઓફિસરશ્રી , રાંદેર ઝોનને ઉદ્દેશીને તા.૦૫/૦૮/૧૫ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૮૦૫ તા.૧૦/૦૮/૧૫ થી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રીને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અરજી અત્રે તા.૧૧/૦૯/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી અરજદારને સમાધાન કારક જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૦૫/૦૮/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–પ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૫૬ તા.૧૫/૦૯/૨૦૧૫ થી મજકુર અરજદારને જણાવવામાં આવેલ,પરંતુ અરજદાર તરફથી અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી.તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ પ્રતિ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે બાબતે જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૧૫૭૧ તા.૧૫/૦૯/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં **મુદ્દા નં.૧** થી લાવન્યા રેસ્ટોરન્ટ નામની સંસ્થાને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અને તેના નિયમો હેઠળનું લાયસન્સ (રજીસ્ટ્રેશન નં.૨૦૭૧૪૦૩૧૦૦૪૬૫૭) તા.૧૮/૧૧/૧૪ થી આપવામાં આવેલ છે,જેની નકલ મેળવવા રૂા.૪/– દસ્તાવેજી ચાર્જ ભરપાઈ કરાવવા બાબતે અરજદાર મજકુરને જણાવવામાં આવેલ હોવાનું જણાય છે. **મુદ્દા નં. ૨ તથા મુદ્દા નં.૪** થી માંગેલ માહિતી ફુડ વિભાગને લાગત જણાતી નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. તથા **મુદ્દા નં.૩** થી માંગેલ માહિતીનો મુદ્દા નં.૧ માં પુરી પાડવામાં આવેલ માહિતીનો સમાવેશ થયેલ હોવાનું અરજદારને જણાવવામાં આવેલ હોવાનું જણાય છે. તેમ છતાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/૬૦ તા.૧૯/૦૯/૧૫ થી તા.૨૮/૦૯/૧૫ ના રોજ સાંજે ૧૨:૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા, સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૧૦/૦૬/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા.નં.૧ તથા ૩ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તથા મુદ્દા.નં.૨ તથા ૪ થી માંગેલ માહિતી ફુડ વિભાગને લાગત ન હોવાનું જણાવેલ છે,તે ઉચિત જણાય છે. તદઉપરાંત અરજદારે રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય તે અંગે કોઈ વધારાની માહિતીની જરૂરીયાત રહેતી નથી એમ જણાવી માહિતી સબબ સંતોષ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૦/૨૦૧૫

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/55/2014. Dt.30/09/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ/શ્રી મુકેશભાઈ સી પટેલ,
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ/શ્રી મુકેશભાઈ સી પટેલની આરટીઆઈની તા.૦૪/૦૯/૧૫ ની (આઈ.ડી.નં.૧૨૨૧)થી માહિતી અધિકારી કલેકટરશ્રી,કલેકટર કચેરીને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને મામલતદાર (બીનખેતી)સુરત ધ્વારા પત્ર.નં.એમએસસી/ આરટીઆઈ/ રજી.નં. ૨૧/૧૫ તા.૩૧/૦૮/૨૦૧૫ થી અન્ય વિભાગો તથા જાહેર માહિતી અધિકારી અને કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા ને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ)કચેરી ધ્વારા પત્ર.નં.સી/ આરટીઆઈ/૩૪૮ તા.૦૮/૦૯/૨૦૧૫ થી કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને અરજીના મુદ્દાઓ લાગત હોવાનું જણાવી તબદીલ કરેલ હતી.જે અરજીથી ૧)કેન્દ્ર સરકારના સ્વચ્છતા અભિયાન મિશનમાં સુરત શહેર અને સુરત જિલ્લામાં કેટલા રૂપિયાની ગ્રાંટ ફાળવવામાં આવી વિગેર કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગેલ હતી.જે અન્વયે અરજદારે જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ)ધ્વારા પત્ર.નં.પીએડી/સો.વે.મે./ આ.નં./ આરટીઆઈ/૭૦ તા.૨૨/૦૯/૧૫ થી પુરી પાડવામાં આવેલ હતી.જે અનુસંધાને ચોકકસ કયા વિભાગ ધ્વારા મળેલ માહિતીથી નારાજ થયેલ હોવાનું જણાવેલ નથી,પરંતુ કેન્દ્ર સરકારના સ્વચ્છતા અભિયાન અભિયાનની ગ્રાન્ટ આવેલ હોય તો તે અંગેનો ખર્ચ આવક વિગેરની માહિતી બે માસનો સમય થવા છતાં મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૪/૦૯/૨૦૧૫ ના રોજ અપીલ સત્તાધિકારી અને નિવાસી અધિક કલેકટરશ્રી કલેકટર કચેરી સુરતને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરેલ છે. જે અરજી તા.૩૦/૦૯/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે અરજદારની આરટીઆઈની અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તરફથી પત્ર જાવક નં.પીએચડી/સો.વે.મે/આઉટ/૭૦ તા.૨૨/૦૯/૧૫ થી અરજદારની આરટીઆઈની મુળ અરજી પરત્વે ફકત મુદ્દા નં.૧ પરત્વે પ્રત્યુત્તર આપવામાં આવેલ હોવાનું જણાય છે. અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૧ તા.૧૪/૧૦/૧૫ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ વિભાગ ધ્વારા તા.૨૦/૧૦/૨૦૧૫ થી જરૂરી પુર્તતા કરવામાં આવેલ છે.

વધુમાં ઉકત વિગતે અરજદારે માંગેલ માહિતીના મુદ્દા.નં.૧ થી ૫ પૈકી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા મુદ્દા.નં.૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી, તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત ધ્યાને લઈ અરજદારની તા.૦૪/૦૯/૨૦૧૫ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

# —:: હુકમ ::—

અરજદારને તા.૨૬/૧૧/૧૪ ની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ ધ્વારા મુદ્દા.નં.૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ મુદ્દા.નં.૨ થી ૫ પૈકીની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય,જે પૈકી બાકી રહેતી રેકર્ડ આધારીત માહિતી જો ખાતા પાસે ઉપલબ્ધ હોય તો તે અરજદારને આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં પુરી પાડવાની રહેશે.જો માહિતી ઉપલબ્ધ ન હોય તો તે અંગેની "નીલ" માહિતી પણ અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.    /૧૧/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/59/2015. Dt.12/10/2015.**
**આરોગ્ય મહેકમ વિભાગ.**

અરજદાર ::– શ્રી સંજય આર.પાઠક.

સામાવાળા::– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૨૫/૦૮/૨૦૧૫ની(આઈ.ડી.નં.૧૩૨૨)ની અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીથી કુલ–૯ મુદ્દાઓની માંગેલ માહિતી પૈકી આરોગ્ય વિભાગ હસ્તકના ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૭ થી તા.૦૬/૦૮/૧૫ના રોજ સંદેશ દૈનિકમાં છપાયેલ અહેવાલ " શહેરીજનો પાણીપુરીનો ચટાકો લેતા પહેલા ચેતજો, પાણીપુરીમાં સડેલા બટાકાનો ઉપયોગ " ના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકાના સંબંધિત વિભાગો ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની આધારો સાથેની માહિતીની માંગણી કરેલ હતી. જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગને લાગત મુદ્દા નં. ૭ પરત્વેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે , અરજદાર ધ્વારા તેઓને અધુરી માહિતી પુરી પાડવામાં આવેલ છે તથા તે અંગેની નકલો મેળવવાની રજુઆત કરેલ હતી. જે નકલો વિનામુલ્યે પુરી પાડવાનું જણાવી નારાજ થઈ તા.૦૭/૧૦/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદેશીને અપીલ અરજી કરેલ છે. જે અરજી ફુડ વિભાગ તરફથી આરોગ્ય મહેકમ વિભાગ પ્રતિ જરૂરી કાર્યવાહી અર્થે તા.૧૫/૧૦/૨૦૧૫ના રોજ મોકલવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ )તરફથી પત્ર.નં.પીએચડી/ ફુડ/૧૬૧૫ તા.૧૧/૦૯/૨૦૧૫ થી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે અનુસંધાને આરટીઆઈની અરજી પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી અંગેની નારાજગી સંદર્ભે અરજદાર મજકુરને તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/ પીઓ/આરટીઆઈ/અપીલ/૬૮, તા.૧૩/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી, પરંતુ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ)તરફથી પત્ર.નં.પીએચડી/ફુડ/૨૦૦૩ તા.૧૫/૧૦/૨૦૧૫ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જેમા મુદ્દા નં.૭ થી અરજદાર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઓની આધારો સાથેની માહિતી માંગેલ હતી પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સુરત શહેરમાં પાણીપુરીનું વેચાણ કરતી લારી / સંસ્થાનું ચેકીગ કરી અખાદ્ય પદાર્થો માલમ પડતા તેનો નાશ કરવામાં આવેલ છે એમ જણાવેલ છે, પરંતુ આધારો સાથેની માહિતી પુરી પાડેલ હોવાનુ જણાતુ નથી. જયારે મુદ્દા નં.૮ના સંદર્ભે પાણીપુરીની લારીઓની તમામ ઝોન ધ્વારા કરવામાં આવેલ તપાસની માહિતી માંગેલ હતી. જે ફુડ વિભાગને લાગત ન હોવાનું જણાવેલ છે જે ઉચિત જણાય છે.

અરજદાર તરફથી અપીલ અરજી તબકકે કોઈ પુર્તતા રીપોર્ટ કે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેમ છતાં અરજદારને તેઓની અપીલ અરજી પરત્વે રૂબરૂ સાંભળવાના હેતુસર તેઓને રૂબરુ સુનાવણી અર્થે અત્રેથી અનુક્રમે તા.૨૬/૧૦/૨૦૧૫ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૭૭ તા.૧૯/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી તા.૦૨/૧૧/૨૦૧૫ના રોજ બપોરે ૧૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/ પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૮૦ તા.૨૯/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું , જે અન્વયે અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા. તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તથા તે સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની આરટીઆઈ એકટ હેઠળની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે અરજીના મુદ્દા નં.૭ પરત્વેની ફુડ વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની રેકર્ડ આધારીત માહિતી જો ઉપલબ્ધ હોય તો તેની નકલ અરજદારને આરટીઆઈ એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન—૭ માં અરજદારને વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ)ને હુકમ કરવામાં આવે છે તથા રેકર્ડ આધારીત માહિતી "નીલ " હોય તો તેની પણ અરજદારને જાણ કરવાની રહેશે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૧/૨૦૧૫

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

**સુરત મહાનગરપાલિકા**

અપીલ અરજી નં. **SMC/PHD/FAP/58/2015. Dt.08/10/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી અનિલ આર. તરસરીયા,

સામાવાળા ::– ૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) સુરત મહાનગરપાલિકા.
૨)જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી અનિલ આર.તરસરીયા ધ્વારા તેઓની તા.૦૧/૦૯/૨૦૧૫ની(આઈ.ડી.નં.૧૩૯૭)ની અરજી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આરોગ્ય) ધ્વારા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/જાવક/૧૨૬ તા.૨૩/૦૯/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) સુરત મહાનગરપાલિકા, જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) તથા જુની.મેડીકલ ઓફિસરશ્રી (વેડ અર્બન હેલ્થ સેન્ટર) પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીથી આરોગ્ય કેન્દ્ર (સુરત મહાનગરપાલિકા)ના ડોકટર તેમજ આસીસ્ટન્ટનો કામનો સમય કેટલો ફાળવવામાં આવેલ છે વિગેરે બાબતે કુલ–૭ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં.સી.ઝેડ/ના.આ.અ./આઉટ/૧૪૮ તા.૦૧/૧૦/૧૫ થી અરજીના તમામ મુદ્દાઓ પરત્વે અત્રેના વિભાગ પાસે માહિતી ઉપલબ્ધ નથી તે મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) ધ્વારા પત્ર નં.સીગણપોર અ.હે.સે./ આરટીઆઈ/આઉટ/૩૭૩ તા.૦૯/૧૦/૧૫ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા જુની.મેડીકલ ઓફિસરશ્રી(વેડરોડ અ.હે.સે.) ધ્વારા તા.૧૩/૧૦/૧૫ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે પૈકી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા "અત્રેના વિભાગ પાસે માહિતી ઉપલબ્ધ નથી" એવા જવાબથી મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજીથી માંગવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવે એમ જણાવી નારાજ થઈ તા.૦૫/૧૦/૨૦૧૫ ના રોજ અપીલ સત્તાધિકારી અને ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ ) ને ઉદેશીને અપીલ અરજી કરેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૦૮/૧૦/૨૦૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર)ધ્વારા જાહેર માહિતી અધિકારીને અરજી રજુ કર્યા પછી ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તથા મુદ્દા.નં.૨,૩,૫,૬,૭ પરત્વે માહિતી પુરી પાડવાના બદલે ફકત ઓપીનીયન આપેલ છે,તેમ જણાવી નારાજ થઈ તા.૨૭/૧૦/૨૦૧૫ ના રોજ અપીલ સત્તાધિકારી અને ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ )ને ઉદેશીને પ્રથમ અપીલ અરજી કરેલ છે,જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૨૮/૧૦/૧૦/૨૦૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થયેલ હોવાનું જણાવી અરજદાર અનુક્રમે તા.૦૫/૧૦/૧૫ તથા તા.૨૭/૧૦/૨૦૧૫ થી અપીલ અરજીઓ કરેલ છે, જે અનુસંધાને ઉકત વિગતે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ પાસે અત્રેની કચેરીનાં પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ અપીલ/૭૨ તા.૧૪/૧૦/૨૦૧૫ થી તથા અરજદારે તેઓની અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૭૩ તા.૧૪/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) તરફથી પત્ર.નં.સીગણપોર અ.હે.સે./૩૮૦ તા.૧૫/૧૦/૨૦૧૫ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે.તથા અરજદાર મજકુર તરફથી તા.૧૭/૧૦/૨૦૧૫ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરી જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન)ધ્વારા અત્રેના વિભાગ પાસે માહિતી ઉપલબ્ધ નથી તો જે તે વખત અરજી તબદીલ કરવી જોઈતી હતી અથવા તે અંગે કોઈ વ્યાજબી કારણો દર્શાવવામાં આવેલ નથી,જયારે જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર)ધ્વારા માહિતી પુરી પાડવાના બદલે ઓપીનીયન આપેલ હોવાનુ જણાવેલ છે.

વધુમાં અરજદારએ આરટીઆઈ એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ અરજીનાં અનુસંધાને બન્ને પક્ષોને રૂબરૂ સાંભળવાના હેતુસર રૂબરૂ સુનાવણી ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) અને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા સુરત ખાતે તા.૩૦/૧૦/૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/અપીલ/૭૮ તા.૨૦/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું,તે મુજબ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) વિભાગ તરફથી ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી પી.આઈ.દેસાઈ તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી એ.એસ.નંદેશ્વર (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર)તરફથી હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીઓનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) તથા જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૧/૦૯/૨૦૧૫ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) તરફથી અરજદારની અરજીના મુદ્દા નં.૨ થી ૬ અન્વયેની માહિતી અરજદાર મજકુરને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતું ન હોય,જે બાકી રહેલ માહિતી આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) વિભાગને આદેશ કરવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી અને રેસી.મેડીકલ ઓફિસરશ્રી (સીગણપોર અર્બન હેલ્થ સેન્ટર) ધ્વારા અરજીના મુદ્દાઓ પરત્વેની તેઓના સેન્ટરને લાગત માહિતી પુરી પાડેલ હોવાનું જણાતુ હોય,તદઉપરાંત અરજદારને મળેલ માહિતીથી રૂબરૂ સુનાવણી સમયે અરજદારે સંતોષ વ્યકત કરવામાં આવેલ હોય,તે વિભાગ પુરતી અપીલ અરજી પરત્વે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી નથી.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૧/૨૦૧૫

ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

. **સુરત મહાનગરપાલિકા**

અપીલ અરજી નં. **SMC/PHD/FAP/64/2015. Dt.29/10/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી સૈય્યદ ફરીદ ગુલામ મોહમ્મદ,

સામાવાળા::– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીગ વિભાગ), સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સૈય્યદ ફરીદ ગુલામ મોહમ્મદ ધ્વારા તેઓની તા.૦૧/૦૯/૨૦૧૫ની(આઈ.ડી.નં.૧૩૮૨) ની અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ)ન પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૭૮ તા.૧૫/૦૯/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ), પ્રતિ આંશિક તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીથી ડો.અરૂણાબેન એમ પટેલ કર્મ.નં.૧૦૪૪૮ ની એસએમસી માં નિમણુંક પામી દાખલ તારીખ તથા ફરજ પર હાજર તારીખની નકલ વિગેરે બાબતે કુલ–૭ મુદૃાઓની માહિતી માંગેલ હતી. જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીગ વિભાગ) એ મુદૃા નં.૧ તથા ૪ થી ૮ પરત્વેની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે , અરજદારે સદર અરજી બાબતનો મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ તેઓની આરટીઆઈની અરજીના મુદૃા.નં.૧ થી ૩ પરત્વે માહિતીના જવાબો વેબ સાઈટ પર જોઈ લેવા જણાવેલ,પરંતુ તે મુદૃાઓની માહિતીની નકલો માંગેલ છે.તથા અરજીના અન્ય મુદૃા.નં.૪ થી ૮ ની માહિતી પુરી પાડેલ નથી તેમ જણાવી તા.૧૪/૧૦/૨૦૧૫ ના રોજ પ્રથમ અપીલ સત્તાધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાને ઉદેશીને અપીલ અરજી કરેલ છે.જે અપીલ અરજી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી મહેકમ ધ્વારા મુદૃા.નં.૪ થી ૮ માટે પત્ર નં.જીએડી/ ઈએસટી/૪૧૨૪ તા.૧૯/૧૦/૨૦૧૫ થી તબદીલ કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) તરફથી પત્ર.નં.એફપીબી/એસએમસી/૧૫–૧૬/નં.૧૮૮ તા.૨૯/૦૯/૨૦૧૫ થી અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થયેલ હોવાનું જણાવી અરજદારે ઉકત વિગતે તા.૧૯/૧૦/૧૫ ના રોજ અપીલ કરેલ છે, જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–પ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૮૧ તા.૨૯/૧૦/૨૦૧૫ થી ફેમીલી પ્લાનીંગ વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતું,તથા અરજદાર મજકુરને પણ પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૮૨ તા.૨૯/૧૦/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું, તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,પરંતુ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) તરફથી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે.

વધુમાં ઉકત વિગતે મુદૃા.નં.૪ થી ૮ માટે અપીલ અરજી તબદીલ થયેલ હોય,સદર મુદૃાઓ પુરતો અપીલ અરજીનો નિકાલ અત્રેથી કરવાનો રહે છે જે અન્વયે મુદૃા નં.૪ થી અરજદારશ્રીએ ઉપરોકત કર્મચારીએ જે વર્ષમાં ડી.જી.ઓ.નો અભ્યાસ સંપુર્ણ કર્યો તેની માહિતી– તેની માર્કશીટ રજીસ્ટ્રેશન ડિગ્રી પ્રમાણપત્રની નકલોની માંગણી કરેલ હતી જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ–૮(૧) (ચ) અને (ઠ)અન્વયે ત્રાહીતને લાગત અંગત માહિતી હોય તેમજ માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનુ જણાતુ ન હોય પુરી પાડવા જોગ જણાતી નથી તેમ જણાવેલ છે,જે ઉચિત જણાય છે,પરંતુ કર્મચારીએ જે વર્ષમાં ડી.જી.ઓ.નો અભ્યાસ સંપુર્ણ કર્યો તેની વિગત અંગે પ્રત્યુત્તરમાં કોઈ ઉલ્લેખ કરેલ હોવાનું જણાતું નથી. મુદૃા નં.પ ઉપરોકત કર્મચારીની સેવાપોથીની નકલ તમામ એન્ટ્રીની નકલો , લાયકાત વિગેરેની એન્ટ્રીની નકલોની માંગણી કરેલ હતી જે અન્વયે સદર અધિકારીના સેવાપોથીના ફકત–૪ પાના પુરા પાડવામાં આવેલ જણાય છે આથી અરજદાર ધ્વારા તેઓને માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ હોવાનું પ્રથમ અપીલ અરજીમાં જણાવવામાં આવેલ છે, જે યોગ્ય જણાય છે.મુદૃા નં.૬ ઉપરોકત કર્મચારીએ ડી.જી.ઓ.નો અભ્યાસ કરવા માટે એમની ફરજમાં જેટલા પીરીયડની રજા મુકી હોય તે નકલ અને એસ.એમ.સી.એ રજા મંજુર કરી હોય તેની નકલની માંગણી કરેલ હતી,પરંતુ મુદૃા નં.પ થી પુરી પાડવામાં આવેલ માહિતીમાં સેવાપોથીના પાના નંબર બે ઉપર એન્ટ્રી કરવામાં આવેલ છે એમ જણાવેલ છે જે ઉચિત ગણી શકાય, પરંતુ અરજદારે કર્મચારીએ જેટલા પીરીયડની રજા મુકી હોય તે તેમજ એસ.એમ.સી.એ રજા મંજુર કરી હોય તેની નકલની માહિતી પુરી પાડવા જણાવેલ છે.મુદૃા નં.૭ થી કર્મચારીએ જે કોલેજમાં ડી.જી.ઓ.નો

અભ્યાસ કર્યો તેની નકલ તથા તે અભ્યાસ કોલેજમાં રહીને કર્યો કે અપ–ડાઉન કરીને કર્યો તેની માહિતી બાબતે સદર માહિતી પ્રશ્ન આધારીત માહિતી ભારત સરકારના કર્મચારીવતી જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૨૦૦૯/આઈ.આર. તા.૦૧/૦૬/૦૯ તથા નં.૧/૧૮/૨૦૧૧/આઈ.આર. તા.૧૬/૦૯/૧૧ મુજબ પુરી પાડવાની રહેતી નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે જે ઉચિત જણાય છે, વળી આર.ટી.આઈ.એકટની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે ધ્યાને લેતા પણ અરજદાર ધ્વારા કરવામાં આવેલ સદર રજુઆત આર.ટી.આઈ.એકટના વ્યાપની બહારની જણાય છે.જયારે મુદ્દા નં.૮ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ પ્રત્યુત્તર યોગ્ય જણાય છે.

આમ અરજદારની મુળ અરજી, અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

- મુદ્દા.નં.૪ બાબતે ખાતા લેવલે ઉપરોકત કર્મચારીએ જે વર્ષમાં ડી.જી.ઓ.નો અભ્યાસ સંપુર્ણ કર્યો તેની માહિતી રેકર્ડ પર હોય તો પુરી પાડવાની રહે છે.

- મુદ્દા.નં.પ બાબતે અરજદારને સામાન્ય નિયુકિત ફોર્મ સિવાયના સેવાપોથીના બાકી રહેતાં તમામ પાનાની નકલો અરજદારને પુરી પાડવાની રહે છે.

- મુદ્દા.નં.૬ પરત્વે કર્મચારીએ ડી.જી.ઓ.નો અભ્યાસ કરવા માટે એમની ફરજમાં રજા મુકેલ હોય તો મુકેલ રજા તથા તે મંજુર થયેલ રીપોર્ટની નકલ પુરી પાડવાની રહે, જે તે સમયે તેઓ ફરજ બજાવતાં હતાં તે વિભાગમાં જો રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ હોય તો તે મેળવી અરજદારને પુરી પાડવાની રહે, તથા જો પુરતા પ્રયાસ કર્યા બાદ પણ તે રીપોર્ટ ન મળી આવે તો તે અંગેની જાણ અરજદારને કરવાની રહે.

- જયારે મુદ્દા નં.૭ અને ૮ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ) એ કરેલ પ્રત્યુત્તર ઉકત વિગતે યોગ્ય જણાતો હોય તે અંગે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

ઉપરોકત તમામ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬)હેઠળ દિન–૭ માં વિનામુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧(ફેમીલી પ્લાનીંગ વિભાગ)ને હુકમ કરવામાં આવે છે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૧૧/૨૦૧૫

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પી.) અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/67/2015. Dt.17/11/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી સંજય આર મિશ્રા.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે)વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૩૧/૦૮/૧૫ ની (આઈ.ડી.નં.૧૩૭૫) ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ/૧૬૯ તા.૦૩/૦૯/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી પે એન્ડ યુઝડ (ટોયલેટ) ના સંચાલનના ટેન્ડરો જે વ્યકિત અથવા સંસ્થાને મળેલ હોય તેઓના નામ સરનામાં ઈત્યાદી વિગેરે બાબતે કુલ–૦૫ મુદ્દાઓની માંગણી કરેલ હતી. ઉકત અરજીનાં મુદ્દાઓની માહિતી આજ દિન સુધી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અરજદારએ મ્યુનિ.કમિશનરશ્રી અપીલ અધિકારી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૦૧/૧૦/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૧૦/૧૧/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારે તેમની આરટીઆઈની મૂળ અરજીથી માંગેલ માહિતીના મુદ્દાઓનો અભ્યાસ કરતાં જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે) વિભાગને તે અન્ય સત્તામંડળને લાગત જણાતા હોય જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (તમામ ઝોન)ને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે) વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ સો.વે.મે/૭૯ તા.૧૩/૧૦/૧૫ થી અરજદારની જાણ હેઠળ આરટીઆઈ એકટ નિયમ–૪(૨) અન્વયે "નમુના–ઘ" માં અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે.વિભાગ તરફથી અરજદાર મજકુરની અરજી સંબંધિત વિભાગને તેઓની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે,અરજદારે અપીલ અરજીથી માંગેલ માહિતીનો આજદિન સુધી જવાબ મળેલ નથી તેમ જણાવી તા.૦૧/૧૦/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અનુસંધાને અરજદારને મળેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/૯૦ તા.૧૭/૧૧/૨૦૧૫ થી મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારીશ્રી સો.વે.મે. વિભાગ પ્રતિ જણાવવામાં આવેલ હતુ,તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી,જયારે કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે.વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/સો.વે.મે./આરટીઆઈ/૧૦૧ તા.૨૧/૧૧/૨૦૧૫ થી પુર્તતા કરી જણાવેલ છે કે,અરજીનાં કોઈ પણ મુદ્દાઓ સોલીડ વેસ્ટ વિભાગને લાગત ન જણાતા લાગત સંબધિત વિભાગને અરજદારની જાણ હેઠળ તેઓની અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧/૦૮/૧૫ ની અરજીથી માંગવામા આવેલ માહિતી/દસ્તાવેજો વિષયવસ્તુ અન્ય જાહેર સત્તામંડળ/વિભાગ/કચેરીના કાર્યો સાથે સંકળાયેલ હોવાથી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સો.વે.મે) વિભાગ ધ્વારા સંબંધિત સત્તામંડળને ઉકત વિગતે સમય મર્યાદા બાદ આરટીઆઈની અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ જણાય છે,વધુમાં ભવિષ્યમાં અન્ય જાહેર સત્તામંડળને લાગત આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમય મર્યાદામાં તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સો.વે.મે.વિભાગને તાકીદ કરવામાં આવે છે.

અરજદારની અપીલ અરજી પરત્વેની સંપુર્ણ માહિતી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને લાગત જણાતી ન હોય, સદર અપીલ અરજી અત્રેની કચેરીના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૨ તા.૩૦/૧૦/૨૦૧૫ થી તમામ ઝોનના સંબંધિત સત્તામંડળના અપીલ અધિકારીશ્રીઓ પ્રતિ અરજદારની જાણ હેઠળ જરૂરી નિકાલ થવા અર્થે સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોય,આમ અત્રેના વિભાગમાંથી બીજી કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૧૨/૨૦૧૫

ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. **SMC/PHD/FAP/66/2015. Dt.10/11/2015**.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી રમેશ કે જાંગીડ,

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી રમેશ કે જાંગીડ ધ્વારા તેઓની તા.૦૭/૦૯/૨૦૧૫ની(આઈ.ડી.નં.૧૪૫૩)ની અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી(સીટી સીવીક સેન્ટર)સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ/ જાવક/૫૪૧ તા.૨૧/૧૦/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે તેમની મૂળ અરજીથી ખજોદ ખાતેના કચરાના નિકાલના પ્રોજેકટ તથા અન્ય ઉત્પાદન કરવાના પ્રોજેકટો વિગેરે બાબતે કુલ–૫ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/સો.વે.મે./આઉટ/૯૬ તા.૧૦/૧૧/૧૫ થી અરજીના તમામ મુદ્દાઓ પરત્વેની માહિતી અરજદાર મજકુરને તા.૧૦/૧૧/૨૦૧૫ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજીથી માંગવામાં આવેલ માહિતી નમુના 'ખ' કે 'ગ' માં નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રતિભાવથી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૨૧/૧૦/૨૦૧૫ ના રોજ અપીલ સત્તાધિકારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને ઉદેશીને અપીલ અરજી કરેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગને તા.૧૦/૧૧/૨૦૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થયેલ હોવાનું જણાવી અરજદાર તા.૨૧/૧૦/૧૫ થી કરેલ અપીલ અરજીના અનુસંધાને ઉકત વિગતે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રી પાસે અત્રેની કચેરીનાં પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૮ તા.૧૬/૧૧/૨૦૧૫ થી તથા અરજદારે તેઓની અપીલ અરજીથી દર્શાવેલ નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૮ તા.૧૬/૧૧/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ તરફથી પત્ર.નં.પીએચડી/સો.વે.મે./ આઉટ/૧૦૦ તા.૨૧/૧૧/૧૫ થી લેખીત પુર્તતા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે.પરંતુ તે અન્વયે મજકુર અરજદાર તરફથી કોઈ નકકર પુરાવા કે લેખીત પુર્તતા આજદિન સુધી રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં અરજદારએ આરટીઆઈ એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ અરજીનાં અનુસંધાને બન્ને પક્ષોને રૂબરૂ સાંભળવાના હેતુસર રૂબરૂ સુનાવણી ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) અને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા સુરત ખાતે તા.૧૦/૧૨/૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/આર.ટી.આઈ/ અપીલ/ ૯૧ તા.૩૦/૧૧/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર બહાર ગામ ગયેલ હોય અન્ય તારીખ ફાળવી આપવાનું જણાવતા તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી તા.૨૯/૧૨/૨૦૧૫ના રોજ બપોરે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/ પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૯૫ તા.૧૭/૧૨/૨૦૧૫ થી જણાવવામાં આવેલ હતું , જે અન્વયે અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા. તથા (સો.વે.મે.)વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી સોલીડ વેસ્ટ મેનેજરશ્રી ભરતભાઈ પરમાર હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીઓનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને(સો.વે.મે.)વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭/૦૯/૨૦૧૫ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.)વિભાગ તરફથી અરજદારની અરજીના મુદ્દા નં.૨ અન્વયેની માહિતી અરજદાર મજકુરને અધુરી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ હોય,જે બાકી રહેલ માહિતી આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.) વિભાગને આદેશ કરવામાં આવે છે. જયારે અરજીના મુદ્દા નં.૧,તથા મુદ્દા નં.૩ થી ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.) ધ્વારા અરજદારને પુરી પાડેલ હોવાનું જણાતુ હોય,તદઉપરાંત અરજદારને મળેલ માહિતીથી રૂબરૂ સુનાવણી સમયે અરજદારે સંતોષ વ્યકત કરવામાં આવેલ હોય, અપીલ અરજી પરત્વે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી નથી.તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને સોલીડ વેસ્ટ મેનેજરશ્રી (સો.વે.મે.) વિભાગને તાકીદ કરવામાં આવે છે.

અરજદાર ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશે.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૬

ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/72/2015. Dt.05/12/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી વૈશાલી ડી. મહેતા.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧ (શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો),સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી વૈશાલી ડી. મહેતાની તા.૩૦/૦૯/૧૫ આરટીઆઈ(આઈ.ડી.નં.૧૬૧૯)થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત સીટી હેલ્થ સોસાયટી, આર.સી.એચ. સબ કમીટી, સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ અરજીથી તા.૩૦/૦૯/૧૫ના રોજ એન.એચ.એમ./આર.સી.એચ.–૨ પ્રોગ્રામ અંતર્ગત ઓપન ઈન્ટરવ્યુંથી ફિમેલ હેલ્થ વર્કરની જાહેરાતના અનુસંધાને એન.એચ.એમ.ની ગાઈડ લાઈન મુજબ ફીમેઈલ હેલ્થ વર્કરની ભરતી માટે ઈન્ડિયન નર્સીગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન ફરજીયાત હોય છે ? જો હા તો તે સંબંધિત પુરાવાઓ ઉપલબ્ધ કરાવવા વિનંતી. જો ના તો આપના વિભાગ ધ્વારા આપવામાં જાહેરાતમાં ઈન્ડિયન નર્સીગ કાઉન્સીલની માન્યતાને ફરજીયાત શા માટે દર્શાવવામાં આવેલ છે વિગેરે બાબતે કુલ–૪ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અન્વયેની માહિતી જાહેર માહિતી અધિકારશ્રી અને તબીબી અધિકારી વર્ગ–૧ (શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો) ધ્વારા પત્ર નં.એફ.પી.બી./એસએમસી/૧૫–૧૬/૨૨૪ તા.૨૩/૧૦/૧૫ થી મેડીકલ ઓફિસર એન.એચ.એમ./ આર.સી.એચ. વિભાગના પત્ર નં.એન.એચ.એમ./આર.સી.એચ–૨/૧૫–૧૬/૩૬૮ સામેલ રાખી અરજદાર મજકુરને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હતી, જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને તા.૨૯/૧૦/૧૫ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧ (શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો) ધ્વારા અત્રે તા.૦૫/૧૨/૧૫ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧ (શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો) તરફથી અરજદારને મળેલ પ્રત્યુત્તર માંગેલ માહિતીથી વિપરીત તથા અર્થઘટન ખોટુ થયેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૯/૧૦/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૩ તા.૦૫/૧૨/૨૦૧૫ થી જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧(શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો) તથા મજકુર અરજદારને જણાવવામાં આવેલ, તે મુજબ જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારીશ્રી વર્ગ–૧ (શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો) તરફથી પત્ર આઉટ વર્ડ નં./૪૨૬ તા.૧૪/૧૨/૧૫ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.જેમાં અરજદારની અરજી પરત્વે ખાતા પાસે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.તેમ છતાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૬ તા.૨૨/૧૨/૧૫ થી તા.૩૧/૧૨/૧૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પી.) અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની મુગલીસરા, સુરતની મુખ્ય કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, તે મુજબ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા જાહેર માહિતી અધિકારી તરીકે મેડીકલ ઓફિસશ્રી(એન.એચ.એમ./ આર.સી.એચ.) હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા મેડીકલ ઓફિસશ્રી(એન.એચ.એમ./ આર.સી.એચ.) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૩૦/૦૯/૧૫ ની આરટીઆઈની અરજી(આઈ.ડી.નં.૧૬૧૯)ના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને તબીબી અધિકારી વર્ગ–૧ (શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરો) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દાઓ પરત્વેની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તે ઉચિત જણાય છે. તદઉપરાંત અરજદાર સાથે રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય તે અંગે કોઈ વધારાની માહિતીની જરૂરીયાત રહેતી નથી એમ જણાવી માહિતી સબબ સંતોષ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો, અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૧૬

ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પી.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સને ૨૦૧૬–૧૭
# જાન્યુઆરી થી માર્ચ

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૫<br>તા.૧૯/૧૨/૧૫ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ નિસાર અમીર શેખની તા.૨૭/૧૧/૧૫ આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૭૪૭) ઘર નં.૯/૧૦૩/સી ઉપર અમદાવાદી તવા ફ્રાયનું રેસ્ટોરન્ટને ફુડ એન્ડ સેફટીનું લાયસન્સ (ફુડ વિભાગ) તરફથી કયા દસ્તાવેજી પુરાવાઓના આધારે ઈસ્યુ થયેલ છે તેની સંપુર્ણ સ્પષ્ટ વિગત તથા સહી સિકકાવાળી નકલ વિગેરે બાબતે કુલ–૬ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૮<br>તા.૦૧/૦૨/૨૦૧૬ |
| ૩૬<br>તા.૦૫/૦૧/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર.પાઠકની તા.૨૯/૧૦/૧૫ ની (આઈ.ડી. નં.૧૯૨૧) થી મુદ્દા નં.૭ આરોગ્ય વિભાગ કે ફુડ વિભાગ ધ્વારા દંડ ઉઘરાવવાની કે આરોગ્યલક્ષી ખામી દેખાતા દુકાનો બંધ કરાવતી વખતે પણ તેઓ ઉપર હુમલાઓ કે તેઓને ધકકે ચડાવવાના બનાવો બનતા હોય છે આ દિશામાં જે તે જવાબદાર ઈસમ કે ટોળા વિરૂઘ્ધ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવતી કાર્યવાહી બાબતે કુલ–૭ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૧<br>તા.૦૧/૦૪/૨૦૧૬ |
| ૩૭<br>તા.૦૫/૦૧/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર.પાઠકની તા.૦૭/૧૦/૧૫ ની (આઈ.ડી. નં.૧૬૮૩) થી મુળ અરજીથી કુલ–૧૧ મુદ્દાઓની માહિતી માંગણી કરેલ હતી,જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર બાબતે નારાજ થઈ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગ ધ્વારા સંબધિત ખાતા/વિભાગ પ્રતિ અરજી તબદીલ કરવાની હોય છે જે તબદીલ ન કરી પોતાની ફરજમાં બેદરકારી દાખવવામાં આવેલ હોવા બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૨<br>તા.૦૧/૦૪/૨૦૧૬ |
| ૩૮<br>તા.૨૨/૦૧/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭/૧૧/૨૦૧૫ ની(આઈ.ડી.નં. ૨૦૮૪) થી સુરત મહાનગરપાલિકાના તમામ ફુડ ઈન્સ્પેકટરોના નામ,હોદ્દો,કર્મચારી નંબર તેમજ તેઓને સોંપેલ (ફાળવેલ) વિસ્તાર તેમજ ટેલીફોન મોબાઈલ નંબર સહિતની માહિતી પુરી પાડવી, તમામ ફુડ ઈન્સ્પેકટરોએ છેલ્લા બે વર્ષ દરમ્યાન લીધેલ સેમ્પલો તેમજ આવેલ રીપોર્ટ, તેમજ મિસ બ્રાન્ડ સંસ્થાઓ વિરૂઘ્ધ થયેલ કાર્યવાહી સહિતની સંપુર્ણ માહિતી બાબતે કુલ–૫ મુદ્દાઓની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૨<br>તા.૧૬/૦૨/૨૦૧૬ |

# સને ૨૦૧૬–૧૭
# જાન્યુઆરી થી માર્ચ

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૩૯ તા.૨૫/૦૧/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુનીલ એસ.સોનીની તા.૧૫/૦૧/૧૬ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૪૯૨) થી સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાયમરી હેલ્થ વર્કર માટે જે ઉમેદવારોએ ફોર્મ ભરેલા તે ઉમેદવારોની કવોલીફીકેશન,અનુભવ, શૈક્ષણિક લાયકાત વિગેરે સાથે લેખિત પરીક્ષા લેતા પહેલા જે યાદી તૈયાર કરવામાં આવી છે તે યાદીની નકલની ઝેરોક્ષ તથા તે સંદર્ભે જુદા જુદા કુલ–૪૦ મુદ્દાઓની માહિતીની માંગણી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૪ તા.૧૮/૦૨/૨૦૧૬ |
| ૪૦ તા.૨૭/૦૧/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજ ધીરજલાલ ગાંધીની તા.૨૧/૧૨/૧૫ થી આરટીઆઈની અરજીથી તા.૧૦/૧૨/૨૦૦૯ ના રોજ NO-3/(DCHH) and LHA/SMC/H-86 થી નોંધાયેલી નોંધની કોપી તથા જુદી–જુદી તારીખે નોંધાયેલી નોંધની કોપી વિગેરે બાબતે કુલ–૧૫ મુદ્દાઓની માહિતીની આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૯ તા.૦૩/૦૨/૨૦૧૬ |
| ૪૧ તા.૦૧/૦૨/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અકબરઅલી લોકાભાઈ શેખની તા.૨૩/૧૧/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૦૪૩) થી ૧૦૯/૧૧૦, દ્વારકા પારસી સેનેટોરીયમ ગલી, ભીમપોર રોડ,સુલતાનાબાદ પાસે,અમો ગ્રામ પંચાયતના કાર્યકાળ દરમ્યાન મરઘીનું મટન વેચાણ કરવાનો વ્યવસાય કરતા આવ્યા છે, જે બાદ સદર વિસ્તારનો સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવેશ થતા અમોએ ઉકત પરવાનો સુરત મહાનગરપાલિકામાં કરાવેલ / મેળવેલ છે, એવુ જણાવી એડી.માર્કેટ સુપ્રિ.ના પત્ર નં.પીએચડી/ માર્કેટ/૧૦૪૮ તા.૧૯/૧૧/૧૫ ના પત્રમાં મળેલ ફરીયાદ અનુસંધાને તેવુ જણાવેલ છે તો તે સંદર્ભે જણાવવાનું કે, જે ફરીયાદ મળી હોય તે ફરીયાદ તેની સાથે રજુ થયેલ પુરાવાઓ સાથે તથા તેના પરના શેરા સહિતની તથા થયેલ કાર્યવાહી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૩ તા.૦૧/૦૪/૨૦૧૬ |
| ૪૨ તા.૦૧/૦૨/૧૬ | આરટીઆઈ એકટ હેઠળ શ્રી અકબરઅલી લોકાભાઈ શેખની તા.૨૩/૧૧/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૦૪૨) થી અરજીથી ૧૦૯/૧૧૦, દ્વારકા પારસી સેનેટોરીયમ ગલી,ભીમપોર રોડ,સુલતાનાબાદ પાસે,અમો ગ્રામ પંચાયતના કાર્યકાળ દરમ્યાન મરઘીનું મટન વેચાણ કરવાનો પરવાનો સુરત મહાનગરપાલિકામાં કરાવેલ/ મેળવેલ છે, તે સંદર્ભે તે પરવાનો તબદીલ કરવા / મેળવવા સારૂ જે પુરાવા પ્રમાણપત્ર જુનો પરવાનો વિગેરે રજુ થયેલ પુરાવાઓ તેના પરની શેરા સહિતની તથા થયેલ કાર્યવાહી સહિતની વિગેરે આખા રેકર્ડના પુરાવા શેરા સાથેની તમામ માહિતીની આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૬ તા.૦૫/૦૪/૨૦૧૬ |

# સને ૨૦૧૬–૧૭
# જાન્યુઆરી થી માર્ચ

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.તારીખ |
|---|---|---|
| ૪૩<br>તા.૦૮/૦૨/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી ભાવેશ અશોક ભીંગરાડીયાની તા.૧૫/૧૨/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૧૩૬૧) થી સુરત મહાનગરપાલિકા ના ઈસ્ટ ઝોન વિસ્તારમાં હાલમાં કુલ કેટલા આરોગ્ય કેન્દ્ર આવેલા છે ? અને કયા કયા વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર આવેલા છે તે જણાવશો ? (૨) સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન વિસ્તારમાં હાલમાં જે આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવેલ છે તે વસ્તીને અનુલક્ષીને બનાવવામાં આવેલ છે કે વિસ્તારને અનુલક્ષીને બનાવવામાં આવેલ છે. (૩) સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન વિસ્તારમાં હાલમાં આરોગ્ય કેન્દ્ર બનાવવાની જરૂરીયાત જણાતી હોય તો તે અંગે કયા સક્ષમ અધિકારીને અધિકારીને અરજી કરવાની રહે છે વિગેરે બાબતની માહિતી બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૯<br>તા.૧૧/૦૪/૨૦૧૬ |
| ૪૪<br>તા.૦૮/૦૨/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી પંકજ બુચની તા.૦૨/૧૨/૧૫ આરટીઆઈની અરજીથી સુરતમાં સલાબતપુરામાં બે ચામડાના ગોડાઉનોને પરવાનગી અપાઈ છે તે પરવાનગીની નકલોની માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૭<br>તા.૦૫/૦૪/૨૦૧૬ |
| ૪૫<br>તા.૦૮/૦૨/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સુનીલ એસ.સોનીની તા.૧૫/૦૧/૧૬ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૪૯૨)થી સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાયમરી હેલ્થ વર્કર માટે જે ઉમેદવારોએ ફોર્મ ભરેલા તે ઉમેદવારોની કવોલીફીકેશન, અનુભવ, શૈક્ષણિક લાયકાત વિગેરે સાથે લેખિત પરીક્ષા લેતા પહેલા જે યાદી તૈયાર કરવામાં આવી છે તે યાદીની નકલની ઝેરોક્ષ તથા તે સંદર્ભે જુદા જુદા કુલ–૪૦ મુદ્દાઓની માહિતી બાબતની કુલ–૨ અરજીઓ | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૩<br>તા.૧૧/૦૩/૨૦૧૬ |
| ૪૬<br>તા.૦૫/૦૩/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી અહમદ એ. શેખની તા.૨૩/૧૨/૧૫ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૨૭૦)થી સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાયમરી હેલ્થ વર્કર માટે જે ઉમેદવારોએ ફોર્મ ભરેલા તે ઉમેદવારોની કવોલીફીકેશન, અનુભવ શૈક્ષણિક લાયકાત વિગેરે સાથે લેખિત પરીક્ષા લેતા પહેલા જે યાદી તૈયાર કરવામાં આવી છે તે યાદીની નકલ વિગેરે બાબતની કુલ–૨૬ મુદ્દાઓની માહિતી બાબતે. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૪<br>તા.૧૫/૦૩/૨૦૧૬ |
| ૪૭<br>તા.૧૯/૦૩/૧૬ | આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વી.બંસલ સંયોજક (એક નયા ભારત– A Special reform)ની તા.૧૨/૦૧/૧૬ આરટીઆઈ (આઈ.ડી.નં. ૨૪૪૩)થી મઝદા ટાવરમાં આવેલી દુકાનો પૈકી દુકાન નં.૮ માં પટેલનું તપેલુ તા સ્વીટ અને ચીલી ચાઈનીઝ વિગેરેની દુકાન ચલાવવા બાબતે કઈ કેટેગરીમાં લાયસન્સ આપેલ અને કયા ડિપાર્ટમેન્ટ ધ્વારા આપવામાં આવેલ જે અંગેના પુરાવાની વિસ્તુત માહિતી આપવા બાબત. | પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૦૮<br>તા.૧૧/૦૪/૨૦૧૬ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/75/2015. Dt.19/12/2015.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મોહંમદ નિસાર અમીર શેખ.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી મોહંમદ નિસાર અમીર શેખની તા.૨૭/૧૧/૧૫ આરટીઆઈની અરજી (આઈ.ડી.નં.૭૪૭)થી જાહેર માહિતી અધિકારીશ્રી, રાંદેર ઝોનને સંબોધીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને સીની. ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રી (વેસ્ટ ઝોન)ના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૩૫૩ તા.૨૯/૧૦/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર (ફુડ) વિભાગને આંશીક તબદીલ કરવામાં આવેલ હતી,ઉકત અરજીથી અરજદારે કુલ–૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જેમાં મુદ્દા.નં.૬ ઘર નં.૯/૧૦૩/સી ઉપર અમદાવાદી તવા ફ્રાયનું રેસ્ટોરન્ટને ફુડ એન્ડ સેફટીનું લાયસન્સ (ફુડ વિભાગ) તરફથી કયા દસ્તાવેજી પુરાવાઓના આધાર ઈસ્યુ થયેલ છે તેની સંપુર્ણ સ્પષ્ટ વિગત તથા સહી સિકકાવાળી નકલ ની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગને લાગત મુદ્દા નં.૬ પરત્વેની માહિતી પત્ર જા.નં.પીએચડી/ફુડ/૨૫૧૪ તા.૨૭/૧૧/૧૫ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હતી,જે મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારે એપેલેટ ઓફિસરશ્રી,રાંદેર ઝોનને ઉદ્દેશીને તા.૧૦/૧૨/૧૫ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અરજી અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી વેસ્ટ ઝોન ધ્વારા અપીલઅધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી (ફુડ વિભાગ)પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૪૫૭ તા.૧૧/૧૨/૧૫ થી જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ હતી. જે અરજી અત્રે ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૬૫૯ તા.૧૭/૧૨/૧૫ થી આરોગ્ય મહેકમ વિભાગને રવાના કરેલ હતી.જે અરજી અત્રે તા.૧૯/૧૨/૧૫ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં જણાવ્યાનુંસાર જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ તરફથી અરજદારને માંગવામાં આવેલપુરી પાડેલ છે પરંતુ તે અંગેની નકલો પુરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૯૮ તા.૦૬/૦૧/૧૬ થી તા.૧૫/૦૧/૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર, સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, પરંતુ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય રૂબરૂ સુનાવણી થઈ શકેલ ન હોય ફરીથી તેઓને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૧ તા.૧૯/૦૧/૧૬ થી તા.૨૫/૦૧/૧૬ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં ઉકત સ્થળે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, જે અન્વયે અરજદાર તથા ફુડ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસર હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની તા.૨૭/૧૧/૧૫ ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ) વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા.નં.૬ ની આંશીક માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તેમજ આ બાબતે રૂબરૂ સુનાવણીમાં વધુ સ્પષ્ટતા થયેલ હોય, તદઉપરાંત અરજદારે રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય તે અંગે કોઈ વધારાની માહિતીની જરૂરીયાત રહેતી નથી એમ જણાવી માહિતી સબબ સંતોષ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૧/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/80/2015. Dt.05/01/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::— શ્રી સંજય આર.પાઠક

સામાવાળા ::—જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર.પાઠક ધ્વારા તેઓની તા.૨૯/૧૦/૨૦૧૫ ની(આઈ.ડી.નં.૧૯૨૧)ની અરજી એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સી.ઝેડ./ આરટીઆઈ/ આઉટ/૬૭૧ તા.૦૪/૧૧/૧૫ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કરવામાં આવેલ જે પૈકી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ પણ તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી કુલ— ૭ મુદ્દાઓની માહિતી માંગેલ હતી, જે મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૭ આરોગ્ય વિભાગ કે ફુડ વિભાગ ધ્વારા દંડ ઉઘરાવવાની કે આરોગ્યલક્ષી ખામી દેખાતા દુકાનો બંધ કરાવતી વખતે પણ તેઓ ઉપર હુમલાઓ કે તેઓને ધકકે ચડાવવાના બનાવો બનતા હોય છે આ દિશામાં જે તે જવાબદાર ઈસમ કે ટોળા વિરૂધ્ધ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવતી કાર્યવાહીની રેકર્ડ આધારીત માહિતીની માંગણી કરેલ હતી.જે મુદ્દા પરત્વે ફુડ વિભાગ સબબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગ તરફથી "ફુડ ખાતા ધ્વારા કોઈ દંડ વસુલવામાં આવતો નથી,તેમજ અત્રેના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં અત્રેના કોઈ કર્મચારી પર હુમલાઓ કે તેઓને ધકકે ચઢાવવાના બનાવ બનેલ નથી" તે મુજબનો પ્રત્યુત્તર સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મળેલ પ્રત્યુત્તરથી અરજદારની અરજીના મુદ્દામાં દર્શાવેલ વિગતો નીતિનિયમો સંબંધિત હોય જે કચેરીના રેકોર્ડ ઉપર ઉપલબ્ધ હોય છે અમોએ બનેલ બનાવની માહિતી માંગેલ નથી અમોએ માંગેલ માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ હોય વિનામુલ્યે માહિતી પુરી પાડવાનું જણાવી નારાજ થઈ તા.૧૯/૧૨/૨૦૧૫ના રોજ અપીલ અધિકારી અને આરોગ્ય અધિકારીશ્રી, ફુડ વિભાગને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અરજી ફુડ વિભાગ તરફથી આરોગ્ય મહેકમ વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે તા.૦૫/૦૧/૨૦૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર(ફુડ વિભાગ )તરફથી પત્ર.નં.પીએચડી/ ફુડ/૨૪૭ તા.૨૩/૧૧/૨૦૧૫ થી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે નારાજગી દર્શાવેલ હોય,અરજદારની અપીલ અરજી પરત્વે બંન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરુ સુનાવણી અર્થે અત્રેથી તા.૨૫/૦૧/૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/ પીઓ/ આર.ટી.આઈ/ અપીલ/૧૦૨ તા.૧૯/૦૧/૨૦૧૬ થી જણાવવામાં આવેલ પરંતુ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી તા.૧૧/૦૨/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/ અપીલ/૧૦૫ તા.૩૦/૦૧/૨૦૧૬થી જણાવવામાં આવેલ પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય ફરીથી તા.૨૬/૦૨/૨૦૧૬ના રોજ સાંજે ૪.૪૫ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ઉકત સ્થળે હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૧૧૩ તા.૧૭/૦૨/૨૦૧૬ થી જણાવવામાં આવેલ પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતે તા.૨૧/૦૩/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ તે મુજબ અરજદાર તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી ઓફીસર (ફુડ) ઉકત સ્થળે રૂબરુ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડવિભાગ) તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારની આરટીઆઈ એકટ હેઠળની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ તરફથી આરટીઆઈ એકટની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબની અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જે યોગ્ય જણાય છે.આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી (નેવુ) દિવસની અંદર ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણભવનની પાછળ,ગાંધીનગરને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૪/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

. **સુરત મહાનગરપાલિકા**

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/81/2015. Dt.05/01/2016**.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી સંજય આર.પાઠક
સામાવાળા ::–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સંજય આર.પાઠકની તા.૦૭/૧૦/૨૦૧૫ ની(આઈ.ડી.નં.૧૬૮૩)ની અરજી એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૪૨૪ તા.૦૯/૧૦/૧૫ થી વિવિધ જાહેર માહિતી અધિકારીઓ પ્રતિ અરજી તબદીલ કરવામાં આવેલ હતી,જે પૈકી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) પ્રતિ પણ તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી કુલ–૧૧ મુદ્દાઓની માહિતી માંગણી કરેલ હતી,જે અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગ ધ્વારા પત્ર.નં.પીએચડી/ ફુડ/૨૦૪૪ , તા.૧૭/૧૦/૨૦૧૫ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદાર ધ્વારા તેઓને અરજીના મુદ્દાઓ પરત્વે માહિતીના મુદ્દાઓ અત્રે લાગુ પડતા નથી તે મુજબનો મળેલ પ્રત્યુત્તર બાબતે નારાજ થઈ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ) વિભાગ ધ્વારા આરટીઆઈ એકટ–૨૦૦૫ અન્વયે સંબધિત ખાતા/વિભાગના જાહેર માહિતી અધિકારી પ્રતિ અરજી તબદીલ કરવાની હોય છે જે તબદીલ ન કરી પોતાની ફરજમાં બેદરકારી રાખી અમોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે તેમ જણાવી નારાજ થઈ તા.૧૯/૧૨/૨૦૧૫ના રોજ અપીલ અધિકારી અને ફુડ વિભાગને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અરજી ફુડ વિભાગ તરફથી આરોગ્ય મહેકમ વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે તા.૦૫/૦૧/૨૦૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ )તરફથી પત્ર.નં.પીએચડી/ ફુડ/૨૦૪૪ તા.૧૭/૧૦/૨૦૧૫ થી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે નારાજગી દર્શાવેલ હોય,અરજદારની અપીલ અરજી પરત્વે બંન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરુ સુનાવણી અર્થે અત્રેથી તા.૨૫/૦૧/૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/ પીઓ/ આર.ટી.આઈ/ અપીલ/૧૦૨ તા.૧૯/૦૧/૨૦૧૬ થી જણાવવામાં આવેલ હતું,પરંતુ અરજદાર સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી તા.૧૧/૦૨/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/ અપીલ/૧૦૫ તા.૩૦/૦૧/૨૦૧૬થી જણાવવામાં આવેલ હતું , પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વેનો નિકાલ થઈ શકેલ ન હોય તા.૨૬/૦૨/૨૦૧૬ના રોજ સાંજે ૪.૪૫ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે ઉકત સ્થળે હાજર રહેવા પત્ર.નં.પીએચડી/પીઓ/ આર.ટી.આઈ/અપીલ/૧૧૩ તા.૧૭/૦૨/૨૦૧૬ થી જાણ કરવામાં આવેલ,પરંતુ સદર દિને પણ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય ફરીથી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતે તા.૨૧/૦૩/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જાણ કરવામાં આવેલ તે મુજબ સદર તારીખે અરજદાર તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી ઓફીસર (ફુડ) ઉકત સ્થળે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તથા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ)વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૦૭/૧૦/૧૫ આરટીઆઈ એકટ હેઠળની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે ઉપરોકત વિગતે એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ) સહિત વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓને અરજી તબદીલ કરેલ હતી, જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ) તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૨૦૪૪ તા.૧૭/૧૦/૧૫ થી માહિતીના મુદ્દાઓ અત્રે લાગુ પડતા નથી તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે,પરંતુ અરજી તથા મુળ તબદીલી પત્રનો અભ્યાસ કરતા અમુક મુદ્દાઓ પુરતી સદર અરજી સક્ષમ સત્તામંડળના અધિકાર ક્ષેત્રમાં સદર અરજી તબદીલ કરવાજોગ હતી તે સત્તામંડળમાં અરજી તબદીલ થયેલ હોવાનું જણાતુ ન હોય સદર અરજી સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રી પ્રતિ અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૫ માં તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસરશ્રી(ફુડ વિભાગ)ને જણાવવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી (નેવુ) દિવસની અંદર ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણભવનની પાછળ,ગાંધીનગરને બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.   /૦૩/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસરશ્રી
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/83/2016. Dt.22/01/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ.

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ),સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૭/૧૧/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી.નં. ૨૦૮૪)થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસટન્ટશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર ના પત્ર નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ/આઉટ/ ૮૩૨ તા.૦૨/૧૨/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ)ને અરજી તબદીલ કરવામાં આવેલ હતી. અરજદારે તેમની મૂળ અરજીથી(૧) સુરત મહાનગરપાલિકાના તમામ ફુડ ઈન્સ્પેકટરોના નામ,હોદ્દો,કર્મચારી નંબર તેમજ તેઓને સોંપેલ (ફાળવેલ) વિસ્તાર તેમજ ટેલીફોન મોબાઈલ નંબર સહિતની માહિતી પુરી પાડવી, તમામ ફુડ ઈન્સ્પેકટરોએ છેલ્લા બે વર્ષ દરમ્યાન લીધેલ સેમ્પલો તેમજ આવેલ રીપોર્ટ, તેમજ મિસ બ્રાન્ડ સંસ્થાઓ વિરૂધ્ધ થયેલ કાર્યવાહી સહિતની સંપુર્ણ માહિતી બાબતે કુલ–પ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. ઉકત અરજી જાહેર માહિતી અધિકારીને મળેલ હોવા છતાં આજદિન સુધી માહિતી પુરી પાડેલ નથી તેમજ જાણી જોઈને માહિતી છુપાવવાનું જણાવી માંગેલ સંપુર્ણ માહિતી વિનામુલ્યે પુરી પાડવામાં આવે તેમ જણાવી નારાજ થઈ ડે.કમિશ્નરશ્રી, આરોગ્ય વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૧૮/૦૧/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૨૨/૦૧/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારે તેઓની અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–પ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૦૬ તા.૦૧/૦૨/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારીશ્રી ફુડ વિભાગ પ્રતિ પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૧૦૪ તા.૨૨/૦૧/૧૬ થી જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસરશ્રી વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૦૫૧ તા.૨૮/૦૧/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.જયારે અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી.

ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ)ની પુર્તતા ધ્યાને લેતાં અરજદારને જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ) ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૯૦૩ તા.૦૮/૦૧/૧૬ થી સમયમર્યાદાબાદ મુદ્દા નં.૧ તથા ૩ પરત્વેની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,જયારે મુદ્દા નં.૨,૪ અને પ પરત્વે તા.૧૮/૦૧/૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રેકર્ડ તપાસણી કરી ત્યારપછી અરજદાર જણાવે તે નકલો નિયત ફી ભરપાઈ કરવાથી પુરી પાડવામાં આવશે તેમ જણાવવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી (ફુડ વિભાગ),વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭/૧૧/૧૫ ની અરજી (આઈ.ડી.નં.૨૦૮૪) થી માંગવામા આવેલ મુદ્દાઓની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રીએ સમયમર્યાદાબાદ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, તથા મુદ્દા નં.૨ ,૪ અને પ પરત્વે તા.૧૮/૦૧/૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રેકર્ડ તપાસણી કરી અરજદાર જણાવે તે નકલો નિયમોનુસાર ફી ભરપાઈ કરી મેળવી લેવા અરજદાર મજકુરને સમયમર્યાદા બાદ પ્રસ્તાવ આપવામાં આવેલ હોય સદર હુકમ મળવાના દિન–૭ માં અરજીના મુદ્દા નં.૨,૪ અને પ માટે અરજદારને રૂબરૂ રેકર્ડ તપાસણી માટે બોલાવી રેકર્ડ તપાસણી સમયે અરજદાર ઈચ્છે તેટલી જરૂરીયાત મુજબની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ અત્રેની કચેરીની જાણ હેઠળ વિનામુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ) ને આદેશ કરવામાં આવે છે,જયારે મુદ્દા નં.૧ તથા ૩ અંગેની માહિતી અરજદારને ઉકત વિગતે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ હોય તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની બાકી રહેતી હોવાનું જણાતુ નથી, તેમજ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી આફિસરશ્રી (ફુડ વિભાગ)ને ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

(એ.કે.નાયક)
આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૨/૨૦૧૬

પ્રતિ,

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/84/2015. Dt.25/01/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી સુનીલકુમાર એસ સોની.

સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સુનીલકુમાર એસ સોનીની તા.૧૫/૦૧/૧૬ની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની અરજી (આઈ.ડી.નં.૨૪૯૨)થી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. (નાગરીક સુવિધા કેન્દ્ર)ના પત્ર નં.સીસીસી/ સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૨૪૦ તા.૧૬/૦૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આર)તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ)વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,ત્યાર બાદ એકસરખી અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આર)ના પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૧૩૪૯ તા.૧૯/૦૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ વિભાગ)ને આંશિક તબદીલ કરેલ હતી,જે આરોગ્ય મહેકમ વિભાગમાં નં.જીએડી/ઈએસટી/આરટીઆઈ/ઈન/૨૪૮ તા.૨૧/૦૧/૧૬ થી પ્રાપ્ત થયેલ હતી,ઉકત અરજીથી અરજદારે સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાયમરી હેલ્થ વર્કર માટે જે ઉમેદવારોએ ફોર્મ ભરેલા તે ઉમેદવારોની કવોલીફીકેશન,અનુભવ,શૈક્ષણિક લાયકાત વિગેરે સાથે લેખિત પરીક્ષા લેતા પહેલા જે યાદી તૈયાર કરવામાં આવી છે તે યાદીની નકલની ઝેરોક્ષ તથા તે સંદર્ભે જુદા જુદા કુલ–૪૦ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જેમા અરજદારે સૌ પ્રથમ આરટીઆઈ કાયદાના " LIFE & LIBERTY" ના પેટા નિયમ હેઠળ અરજી જાહેર માહિતી અધિકારીને મળ્યાના ૭૨ કલાકમાં માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, તેમ જણાવેલ છે.

અરજદાર ધ્વારા તેઓએ માંગેલ માહિતી ૪૮ /૭૨ કલાકમાં મળી નથી તેમ જણાવી નારાજ થઈ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ વિભાગ)ને ઉદ્દેશીને તા.૨૦/૦૧/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રેના વિભાગને તા.૨૫/૦૧/૧૬ ના રોજ મળેલ છે. અપીલ અરજીમાં અરજદારશ્રીએ પ્રતિવાદી તરીકે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ)ધ્વારા ઉકત વિગતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ને પણ આંશિક તબદીલ કરેલ હોય, આરટીઆઈ કાયદાનો હાર્દ અને હેતુ ધ્યાને લેતા આરોગ્ય મહેકમ વિભાગ ખાતેથી પણ અપીલ અરજી અંગે કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાય છે. અપીલ અરજીમાં અરજદારે મુખ્યત્વે જણાવ્યાનુસાર તેઓની માહિતી માંગતી મુળ અરજીનો ૪૮ /૭૨ કલાકમાં પ્રત્યુત્તર / માહિતી પુરી પાડવામાં આવેલ નથી તથા નકારવાના કારણો જણાવવામાં આવેલ નથી.

ઉપરોકત વિગતે અરજદારની માહિતી માંગતી અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય મહેકમ વિભાગના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૦૧ તા.૨૯/૦૧/૧૬ થી પ્રત્યુત્તર આપવામાં આવેલ છે. જેની એક નકલ એપેલેટ ઓફિસર અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય મહેકમ)ને જાણ સારૂ આપવામાં આવેલ છે, જેનો અભ્યાસ કરતા જાહેર માહિતી અધિકારીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે પ્રત્યુત્તર પાઠવી સદર અરજી આરટીઆઈ કાયદાની જોગવાઈ મુજબ ૪૮ કલાકની સમય મર્યાદામાં આવતી નથી તેવો નિર્ણય લીધલ છે, તથા તે નિર્ણય પર આવવા અંગેના વિસ્તુત કારણો પણ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ) ધ્વારા દર્શાવેલ છે.

ઉપરોકત વિગતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ વિભાગ) ધ્વારા ઉકત વિગતે અરજદારશ્રીને પાઠવેલ પત્રથી માહિતી પુરી પાડી અરજદારે મુળ અરજી થી સદર માહિતી ૭૨ કલાકમાં પુરી પાડવા અથવા નકારવાના કારણો આપવા જણાવી ઉપસ્થિત કરેલ મુદ્દાઓ સામે જાહેર માહિતી અધિકારીએ સદર માહિતી કાયદાની જોગવાઈ મુજબ ૪૮ કલાકની સમયમર્યાદામાં આવતી નથી તેવા નિર્ણય / અભિપ્રાય તથા લેવામાં આવેલ નિર્ણય / અભિપ્રાય સાથે આપેલ વિસ્તુત કારણો તર્કસંગત જણાય છે તથા તેમા જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારીએ ઉઠાવેલ વિવિધ મુદ્દાઓ તથા વર્ગીકરણ સાથે અપીલ અધિકારી સંમત થાય છે અને અરજદારશ્રીની માહિતી માંગતી અરજી આરટીઆઈ એકટની કલમ–૭ (૧) માં ઠરાવેલ દિન–૩૦ ની અવધિમાં પુરી પાડવાની રહે છે અને ૪૮ કલાકની સમયમર્યાદામાં આવતી નથી તેવા જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય તથા નિર્ણય પર આવવા અંગેનું કરેલ વર્ગીકરણ તમામ પરીપેક્ષ સાથે ઉચિત જણાય છે તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ વિભાગ) ધ્વારા અરજદારશ્રીની તત્પરતા તથા ઉત્સુકતા ધ્યાને લઈ પુરતા પ્રયત્નો કરી શકય હોય તેટલી ઝડપથી માહિતી પુરી પાડવાનો શુધ્ધબુધ્ધિ પુર્વક પ્રમાણિક પ્રયાસ કરવામાં આવેલ છે, એમ જણાવી જાહેર માહિતી અધિકારીએ તેઓને ઉકત વિગતે તા.૨૧/૦૧/૧૬ ના રોજ મળેલ અરજીનો તા.૨૯/૦૧/૧૬ના પ્રત્યુત્તર પાઠવેલ હોય, તે આરટીઆઈના હાર્દ તથા હેતુ સાથે સુસંગત જણાય છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની મુળ અરજી, તેમજ અપીલ અરજી ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા અરજદારશ્રીની તા.૧૫/૦૧/૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી તથા તેમા ઉપસ્થિત કરવામાં આવેલ વિવિધ મુદ્દાઓ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૧૫/૦૧/૧૬ની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ વિભાગ) તરફથી આરોગ્ય મહેકમ વિભાગને લાગત આંશીક મુદ્દા સબબ પુરી પાડવામાં આવેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭ (૧) માં ઠરાવેલ દિન–૩૦ ની અવધિ પહેલા પુરી પાડવામાં આવેલ છે,અને તે ૪૮ / ૭૨ કલાકની સમય મર્યાદામાં આવતી નથી તેવો જાહેર માહિતી અધિકારી ધ્વારા લેવામાં આવેલ નિર્ણય ઉચીત જણાતો હોય,આમ અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી (નેવુ) દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

( પી.જે.રાણા)
પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર (આરોગ્ય મહેકમ)
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.      /૦૨/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/85/2015. Dt.27/01/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી પંકજ ધીરજલાલ ગાંધી (એડવોકેટ)
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ), સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીની તા.૨૧/૧૨/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી(નાગરીક સુવિધા કેન્દ્ર)ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આરટીઆઈ/આઉટ/૧૦૦૦ તા.૨૨/૧૨/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ)તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય) ને તબદીલ કરવામાં આવેલ હતી.અરજદારે તેમની મૂળ અરજીથી તા.૧૦/૧૨/૨૦૦૯ ના રોજ NO-3/(DCHH) and LHA/SMC/H-86 થી નોંધાયેલી નોંધની કોપી તથા જુદી–જુદી તારીખે નોંધાયેલી નોંધની કોપી વિગેરે બાબતે કુલ–૧૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ) ધ્વારા અરજદારની ઉકત અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા.નં.૧૪ તથા ૧૫ ની આંશિક માહિતી મળી છે,અને બાકીના મુદ્દાઓની માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ અપીલ સત્તાધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૨૨/૦૧/૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને તા.૨૭/૦૧/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારે તેમની આરટીઆઈની મૂળ અરજીથી માંગેલ માહિતીના મુદ્દાઓનો અભ્યાસ કરતાં અરજદાર ધ્વારા તેઓની કરેલ **અરજીથી માહિતીની વિગતમાં આરોગ્ય ખાતાના ફુડ ઈન્સ્પેકટરોએ લીધેલ નમુનાઓના રજીસ્ટરમાંની વિગતની જરૂરીયાત છે તેમ સ્પષ્ટ જણાવેલ છે**, તેમજ માહિતીના વિભાગ તરીકે પણ આરોગ્ય વિભાગ (ફુડ ઈન્સ્પેકટરની કચેરી)નો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે, તદઉપરાંત ઉપરોકત વિગતે એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા ઉકત વિગતે **જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, ફુડ ખાતું,જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય) ને અરજદારની જાણ હેઠળ અરજી આંશિક/સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.**અરજદારે તેમની આરટીઆઈની મુળ અરજીથી માંગેલ માહિતીના મુદ્દાઓનો અભ્યાસ કરતા કુલ–૧૫ મુદ્દાઓ પૈકી આંશિક આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા.નં.૧૪ (આંશિક) તથા ૧૫ (આંશિક)ની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૯૭ તા.૧૫/૦૧/૨૦૧૫ થી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે,તે ઉચિત જણાય છે.

સદર તમામ હકીકત ધ્યાને લેતા તથા એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી(નાગરીક સુવિધા કેન્દ્ર)ના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૦૦૦ તા.૨૨/૧૨/૧૫ થી સંબધિત વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓ પ્રતિ અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું હોય,જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા બાકીના મુદ્દાઓની માહિતી આપવા અરજી લાગતા વળગતા સંબંધકર્તા વિભાગને તબદીલ કરી નથી તેવી અરજદારની રજુઆત યોગ્ય જણાતી નથી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧/૧૨/૧૫ ની અરજીથી માંગવામા આવેલ માહિતી/દસ્તાવેજો પૈકી આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દાઓની આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ધ્વારા સમય મર્યાદામાં અરજદારને પુરી પાડેલ હોય અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી હોવાનું જણાતું ન હોય, અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે,તથા અરજદારને ન મળેલ મુદ્દાઓની માહિતી બાબતે સંબંધિત અપીલ અધિકારીને અપીલ કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

( પી.જે.રાણા)
પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર(આરોગ્ય મહેકમ)
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૨/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/87/2015. Dt.01/02/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી અકબરઅલી લોકાભાઈ શેખ.
સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી અકબરઅલી લોકાભાઈ શેખની તા.૨૩/૧૧/૧૫ આરટીઆઈ(આઈ.ડી.નં.૨૦૪૩)થી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારી શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરતના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/ ૭૯૧ તા.૩૦/૧૧/૧૫ થી જાહેર માહિતી અધિકારી માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ હતી.જે અરજીથી ૧૦૯/૧૧૦, દ્વારકા પારસી સેનેટોરીયમ ગલી, ભીમપોર રોડ,સુલતાનાબાદ પાસે,અમો ગ્રામ પંચાયતના કાર્યકાળ દરમ્યાન મરઘીનું મટન વેચાણ કરવાનો વ્યવસાય કરતા આવ્યા છે, જે બાદ સદર વિસ્તારનો સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવેશ થતા અમોએ ઉકત પરવાનો સુરત મહાનગરપાલિકામાં કરાવેલ / મેળવેલ છે, એવુ જણાવી એડી.માર્કેટ સુપ્રિ.ના પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૦૪૮ તા.૧૯/૧૧/૧૫ ના પત્રમાં મળેલ ફરીયાદ અનુસંધાને તેવુ જણાવેલ છે તો તે સંદર્ભે જણાવવાનું કે, જે ફરીયાદ મળી હોય તે ફરીયાદ તેની સાથે રજુ થયેલ પુરાવાઓ સાથે તથા તેના પરના શેરા સહિતની તથા થયેલ કાર્યવાહી સહિતની માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તરફથી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૧૯૦ તા.૦૨/૦૧/૧૬ થી અરજદાર મજકુરને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મળેલ પ્રત્યુત્તરથી નમુનો–ક રજુ કર્યાના ૩૦ દિવસમાં પ્રતિભાવ મળ્યો નથી તથા માંગેલ માહિતી બાબતે જમીન માલિકના મેળાપીપણામાં નહી લાગુ પડતુ રૂલીંગ દર્શાવીને ઉડાવ જવાબ આપેલ છે,તેવુ જણાવી નારાજ થઈ અરજદારે અપીલ સત્તાધિકારીશ્રી, ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પી.)ને ઉદ્દેશીને તા.૨૬/૦૨/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અરજી અત્રે તા.૦૧/૦૨/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૧૦૭ તા.૦૧/૦૨/૨૦૧૬ થી અરજદારને તથા જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગને પણ જણાવવામાં આવેલ હતું, જે અન્વયે અરજદાર તરફથી અપીલ અરજી તબકકે નારાજગીનું બાબતે જણાવેલ છે કે,અમારી આરટીઆઈની અરજી પરત્વેની નહી પુરી પાડવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવે તથા દુશ્મનો સાથેના મેળાપીપણામાં અમોને ગુંચમાં મુકીને હેરાન કરવા અને અમોને કાયદા મુજબ સહકાર નહી આપવાના બદઈરાદાથી આધાર પુરાવાઓ માંગવામાં આવેલ છે તેવુ જણાવેલ છે, તેમજ પ્રસ્તુત બાબતે જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગ ધ્વારા પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૩૭૫ તા.૦૮/૦૨/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં અરજદારે માંગેલ માહિતી બાબતે આરટીઆઈ એકટની કલમ–૮(૧) (ઠ) ની જોગવાઈની ધ્યાને લેવાજોગ છે તથા કલમ ૮(૧)(ઠ)મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબનો પ્રત્યુત્તર અરજદારને પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ અપીલ/૧૧૫ તા.૨૨/૦૨/૧૬ થી તા.૦૧/૦૩/૧૬ ના રોજ સાંજે ૪ઃ ૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર ઉકત તારીખે અને સમયે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વે નિકાલ થઈ શકેલ ન હોય,ફરીથી તા.૧૯/૦૩/૧૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૦ તા.૦૯/૦૩/૧૬ થી આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની,મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ તે મુજબ ઉકત દિને અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા હતા તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધિશ્રી એસ.જે.શાહ (આરોગ્ય નિરીક્ષક) હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા માર્કેટ વિભાગના પ્રતિનિધી શ્રી એસ.જે.શાહ (આરોગ્ય નિરીક્ષક) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની તા.૨૩/૧૧/૧૫ ની આરટીઆઈની અરજી(આઈ.ડી.નં.૨૦૪૩) અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી માર્કેટ વિભાગ ધ્વારા ઉકત વિગતે માહિતી જાહેર કરવાનો ઈન્કાર કરેલ છે જે આરટીઆઈ એકટની કલમ–૮(૧) (જ) ની જોગવાઈ સાથે સુસંગત જણાતુ હોય,તથા રૂબરૂ સુનાવણી સમયે અરજદાર સાથે આ બાબતે જરૂરી સ્પષ્ટતા થયેલ હોય,અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે,તેમજ ભવિષ્યમાં આર.ટી.આઈ.એકટ હેઠળની અરજીઓનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી માર્કેટ વિભાગને તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ,નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૬

ડે.કમિશ્નર(હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/88/2015. Dt.01/02/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી અકબરઅલી લોકાભાઈ શેખ.
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી અકબરઅલી લોકાભાઈ શેખની તા.૨૩/૧૧/૧૫ ની આરટીઆઈની અરજી(આઈ.ડી.નં.૨૦૪૨)થી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરીક સુવિધા કેન્દ્ર,મુગલીસરા,સુરતના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૭૯૦ તા.૩૦/૧૧/૧૫ થી જાહેર માહિતી અધિકારી માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(માર્કેટ વિભાગ)પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી.જે અરજીથી ૧૦૯/૧૧૦, દ્વારકા પારસી સેનેટોરીયમ ગલી,ભીમપોર રોડ,સુલતાનાબાદ પાસે,અમો ગ્રામ પંચાયતના કાર્યકાળ દરમ્યાન મરઘીનું મટન વેચાણ કરવાનો વ્યવસાય કરતા આવ્યા છે જે બાદ સદર વિસ્તારનો સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવેશ થતા અમોએ ઉકત પરવાનો સુરત મહાનગરપાલિકામાં કરાવેલ/મેળવેલ છે,મળેલ ફરીયાદ અનુસંધાને અમોએ સદરપરવાનો નં.પીએચડી/માર્કેટ/ એસડબલ્યુઝેડ–૫/૧ તબદીલ કરવા મેળવવા સારૂ તત્કાલીન સમયગાળા દરમ્યાન ખોટા પુરાવા/પેપર્સ રજુ કરેલ હોય તેવુ એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટના પત્ર જાવક નં.પીએચડી/માર્કેટ/૧૦૪૮ તા.૧૯/૧૧/૧૫ના પત્રથી જણાવવામાં આવેલ છે તે સંદર્ભે તે પરવાનો તબદીલ કરવા / મેળવવા સારૂ જે જે અરજી પુરાવા મજકુર પરવાનાનું પ્રમાણપત્ર જુનો પરવાનો વિગેરે મજકુર પરવાના બાબતે રજુ થયેલ પુરાવાઓ તેના પરના શેરા સહિતની તથા થયેલ કાર્યવાહી સહિતની વિગેરે આખા રેકર્ડના પુરાવા શેરા સાથેની તમામ માહિતીની માંગણી કરેલ હતી. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તરફથી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૧૮૯ તા.૦૨/૦૧/૧૬ થી અરજદાર મજકુરને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે મળેલ પ્રત્યુત્તરથી નમુનો– ક રજુ કર્યાના ૩૦ દિવસમાં પ્રતિભાવ મળ્યો નથી તથા માંગેલ માહિતી બાબતે જમીન માલિકના મેળાપીપણામાં ઉડાવ જવાબ આપેલ છે તેવુ જણાવી નારાજ થઈ અરજદારે અપીલ સત્તાધિકારીશ્રી, ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પી.)ને ઉદ્દેશીને તા.૨૬/૦૨/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અપીલ અરજી અત્રે તા.૦૧/૦૨/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/અપીલ/૧૦૭ તા.૦૧/૦૨/૨૦૧૬ થી અરજદારને તથા જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગને પણ જણાવવામાં આવેલ હતું, જે અન્વયે અરજદાર તરફથી અપીલ અરજી તબકકે નારાજગી બાબતે જણાવેલ છે કે,અમારી આરટીઆઈની અરજી પરત્વેની નહી પુરી પાડવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવે તથા દુશ્મનો સાથેના મેળાપીપણામાં અમોને ગુંચમાં મુકીને હેરાન કરવા અને અમોને કાયદા મુજબ સહકાર નહી આપવાના બદઈરાદાથી આધાર પુરાવાઓ માંગવામાં આવેલ છે તેવુ જણાવેલ છે, તેમજ પ્રસ્તુત બાબતે જાહેર માહિતી અધિકારી માર્કેટ વિભાગ ધ્વારા પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૩૭૫ તા.૦૮/૦૨/૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં વારંવાર શોધખોળ કરવા છતાં રેકર્ડ મળી આવેલ નથી તેવુ અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી અનુક્રમે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૫ તા.૨૨/૦૨/૧૬ થી તા.૦૧/૦૩/૧૬ ના રોજ સાંજે ૪: ૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ,પરંતુ અરજદાર રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહયા ન હોય તેઓની અપીલ અરજી પરત્વે નિકાલ થઈ શકેલ ન હોય,ફરીથી તા.૧૯/૦૩/૧૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૦ તા.૦૯/૦૩/૧૬ થી આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ની આરોગ્ય ખાતાની,મુગલીસરા,સુરતની કચેરીમાં હાજર રહેવા જણાવવામાં આવેલ, તે મુજબ ઉકત દિને અરજદાર તથા માર્કેટ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી વતી તેઓના પ્રતિનિધીશ્રી એસ જે શાહ(આરોગ્ય નિરીક્ષક) રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા માર્કેટ વિભાગના પ્રતિનિધીશ્રી એસ જે શાહ (આરોગ્ય નિરીક્ષક) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની તા.૨૩/૧૧/૧૫ ની આરટીઆઈની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હોય તથા રૂબરૂ સુનાવણી સમયે ઉકત મુદ્દાઓની સ્પષ્ટતા થયેલ હોય તે અંગે કોઈ વધારાની માહિતીની જરૂરીયાત રહેતી નથી એમ જણાવી અરજદારે માહિતી સબબ સંતોષ વ્યકત કરેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૪/૨૦૧૬

ડે.કમિશ્નર(હે અને હો) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/90/2016. Dt.08/02/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::– શ્રી પંકજ બુચ.

સામાવાળા::–જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ(માર્કેટ વિભાગ) સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની આરટીઆઈ એક્ટ–૨૦૦૫ હેઠળની ડો.પી.જી.મહેતા,જાહેર માહિતી અધિકારીને સંબોધીને તા.૦૨/૧૨/૧૫ ની કરેલ અરજીથી સુરતમાં સલાબતપુરામાં બે ચામડાના ગોડાઉનોને પરવાનગી અપાઈ છે તે પરવાનગીની નકલોની માંગણી કરેલ હતી, અરજદારે તેમની મૂળ અરજી માંગેલ માહિતી સમયમર્યાદામાં મળેલ નથી,તેમજ માંગ્યા મુજબની માહિતી સત્વરે પુરી પાડવામાં આવે તેમ જણાવી નારાજ થઈ અપીલ સત્તાધિકારી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૨૩/૦૨/૧૫ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગના પત્ર.નં.પીએચડી/માર્કેટ/૧૩૬૯ તા.૦૬/૦૨/૨૦૧૬ થી અરોગ્ય મહેકમ વિભાગને તા.૦૮/૦૨/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારે તેઓની અરજી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલવા પત્ર.નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૧ તા.૦૯/૦૨/૧૬ થી મજકુર અરજદારશ્રીને જણાવવામાં આવેલ હતું,જે અનુસંધાને અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે નારાજગી સંદર્ભે કોઈ નકકર પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે આજદિન સુધી કોઈ લેખીતમાં પુર્તતા રજુ કરેલ નથી,જયારે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૧૩૬૯ તા.૦૬/૦૨/૨૦૧૬ થી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરી જણાવેલ છે કે, અરજદાર મજકુરની ઉકત વિગતેની મુળ અરજી માર્કેટ વિભાગને આજદિન સુધી મળેલ નથી.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા જણાવવામાં આવેલ વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૧૨/૧૫ ની અરજી થી માંગવામા આવેલ મુદ્દાઓની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગ ધ્વારા તેઓના ખાતાને અરજદારની ઉકત વિષય પરત્વેની મુળ અરજી પ્રાપ્ત થયેલ ન હોવાનું જણાવેલ છે તથા અરજદારની નમુના–ક ની અરજીની તારીખ ૦૨/૧૨/૨૦૧૫ દર્શાવેલ છે તથા નમુના–ચ ની પ્રથમ અપીલ અરજીના નમુનામાં અરજી તારીખ ૨૩/૧૨/૨૦૧૫ દર્શાવી સદર અરજી અરજદાર ધ્વારા તા.૨૯/૦૧/૨૦૧૬ ના રોજ મધ્યસ્થ કચેરીમાં પહોંચતી કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે સુસંગત જણાતું નથી.

વધુમાં જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગને આરટીઆઈની મુળ અરજી પ્રાપ્ત થયેલ નથી તેમ જણાવવામાં આવેલ છે,પરંતુ અપીલ તબકકે મળેલ મુળ અરજી પરત્વેની માહિતી આર.ટી.આઈ ની કલમ–૭(૬)હેઠળ વિના મુલ્યે અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૦૭ માં અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ માર્કેટ વિભાગને આદેશ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર રાજય માહિતી આયોગને બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.દેસાઈ)
ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૨/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/93/2015. Dt.08/02/2016.
SMC/PHD/FAP/94/2015. Dt.17/02/2016.
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી સુનીલકુમાર એસ સોની.

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ ) વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી સુનીલકુમાર એસ સોનીની તા.૧૫/૦૧/૧૬ની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની અરજી (આઈ.ડી.નં.૨૪૯૨)થી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. (નાગરીક સુવિધા કેન્દ્ર)ના પત્ર નં.સીસીસી/ સી.ઝેડ/ આરટીઆઈ/આઉટ/૧૨૪૦ તા.૧૬/૦૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આર)તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ હતી,ત્યાર બાદ એકસરખી અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આર)ના પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૧૩૪૯ તા.૧૯/૦૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ વિભાગ)ને આંશિક તબદીલ કરેલ હતી,જે આરોગ્ય મહેકમ વિભાગમાં નં.જીએડી/ઈએસટી/આરટીઆઈ/ઈન/૨૪૮તા.૨૧/૦૧/૧૬ થી પ્રાપ્ત થયેલ હતી,ઉકત અરજીથી અરજદારે સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાયમરી હેલ્થ વર્કર માટે જે ઉમેદવારોએ ફોર્મ ભરેલા તે ઉમેદવારોની કવોલીફીકેશન,અનુભવ,શૈક્ષણિક લાયકાત વિગેરે સાથે લેખિત પરીક્ષા લેતા પહેલા જે યાદી તૈયાર કરવામાં આવી છે તે યાદીની નકલની ઝેરોક્ષ તથા તે સંદર્ભે જુદા જુદા કુલ–૪૦ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી, જે અનુસંધાને આરોગ્ય મહેકમ વિભાગને લાગત (આંશિક) માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)ના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૦૧ તા.૨૯/૦૧/૧૬ થી સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

અરજદાર ધ્વારા તેઓએ માંગેલ માહિતી ૪૮ /૭૨ કલાકમાં માહિતી ન સ્વીકારવા બાબતે તથા આંશિક માહિતી(પોતાના વિભાગને લગતી ) અમુક મુદ્દા માટે (અમારી અરજીના) આપીને અન્ય મુદ્દાની માહિતી નકારવા વિગેરે બાબત જણાવી નારાજ થઈ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર(આરોગ્ય વિભાગ)ને ઉદ્દેશીને તા.૦૬/૦૨/૧૬ થી અપીલ અરજી કરેલ છે, જે અરજી અત્રેના વિભાગને તા.૦૮/૦૨/૧૬ના રોજ મળેલ છે. ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ વિભાગ)ને ઉદ્દેશીને એક વર્તમાનપત્રના કટીંગની ઝેરોક્ષ નકલ સામેલ રાખી તેને ટાંકી સદર માંગેલ માહિતી લાઈફ એન્ડ લીબર્ટી કલોઝ હેઠળ આપવાની થતી હતી એમ જણાવી તેઓએ નકલ ફી પેટે ભરેલ નાણાં પરત મેળવવાના હકકદાર છે એમ જણાવી નારાજ થઈ તા.૧૬/૦૨/૧૬ થી અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત તા.૧૭/૦૨/૧૬ થી પ્રાપ્ત થયેલ છે. જે બાબતે જણાવવાનું કે, સરખી બાબતે અગાઉ અત્રેના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૪ તા.૧૮/૦૨/૧૬ થી સદર બાબત ૪૮ કલાકની સમય મર્યાદામાં આવતી નથી તે મુજબનો હુકમ થઈ ગયેલ હોય અરજદારે મુળ અરજી બાબતે એક વાર કરેલ અપીલનો નિકાલ થયા બાદ પુનઃ અપીલ કરી આ બાબતે ફેર રજુઆત કરેલ છે. જે એકવાર અપીલનો આખરી નિકાલ થયા બાદ ધ્યાનમાં લેવા જોગ રહે નહી , જેથી અત્રેથી ફકત અરજદારે તા.૦૬/૦૨/૧૬ થી કરેલ પ્રથમ અપીલ કે જે અત્રેના વિભાગને ઉકત વિગતે તા.૦૮/૦૨/૧૬ થી પ્રાપ્ત થયેલ છે તેનો નિકાલ કરવાનો રહે. સદર પ્રથમ અપીલ અરજીમાં અરજદારે મુખ્યત્વે નીચે જણાવેલ મુદ્દાઓ પરત્વે નારાજગી વ્યકત કરેલ હોવાનું જણાય છે.

- ઉપરોકત વિગતે અરજદારે આરટીઆઈની અરજીના **મુદ્દા.નં.૧** ના જવાબમાં માહિતી અધિકારીશ્રીએ (તેઓશ્રીને શકનો લાભ આપીને ) માહિતી કેટલા પાનાની છે અને તે માટે કેટલા રૂપિયા/પેમેન્ટ કરવાનું છે તેનો ઉલ્લેખ કર્યો નથી, જયારે જાહેર માહિતી અધિકારીશ્રીએ ખાનગી માહિતી વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી યોગ્ય જણાતી નથી જેની ચોખવટ કરાવી જોઈએ તેમ જણાવેલ છે, જે બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીએ પ્રાયમરી હેલ્થ વર્કર માટેની બનાવવામાં આવેલ સીનોપ્સીસમાં પ્રતિક્ષાયાદીમાં પસંદગી પામેલા તથા પસંદગી ન પામેલા બંને ઉમેદવારોની એક જ સીનોપ્સીસ બનાવવામાં આવેલ હોય તથા જે ઉમેદવારો પસંદગી પામેલ ન હોય તેની અંગત જીવનને લગતી માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ)ની જોગવાઈ મુજબ પ્રગટ કરવાનો ઈન્કાર કરી મળેલ સીનોપ્સીસ પૈકી પસંદગી પામેલ ઉમેદવારોની માહિતી બાબતે આર.ટી.આઈ.એકટની કલમ– ૭(૩)સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી રેકર્ડ તપાસણી કરી માહિતીનો ઉતારો કરવા પ્રસ્તાવ આપેલ છે તથા આરટીઆઈની કલમ ૨ (જે)માં ઉતારો કરવા અંગેની જોગવાઈ છે તેમ જણાવવામાં આવેલ છે,આથી અરજદાર જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રસ્તાવનો સ્વીકાર કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. વધુમાં અરજદાર ધ્વારા પ્રથમ અર્ધા કલાકના ઉતારા માટે કોઈ ફી ભરવાની રહેતી નથી ત્યારપછીના સમય માટે ફી ભરપાઈ કરવાની રહે છે તેમ જણાવી કેટલા પાનાની માહિતી માટે કેટલુ પેમેન્ટ કરવાનું તે ચોખવટ કરવા જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીએ પ્રત્યુત્તરમાં આરટીઅઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી રેકર્ડ તપાસણી કરી ઉતારો કરવા જણાવેલ જ છે.

- **મુદ્દા.નં.૧૦** ના જવાબ પછી મુદ્દા નં.૪૦ માં અમારી અરજી આવરી લેવામાં આવેલ છે. મુદ્દા નં.૪,૬,૧૦, ૪૦નો કોમન જવાબ આપવામાં આવેલ છે. જેના કારણે પેપર સેટર, પરીક્ષા લેનારની માહિતી ન આપવા વિશે ઉલ્લેખ કરેલ છે. જેના કારણે ગુંચ ઉભી થાય છે. જે અંગે જાહેર માહિતી અધિકારી પાસે ચોખવટ કરવા જણાવેલ છે. સદર બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીએ પ્રત્યુત્તરમાં જણાવેલ રીપોર્ટના પેરા–૪(૨) તથા ૪(૩)ની વિગતે પેપર સેટરની તથા પરીક્ષા કોના મારફત લેવામાં આવી તે જાહેર થતુ હોય તે મુદ્દા જાહેર ન થાય તે મુજબની ઝેરોક્ષ નકલ કાઢી આપવામાં આવશે એમ સ્પષ્ટ જણાવેલ હોય , ગુંચ ઉભી થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો સદર નિર્ણય આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ચ) તથા ૮(૧)(જ)ના પરીપેક્ષમાં સુસંગત જણાય છે.
- **મુદ્દા.નં.૧૬ અને ૧૮** ના અનુસંધાને ખાનગી માહિતી ખાસ કરીને ત્રાહિત વ્યકિતની ન આપવા વિશે માહિતી અધિકારીશ્રીના વલણ અંગે ગેરરીતિ થઈ હોય તેવા સંજોગોમાં અમો સક્ષમ સત્તામંડળ /અધિકારી સમક્ષ રજુ કરવા / ફરીયાદ અનુસંધાને માહિતી મેળવવાની માંગણી ઉભી રહેશે તેની ચોખવટ કરવા જણાવેલ છે. જે બાબતે અરજદારે તેઓની માહિતી માંગતી મુળ અરજીથી તેમા જણાવેલ વિગતેના બેઠક નંબરના ઉમેદવારો તથા અનુસુચિત જાતિના પસંદગી પામેલ ૨૩ પુરૂષ તથા ૧૭ મહિલા ઉમેદવારોનું ભરેલ ફોર્મ, જાતિનું પ્રમાણપત્ર, લીવીંગ સર્ટીફિકેટ,એસ.એસ.સી અને સેનેટરી ઈન્સ્પેકટરની માર્કશીટની ઝેરોક્ષ નકલની માંગણી કરેલ હતી. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(આરોગ્ય મહેકમ) ધ્વારા આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિન જરૂરી દખલ થાય તેવી જાણકારી બાબતે ઈન્કાર કરવામાં આવેલ છે, તથા પ્રત્યુત્તર સાથે નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામા આવેલી માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે, જે ચુકાદાને ટાંકી તેની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ છે, જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રીએ લીધેલ નિર્ણય આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ધ્યાને લેતા તમામ પરીપેક્ષમાં ઉચિત જણાય છે, જયારે અરજદારે ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ થયેલ હોવાની શંકા વ્યકત કરેલ હોય તે બાબતે અરજદાર સક્ષમ સત્તાને ફરીયાદ / રજુઆત કરવા સ્વતંત્ર છે.
- **મુદ્દા.નં.૨૧** પરત્વે સ્થાયી સમિતિના રીસોલ્યુશન/ઠરાવ નં.૫૮૯ તા.૩૦/૦૪/૨૦૧૨ મુજબ ભરતી પ્રક્રિયામા થયેલી ગેરરીતીની સુનાવણીમાં સક્ષમ અધિકારીશ્રી છે,તેમની સમક્ષ અમોએ ઉમેદવારોએ તેની રજુઆત કરીને દાદ માંગેલ છે તો તેની ખાતાકીય તપાસના ભાગરૂપે અથવા અમારી ફરીયાદના અનુસંધાને મે.મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજુઆત કરવા માટે માહિતી મળી શકે કે નહી ? દાખલા તરીકે પછાત જ્ઞાતિના પંચ ઉપર અમોએ ફરીયાદ કરી હોય તો પંચને ડાયરેકટ અથવા માહિતી અધિકારના કાયદા હેઠળ માંગેલ કોન્ફીડેન્સીયલ માહિતી સીલ કવરમાં આપી શકાય કે નહિ તે મુજબની સ્પષ્ટતા માંગેલ હોવાનુ જણાય છે. માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજદાર ધ્વારા માહિતી માંગતી મુળ અરજીના મુદ્દા નં.૨૧ થી "સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજાયેલ પ્રાયમરી હેલ્થ વર્કરની તા.૩૦/૦૮/૧૫ના રોજ લીધેલ પરીક્ષાનું પેપર અને તેની આન્સર કી ની નકલ અને પેપરનું સોલ્યુસન આપવા " તથા મુદ્દા નં.૨૨ થી " સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજાયેલ પ્રાયમરી હેલ્થ વર્કરની પેપર સોલ્યુશનની રીવાઈઝડ સોલ્યુશનની નકલની ઝેરોક્ષ નકલ આપવા " જણાવેલ, જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ) ધ્વારા મુદ્દા નં.૨૧ તથા ૨૨ પરત્વે દસ્તાવેજી નાણાં રૂા.૧૨૬/–ભરપાઈ કરી માહિતી મેળવવાનો પ્રસ્તાવ આપેલ છે તેમજ માંગણી થયેથી પેપર સેટરની તથા પરીક્ષા કોના ધ્વારા લેવામાં આવી છે તે જાહેર ન થાય તે મુજબની ઝેરોક્ષ નકલ કાઢી આપવામાં આવશે તેવુ જણાવવામાં આવેલ છે. આમ માંગેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીએ માહિતી પુરી પાડવાનો પ્રસ્તાવ આપેલ જ હોય અન્ય કોઈ વધારાની કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતુ નથી. અરજદાર ધ્વારા સદર વિગતે અપીલ તબકકે પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ હોય અરજદારને આ બાબતે અલાયદી અરજી કરવાની રહે.
- **મુદ્દા.નં.૨૨** બાબતે લેખિત પરીક્ષામાં ખોટા સવાલો તથા સવાલોના ખોટા જવાબ, એક જ સવાલના એક થી વધારે સાચા જવાબ વિગેરે તેમજ (પેપર સેટીંગ પ્રશ્નોના જવાબ બાબતમાં થયેલ ભુલ/ક્ષતિ બાબતે પરીક્ષામાં આવી ભુલ ન થાય તે અંગે પેપર સેટર્સને ભવિષ્યમાં બાકાત રાખવા અથવા બ્લેક લીસ્ટ કરવા એસ.એમ.સી.ધ્વારા સુધારા/ફેરફારની જરૂરત/ ફરીયાદ જોતા સક્ષમ અધિકારીશ્રી ઉપર રજુઆત/ફરીયાદ કરવાના અમારા મુળભુત અધિકાર ઉપર તરાપ આવે છે. સદર ફરીયાદ અમો જાહેર હિતમાં કરવા માંગીએ છે, તેમજ આગળ ઉલ્લેખ કર્યા મુજબ સક્ષમ સત્તાવાળા ઉપર સીલ કવરમાં માહિતી આપવાની માહિતી અધિકારીશ્રીની અને પ્રથમ અપીલ અધિકારીશ્રીની બીજી અપીલ દાખલ કરવાની ફરજ પડે તો આપવાની તૈયારી છે કે નહી તેની ચોખવટ કરવા જણાવેલ છે. સદર મુદ્દા બાબતેની સ્પષ્ટતા ઉકત પેરામાં આવી જાય છે વળી, બીજી અપીલમાં મા.રાજય માહિતી આયોગ ધ્વારા નિર્ણય લઈ જે હુકમ કરવામાં આવે તેનુ જાહેર માહિતી અધિકારીશ્રીએ તથા પ્રથમ અપીલ અધિકારીએ પાલન કરવાનું રહે છે. જેથી આ બાબતે વધુ કોઈ સ્પષ્ટતા કરવાની જરૂર રહેતી નથી.
- **મુદ્દા.નં.૩૯** અમારી અરજીનો નિકાલ કર્યા પછી મુદ્દા નં.૪ માં ખરેખર માહિતી આપવાના સમયે જો કોઈ ફેરફાર હોય તો તે આપને એટલે અમો અરજદારને બંધનકર્તા રહેશે તો તેઓશ્રી કયે કયા સમયે કયા ફેરફાર (રૂબરૂ માહિતી વાંચવા,ઉતારા માટે ફાળવવામાં આવેલ સમય,તારીખ,દિવસ અથવા ૪૮/૭૨ કલાકમાં માહિતી આપવાની અથવા ૩૦ દિવસમાં માહિતી આપવાનો સમયગાળો વિગેરે વિગતોનો ખુલાસો કરાવડાવવા વિનંતી કરેલ છે. જે બાબતે જણાવવાનું કે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આરોગ્ય મહેકમ)એ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ અંતર્ગત સુચિત નમુના / પ્રફોર્મા મુજબ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. વધુમાં અરજદારે પ્રત્યુત્તરના અનુસંધાને નિયત કરેલ પ્રસ્તાવિત ફી ભરપાઈ કરી માહિતી મેળવેલ હોય પ્રશ્ન અપ્રસ્તુત જણાય છે.

# —:: હુકમ ::—

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫/૦૧/૧૬ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ હોય અને કેટલાક મુદ્દાઓ (આંશિક) બાબતે માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી કઈ કલમ નીચે આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. (અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના તા.૨૯/૦૧/૧૬ના પત્ર અન્વયે મુદ્દા નં.૧ (આંશિક) સબબ જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન—૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ ૭ (૩) સાથે નિયમ—૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી રેકર્ડ તપાસણી કરી માહિતીનો ઉતારો મેળવવા સ્વતંત્ર છે.)

અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્ન બાબતે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ હોય તો,અપીલ હુકમ મળ્યાની તારીખથી (નેવુ) દિવસની અંદર ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણભવનની પાછળ,ગાંધીનગરને બીજી અપીલ કરી શકશો.

( પી.જે.રાણા)
પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર(આરોગ્ય મહેકમ)
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૬

## સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/97/2016. Dt.05/03/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર ::–શ્રી એહમદ એ શેખ.

સામાવાળા ::– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,આરોગ્ય મહેકમ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૨૩/૧૨/૧૫ ની આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી (આઈ.ડી.નં.૨૨૭૦) થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(આર)ના પત્ર.નં.જીએડી/ઈએસટી/ આર/૧૨૯૩ તા.૦૬/૦૧/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર આરોગ્ય મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ હતી,જે આરોગ્ય મહેકમ વિભાગમાં તા.૦૭/૦૧/૧૬ થી પ્રાપ્ત થયેલ હતી, અરજદારે તેમની મૂળ અરજીથી સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાયમરી હેલ્થ વર્કર માટે જે ઉમેદવારોએ ફોર્મ ભરેલા તે ઉમેદવારોની કવોલીફીકેશન, અનુભવ શૈક્ષણિક લાયકાત વિગેરે સાથે લેખિત પરીક્ષા લેતા પહેલા જે યાદી તૈયાર કરવામાં આવી છે તે યાદીની નકલ વિગેરે બાબતની કુલ–૨૬ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી,જે પૈકી આરોગ્ય મહેકમ વિભાગને લાગત માહિતી અરજદાર મજકુરને સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હતી.અરજદારની ઉકત આરટીઆઈની અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ વિભાગ ) ધ્વારા તેઓને પુરી પાડવામાં આવેલ માહિતી જાહેર કરવામાંથી મુકિત આપવામાં આવેલ છે તેવુ ખોટુ અર્થઘટન કરી માહિતી આપેલ નથી તેવુ જણાવી નારાજ થઈ મહે.માહિતી અધિકારીશ્રી, રીક્રુટમેન્ટ વિભાગ,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૧૬/૦૨/૧૬ના રોજ અપીલ અરજી કરેલ છે.જે અરજી અત્રેના વિભાગને રિક્રુટમેન્ટ વિભાગ ધ્વારા તા.૧૬/૦૨/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની તા.૨૩/૧૨/૨૦૧૫ ની અરજી પરત્વે આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ પીઓ/ આરટીઆઈ/૧૯૯ તા.૨૧/૦૧/૨૦૧૬ થી આરોગ્ય મહેકમ વિભાગને લાગત મુદ્દા નં. ૧, ૨, ૪, ૬ તથા ૧૦ ની આંશિક માહિતી તથા મુદ્દા નં.૮,૯,૧૬, ૧૮, ૨૧,૨૨ તથા ૨૪ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ મુદ્દા નં.૨, ૪, ૬, ૮ અને ૯ પરત્વેની માહિતીની નકલ પાના કુલ–૨૪ માં પુરી પાડવાની થતી હોય,તે અંગે દસ્તાવેજી નાણાં ભરપાઈ કરવા જણાવવામાં આવેલ હતું,તે મુજબ તા.૦૧/૦૨/૧૬ના રોજ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કરવામાં આવેલ હોય ઉકત માહિતીની નકલના પાના નંગ કુલ–૨૪ તા.૦૨/૦૨/૧૬ના રોજથી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અન્વયે બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેવાના હેતુસર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અર્થે અત્રેથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૨૧ તા.૧૦/૦૩/૧૬ મુજબ તા.૧૪/૦૩/૧૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે પર્સોનેલ ઓફિસર (આરોગ્ય મહેકમ)અને એપેલેટ ઓફિસર,સુરત મ.ન.પા.ના અસારાવાલા મેટરનીટી હોમના બીજા માળે, આરોગ્ય ખાતાની કચેરી સૈય્યદપુરા ,સુરતની કચેરીમાં ઉકત સ્થળે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું, જે મુજબ અરજદાર તથા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હાજર રહેલ હતાં.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (આરોગ્ય મહેકમ વિભાગ ) ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩/૧૨/૨૦૧૫ની આરટીઆઈની અરજીના મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા નં. ૧, ૨, ૪, ૬ તથા ૧૦ ની આંશિક માહિતી તથા મુદ્દા નં.૮,૯,૧૬, ૧૮, ૨૧,૨૨ તથા ૨૪ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તેમજ મુદ્દા નં.૨, ૪, ૬, ૮ અને ૯ પરત્વેની માહિતીની નકલ પાના કુલ–૨૪ માં પુરી પાડવાની થતી હોય ,તે માહિતીની નકલના પાના કુલ– ૨૪ નંગ તા.૦૨/૦૨/૧૬ના રોજ થી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, તેમજ અરજદાર ધ્વારા આ બાબતે રૂબરૂ સુનાવણી સમયે આરોગ્ય મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતીથી તેઓએ સંતોષ વ્યકત કરેલ હોયં ,તદઉપરાંત તે અંગે કોઈ વધારાની માહિતીની જરૂરીયાત રહેતી નથી એમ જણાવેલ હોય,આમ અરજદારની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦– એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

( પી.જે.રાણા)
પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર(આરોગ્ય મહેકમ)
સુરત મહાનગરપાલિકા.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૩/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/99/2015. Dt.19/03/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી વી.બંસલ સંયોજક (એક નયા ભારત– A Social Reform )

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી વી.બંસલ સંયોજક (એક નયા ભારત– A Social Reform )ની આરટીઆઈની તા.૧૨/૦૧/૧૬ (આઈ.ડી.નં.૨૪૪૩)ની અરજી એકઝી.આસી.અને જાહેર માહિતી અધિકારીશ્રી,નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા,સુરતના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૧૯૧ તા.૧૫/૦૧/૧૬ થી વિવિધ જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ,ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી,વેસ્ટ ઝોન ધ્વારા પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૭૧૮ તા.૨૨/૦૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી, ફુડ વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ,અરજદારની ઉકત અરજીના અનુસંધાને ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૪,૮ તથા ૧૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વે વિવિધ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા અધુરી અયોગ્ય અને ગેરમાર્ગે દોરનારી માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ અરજદારે તા.૧૦/૦૩/૧૬ના રોજ એપેલેટ ઓથોરીટી/સત્તાધિકારી/ મા.મ્યુનિ.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે,જે અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી,ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૩૬૧૬ તા.૧૫/૦૩/૧૬ થી આરોગ્ય મહેકમ વિભાગને મોકલેલ છે, જે અત્રે તા.૧૯/૦૩/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ફુડ વિભાગને જણાવવામાં આવેલ હતું,તે અનુસંધાને અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં અરજદાર મજકુરને તેઓની આરટીઆઈની અરજી પરત્વેની ફુડ વિભાગને લાગત મુદ્દા નં.૪,૮ તથા ૧૨ ની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની મુળ અરજી અપીલ અરજીની કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

અરજદારની તા.૧૨/૦૧/૧૬ ની અરજી (આઈ.ડી.નં.૨૪૪૩) થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૪,૮ તથા ૧૨ પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ફુડ વિભાગ ધ્વારા રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે તથા આરટીઆઈની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતું હોય,અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની રહેતી ન હોય,અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે, પરંતુ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસરશ્રી ફુડ વિભાગ ધ્વારા સમયમર્યાદા બાદ અરજીનો નિકાલ કરેલ હોય ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૪/૨૦૧૬

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.**SMC/PHD/FAP/91/2016. Dt.08/02/2016.**
આરોગ્ય મહેકમ વિભાગ.

અરજદાર :– શ્રી ભાવેશ અશોકભાઈ ભીગરાડીયા

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા.

અરજદાર શ્રી ભાવેશ અશોકભાઈ ભીગરાડીયાની આરટીઆઈની તા.૧૫/૧૨/૧૫(આઈ.ડી.નં.૧૩૬૧)ની અરજી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી,વરાછા ઝોનના પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ/૧૪૯૬ તા.૨૮/૧૨/૧૫ થી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ હતી, જે અરજીથી(૧) સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન વિસ્તારમાં હાલમાં કુલ કેટલા આરોગ્ય કેન્દ્ર આવેલા છે ? અને કયા કયા વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર આવેલા છે તે જણાવશો ?(૨) સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન વિસ્તારમાં હાલમાં જે આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવેલ છે તે વસ્તીને અનુલક્ષીને બનાવવામાં આવેલ છે કે વિસ્તારને અનુલક્ષીને બનાવવામાં આવેલ છે.(૩) સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન વિસ્તારમાં હાલમાં આરોગ્ય કેન્દ્ર બનાવવાની જરૂરીયાત જણાતી હોય તો તે અંગે કયા સક્ષમ અધિકારીને અધિકારીને અરજી કરવાની રહે છે વિગેરે બાબતની માહિતીની માંગણી કરેલ હતી,જે મળેલ પ્રત્યુત્તરથી અરજદાર મજકુરએ તેઓની આરટીઆઈની અરજી પરત્વેની નમુના– ક માં અરજી સાદર કર્યા પછી ૩૦ દિવસ ની અંદર કોઈ નિર્ણય મળેલ નથી તેમ જણાવી નારાજ થઈ અરજદારે તા.૦૨/૦૨/૧૬ના રોજ અપીલ સત્તાધિકારીશ્રી આરોગ્ય વિભાગ મુખ્ય કચેરી વરાછા ઝોનને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે.જે અપીલ અરજી નાયબ આરોગ્ય અધિકારી અને એપેલેટ ઓફિસરશ્રી વરાછા ઝોનના પત્ર નં.આરટીઆઈ સેલ/આઉટ/૧૬૮૪ તા.૦૫/૦૨/૧૬ થી અપીલ અધિકારીશ્રી આરોગ્ય વિભાગને તબદીલ કરેલ,જે અત્રે તા.૦૮/૦૨/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

જે અનુસંધાને અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વેની નારાજગી સંદર્ભે પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૫ માં અત્રેની કચેરીને મોકલી આપવા આરોગ્ય મહેકમ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૮ તા.૨૨/૦૨/૧૬ થી મજકુર અરજદારશ્રીને તથા જાહેર માહિતી અધિકારીશ્રી નાયબ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન પ્રતિ પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૧૧૭ જણાવવામાં આવેલ હતું,તે અન્વયે મજકુર અરજદાર તરફથી અપીલ અરજી પરત્વે કોઈ પુર્તતા રીપોર્ટ કે સ્પષ્ટતા/રજુઆત કરવામાં આવેલ નથી.અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન તરફથી અપીલ અરજી પરત્વે પુર્તતા રીપોર્ટ રજુ કરેલ છે,જેમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ./ના.આ.અ./આઉટ/૧૮૯ તા.૦૩/૦૩/૧૬ થી અરજદારને સમયમર્યાદા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ અરજદારની મુળ અરજી અપીલ તબકકે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારની તા.૧૫/૧૨/૧૫ ની માહિતી માંગતી અરજી (આઈ.ડી.નં.૧૪૯૬) થી માંગવામાં આવેલ માહિતી સબબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા ઉકત વિગતે માહિતી પુરી પાડેલ હોય, આ બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાનુ જણાતુ હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે, પરંતુ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોન ધ્વારા સમયમર્યાદા બાદ અરજીનો નિકાલ કરેલ હોય ભવિષ્યમાં આરટીઆઈ એકટ હેઠળની અરજીઓનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦–એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/
તા.     /૦૪/૨૦૧૬

ડે.કમિશનર (હે. અને હો.) અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.